# સુગંધનો છંટકાવ

## (ઈત્તરે અફશાં)

લેખક
અલ્લામા નસીરુદ્દીન 'નસીર' હુંઝાઇ

# સુગંધનો છંટકાવ

## (ઇત્તરે અફશાં)

عطر افشاں

લેખક

અલ્લામા નસીરુદ્દીન 'નસીર' હુંઝાઇ

□

અનુવાદક

અકબર હબીબ રાજન

પ્રકાશક

**ખાનાએ હિકમત–ઇદારાએ આરીફ**

3–A, નૂર વીલા, ૨૬૯, ગાર્ડન વેસ્ટ,

કરાચી–3.

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

This page Intentionally Left Blank

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# સુગંધનો છંટકાવ

# (ઈત્તરે અફશાં)ની

## અનુક્રમણિકા


૧. વિનંતી પત્ર (ગુઝારીશનામું)....................................૫

૨. નૂરાની સમય..................................................૧૦

૩. અકલે કુલ અને નફસેકુલ ....................................૧૬

૪. કુરાનની અઝમત અને અઝલ
તથા અબદની હકીકતો ........................................૨૧

૫. પાક કુરાનના ખજાના ........................................૨૯

૬. અઝલની કલ્પના અને ઈલાહી
સુન્નત (આદત).................................................૩૫

૭. ફરીશ્તાઓની મારફત..........................................૪૧

૮. બહેશ્તની મારફત..............................................૫૦

૯. હકીકી કાબાનો તવાફ ........................................૫૯

૧૦. નબી (અ.સ.)ના નૂરની મારફત (ઓળખ)...............૬૭

This page Intentionally Left Blank

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# વિનંતી પત્ર –
# (ગુઝારીશનામું)

બિસ્મીલ્લાહિર્રરહમા નિર્રહીમ

(૧) મારાં ખૂબ જ પ્યારાં સાથીઓ અને મિત્રો! આપણને સઘળાને, જેઓ પૂર્વ અને પશ્ચિમમાં અતીશય મહત્ત્વની અને પવીત્ર ઈલ્મી ખીદમતથી સંબંધ ધરાવે છે, પીગળી રહેલાં દીલ અને વહેતા અશ્રુઓ સહીત સીજદામાં જઈને, બક્ષણહાર અને મહેરબાન ખુદાની અનુપમ અને અનંત ન્યામતોનો આભાર માનવો જરૂરી છે, કેમકે તમો જોઇ રહ્યા છો કે તેના કેવા કેવા મહાન ઉપકારો થતા આવ્યાં છે. એવું ન થાય કે આપણે અલ્લાહતઆલાની રહેમતો તથા મહેરબાનીઓને આપણા પ્રયત્નો અને આપણી ખીદમત સમજી લઈએ, જોકે તેતો તેની મહેરબાનીઓ અને નવાઝીશો છે અને આપણે પોતે તો કંઇ પણ નથી, માટે પરવરદીગારે આલમની અસંખ્ય ન્યામતો અને તેના ઉપકારોને ઓળખવા અને આપણે કંઈ નથી તેનો અંદાજો કરવાનો નમૂનો એ છે કે જો આપણે આપણી કમજોર (નીચી) હસ્તી તથા હેસીયતનો સચ્ચાઇપૂર્વક તપાસ અને અવલોકન કરતાં આરંભ અને મુળસ્થિતિ તરફ ચાલ્યા જઇએ તો તે સંબંધે આપણે સૌથી પ્રથમ પોતાને કમજોર (નીચી કોટીના) નજરે પડશું પછી સૌથી ઊતરતી કોટીના અને તે પછી આપણી હસ્તીનો પત્તો જ નહીં ચાલે કે તેનાથી ચર્ચા કરી શકાય અને તેને "હું" અથવા "અમો" જેવું અહંમ (અના) ગણવામાં આવે. આ નમૂનાથી સ્પષ્ટપણે જણાય છે કે મૂળમાં આપણે કોઇ ખિદમતજ નથી કરી પણ થયું એમ છે કે આપણી મોટી નાદાની અને અતીશય અણસમજની સ્થિતિમાં તેના ઈનામો અને ઉપકારોને પોતાની ખિદમત સમજતા આવ્યા છીએ. તેમ છતાં તેની શાને કરીમી ઘણી જ અજીબો ગરીબ (હૈરત પમાડનાર) છે. એમ લાગે છે કે જાણે આપણી આ અકલની કમજોરીઓ અને બાળક જેવા (અપરીપકવ) વિચારો ઉપર તેનો સુક્ષ્મ સદાય વરસનારો પ્યાર હસી રહ્યો છે.

(૨) વહાલા મિત્રો! આપણે આપણી રૂહોને કઇ રીતે પ્રગતી કરાવી શકીએ છીએ? ખુદા, રસૂલુલ્લાહ (સ.અ.વ.) અને બરહક ઈમામ (અ.સ.)ની તાબેદારીથી, જમાતી ખિદમતથી, પવીત્ર સંસ્થાઓનું માન જાળવીને, હકીકી ઈલ્મ હાંસીલ કરીને, તેના પ્રકાશને ફેલાવીને, ઈબાદત, બંદગી, આજીઝી અને ચારીત્રને સુધારીને જાહેરી અને બાતિની પરહેઝગારીથી અને દેશ તથા કોમની સેવાથી. કારણકે દરેક મનુષ્યને પ્રગતી ગમે છે, તો આપણે પણ પ્રયત્ન કરી શકીએ છીએ અને દીન એજ શીખવે છે કે દરેક મનુષ્ય અમલના મેદાનમાં આગળ વધે.

(૩) ખાનાએ હિકમત અને ઈદારાએ આરીફને કુરાની હિકમતની ખિદમતના વિષયમાં નેક તૌફીક અને મદદ મળેલી છે તે કોઈ સામાન્ય વાત હરગીઝ નથી. મારે સાફ સાફ જણાવી દેવું પડશે નહિં તો ખયાનત થશે કે આ નૂરે ઈમામતના ઈલમી મોઅજીઝા છે અને હઝરત ઈમામ અલૈહીસ્સલામ હંમેશા આજ રીતે કામ કરતા રહ્યા છે, તમારે અહીં આ પ્રસંગે એ પણ જાણવું જોઈએ કે ખુદા હકીકી બાદશાહ છે, માટે તે જેમકે કુરાનમાં કહેલું છે તે મુજબ પોતાના ઘણા કાર્યોને ફરીશ્તા, રૂહ, પયગમ્બર, અને ઈમામ મારફત કરાવે છે પણ આ એક અજબ જોગાનુજોગ (ઈત્તેફાક) છે કે દુનિયાના મઝહબોનાં ઘણા લોકો આ દરજજાઓમાંથી ત્રણને તો માને છે પણ ઈમામને નથી માનતા જ્યારે કે ઈમામે મુબીનની પવીત્ર હસ્તીમાં લોકોના માટે સર્વકાંઇ મૌજૂદ છે.

(૪) રૂહાની અનુભવ કે અકીદો (માન્યતા) અંગત મામલો હોય છે પણ કુરાની ફિકરનું પરિણામ અને દરેક એવી વાત કે જે કુરાનના પ્રકાશમાં કહેવામાં આવી હોય તે સઘળા મુસલમાનોના માટે ધ્યાન આપવા લાયક બાબત હોયછે માટે અમારાં પ્રયત્નો દરેક વેળાએ એ જ હોયછે કે જે વાત હોવી જોઈએ તે કુરાને હકીમમાંથી હોય અથવા કુરાની હિકમત મુજબની હોય, અને આ બારામાં ઈન્શાઅલ્લાહ ભવિષ્યમાં આપણી સંસ્થાના કામો ઉપર સંશોધન થશે. દાખલા તરીકે આપણે ત્યાં સંશોધનના માટે ક્રાંતીકારી વિષયો આ છે:-

(૫) રૂહાની અનુભવો, રૂહ શું છે? ઈમામતની કલ્પના, કયામતની કલ્પના, અઝલની કલ્પના, સૃષ્ટિ (ઉત્પત્તી)ની કલ્પના, અંગત દુનિયા

(વ્યક્તિગત જગત), કણ (અણુ)નું જગત, અંબીયા (અ.સ.)ના ભેદ, ઈન્સાને કામીલ, કુરાની હિકમત, ઈબ્દા અને ઈમ્બીઆસ, તૌહીદ, નબુવત, ઈમામત, ખીલાફત, ઈન્સાની મહાનતા, સુક્ષ્મ શરીર, બહેશ્ત, ફરીશ્તા, સ્વપ્નનું જગત, ઝીકરે ઈલાહી, બ્રુશસ્કી શાયરી, અને બીજાં ઘણા વિષયો.

(૬) જમાતી ખિદમત પોતાની જગ્યાએ બેહદ જરૂરી છે અને તેની સાથે સાથે આપણાં બીજાં મુસલમાન ભાઈઓની પણ કંઈક ખિદમત થવી જોઈએ જેથી એજ હેતૂને નજર સમક્ષ રાખીને પુસ્તક "કુરાની ઈલાજ" લખાણી હતી અને તે ખુદાના ફઝલથી ઘણી સફળ થઈ. તમો સઘળા દુઆ કરો કે અમો વધુ કોઈ ખિદમત કરી શકીએ. અમો અમારામાં ઓછા ઈલ્મ હોવાના કારણે મર્યાદિત (બાબતો) વિચારતા હતા. પણ પાક અને પવીત્ર ઈમામ (અ.સ.) પોતાના વચન અને અમલથી બતાવી દીધું કે ઈસ્લામનું વર્તુળ કેટલું (વિશાળ) છે અને મુસલમાનોની એકતા (એકસંપી) કેટલી જરૂરી છે.

(૭) મને આ લખાણ લખતાં રૂહાની ખુશીઓની જબરદસ્ત લાગણી થઈ રહી હતી. એક દિવસ આ ખુશીઓના તોફાની આલમમાં મારાં હૃદયે મને કહ્યું કે આ પુસ્તકનું નામ "ઈતરે અફશાં" (સુગંધનો છટકાવ) હોવું જોઈએ કેમકે આમાં બહેશ્તના ફૂલોની અલગ અલગ સુગંધોનો એક (ફના ન થનાર) હંમેશા રહેનાર ખજાનો મોજૂદ છે. આ વાત વિચાર્યા વગરની હતી માટે મેં એને મોજીઝો ગણ્યો, તે છતાં મેં આ વિષે મારા મિત્રોથી સલાહ લીધી અને તેઓએ આ નામને ખૂબજ પસંદ કર્યું અને કહેવા લાગ્યા બેશક આ પુસ્તક "સુગંધનો છંટકાવ" અને ઈતરે બેઝ (સુગંધ ફેલાવનાર) છે. અમારાં લંડનનાં મિત્રો આ લેખોને ખાસ માવજત સાથે વાંચતા અને સાંભળતા હતા. પણ ઘણા લોકો (તેનો) તરજૂમો કર્યા પછી (સાંભળતા) અને તે પછી ખુદાની યાદ થતી હતી જેનાથી અમુક મિત્રો ઉપર ગીરીયાઝારીની કેફીયત સવાર થઈ જતી હતી અને અમુક લોકોનું તો શું કહેવું તેઓ તો મસ્ત થઈ જતા હતા અને હું પોતે (ખુશીના) અશ્રુ વહાવતો આનંદિત થઈ જતો હતો.

(૮) લંડનની ઈસમાઈલી જમાત કેટલાંય પ્રકારે ખુશનસીબ છે, કે અહીંથી ઈમામતનું કેન્દ્ર નજિક છે, અહીં મૌલાનું સૌથી મોટું ઈલ્મી

દફતર મોજૂદ છે અને પ્રખ્યાત ઈસ્માઈલી સેન્ટર (જમાત ખાનું) પણ અહીં છે. એ ઉપરાંત દુન્યવી રીતે લંડન એક એવું શહેર છે કે જેમાં ભૌતિક પ્રગતીની કોઈ ઓછપ નથી તેમ છતાં અહીં પણ મહેનતની સખત જરૂરત પડે છે અને તેના વગર અહીંયા કોઈ માણસ જીંદગી નથી ગુજારી શકતો.

(૯) આપણને દીનની સઘળી ન્યામતો ઉપર દીલની સચ્ચાઈથી ખુદાનો શુકર અદા કરવો જોઈએ કે અમારા લંડનના મિત્રોએ હઝરત ઈમામ અલૈહીસ્સલામના ઈલ્મના માટે ખૂબ મહેનતથી કામ કીધું છે. આ બારામાં પહેલાં કરતાં વધારે પ્રગતી થઈ છે. જ્યાં કોઈ વ્યક્તિને શંકાકુશંકા અથવા સવાલ ઉદ્‌ભવે છે ત્યાં તેને એક પુસ્તક આપવામાં આવે છે જેના મારફત તે સંતુષ્ઠ થઈ જાય છે અને હું સમજું છું કે દરેક ઠેકાણે આવું થઈ રહ્યું છે. અલહમ્દોલિલ્લાહે રબ્બીલ આલમીન, પસ્તકોના અંગ્રેજી તરજુમાનું કામ ચાલી રહ્યું છે. બીજા નંબર ઉપર ફ્રેંચ તરજુમો છે અને હવે જર્મન ભાષામાં પણ તરજુમો કરવા માટે એક સદ્‌ભાગી પૂત્રીએ પોતાની ખિદમત રજૂ કરી છે.

(૧૦) કુરઆનેહકીમ એ હઝરત પયગમ્બર સલ્લલ્લાહો અલૈહીવસલ્લમનો પ્રથમ, અને બરહક ઈમામ બીજો મોજીઝો છે અને એજ મારૂં ઈમાન છે. હવે વિચારવાની અને કોઈ તર્કવાળા પરિણામ સુધી પહોંચવાની વાત છે કે ચોક્કસપણે આ બંને અકલી મોજીઝાઓ છે જેમાંથી એક ખામોશ છે અને બીજો બોલે છે. એક તમારી પાસે છે અને બીજો દૂર, પરંતુ તમો આ બેઉને કેમ મેળવશો? અલ્લાહતઆલાએ આ બેઉને સદાને માટે મેળવીને રાખ્યા છે અને તેથી જ ખુદાના રસૂલે ફરમાવ્યું કે "વ લંયતફર્રકા હત્તા યરીદા અલલ હૌઝ" અર્થ: અને આ બેઉ હરગીઝ એક બીજાથી અલગ નહીં થશે, ત્યાં સુધી કે હોજે કૌસર સુધી પહોંચી જાય. તમોએ જોયું કે જ્યાં કુરાન છે ત્યાં ઈમામ પણ છે અને જે ઠેકાણે ઈમામ (અ.સ.) છે તે ઠેકાણે કુરાન પણ છે. માટે હઝરત પયગમ્બર (સ.અ.સ.)ના આ બેઉ મોજીઝાથી હું અતી ઉત્કંઠાપૂર્વક મારાં ખાનદાન સહીત કુરબાન થઈ જાઉં! શું તમોએ આ હદીસની હિકમતમાં ક્યારેય વિચાર કર્યો હતો? જો નહીં તો હવે વિચાર કરો (કૌકબે દુર્રી પાના નંબર ૧૭૩, મનકબત ૮૩).

(૧૧) મોજીઝો પોતાની જબરદસ્ત શક્તિથી કોઈને મજબૂર નથી કરતો બલ્કે તે તો દરેક જાણના જ્ઞાન, અમલ અને ઈશ્ક મુજબ કામ કરતો રહે છે. તમો આ વાતને મામૂલી ન સમજો એમાં ઘણા સવાલોના માટે તર્ક (Logic) પ્રમાણેના જવાબો મૌજૂદ છે દાખલા તરીકે લોકો પૂછશે કે જો ઈમામ મોજીઝો છે તો ફલાણું ફલાણું કામ કરીને બતાવે? એનો જવાબ એ છે કે ભાઈ! કુરાન અને ઈમામ ઈંદ્રીયો સંબંધીના એવા મોજીઝા નથી કરતા. જો તમો સમજો છે કે કરે છે તો પહેલે કુરાને પાકથી એ મોજીઝો કરાવીને જુઓ, સ્પષ્ટ છે કે તે આ કામ નહીં કરશે કેમકે કુરાને હકીમ અને ઈમામે મુબીન બેઉ મળીને અકલી મોજીઝાઓ કરતા રહે છે અને અકલી મોજીઝાઓને જોવા માટે હૃદયની આંખો એટલેકે બસીરતની જરૂરત હોય છે.

(૧૨) હવે છેવટમાં પૂર્વ અને પશ્ચિમના સઘળા મિત્રોના તરફથી અને મારા પોતાના તરફથી ચેરમેન અમીન કોટડીયા અને સેક્રેટરી મરીયમ કોટડીયાને મુબારકબાદ આપીએ છીએ કે તેમણે પોતાના મહેબૂબ ઈમામ (અ.સ.)ના પ્યારા ઈલ્મનો પ્રકાશ ફેલાવવા માટે ઘણી મોટી ખિદમત કરેલ છે, દુઆ છે કે પરવરદિગાર પોતાના ભંડારો અને પોતાની મદદથી તેમને અને સઘળા માનવંત સભ્યોને નવાઝતા રહે! અને બેઉ જગતની સફળતા અને ઉન્નતી અર્પણ કરે! આ પ્રસંગે શુકરગુઝારી ઉપર આપણા અમેરીકાના મિત્રો પણ યાદ આવે છે જેઓ બરહક ઈમામના ઈલ્મના આશીક છે. ખુદાવંદ આલમીન તેમની દરેક નેક ઉમેદો પૂરી કરે.

(૧૩) ઈન્શાઅલ્લાહ, હું ફરીથી પાકીસ્તાન પહોંચીને તરતજ પ્રમુખ ફતેહઅલી હબીબ અને પ્રમુખ મહંમદ અબ્દુલ અઝીઝને દરખાસ્ત કરીશ કે તેઓ ચેરમેન અમીન કોટડીયા (લંડન) અને ચેરમેન નુરદીન રાજપારી (અમેરીકા)ને તેમના સદ્કાર્ય માટે એક એક પત્ર લખે. હું પ્રમુખ ગુલામ કાદીર (ગીલ્ગીટ) અને ચીફ એડવાઈઝર ખાન મહંમદ (કરાચી)ને પણ આ કામ માટે વિનંતી કરીશ.

**નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**

*લંડન*

*૬ રબ્બીઉસ્સાની ૧૪૦૮*

*૨૮ નવેમ્બર ૧૯૮૭*

☆☆☆☆

# નૂરાની સમય

(૧) નૂરાની વખતનો વિગતવાર ઉલ્લેખ સુરહ મુઝમ્મીલમાં મોજૂદ છે. તે એ રીતે છે કે રાત્રીની લંબાઇ જેવી પણ હોય તે મુજબ રાત્રીના ત્રણ અથવા બે ભાગ કરવામાં આવે છે માટે જો કોઇ મોમીન નિંદ્રાથી જાગી જઇને રાત્રીનો લગભગ બેતૃતીયાંશ (૨/૩) ભાગ ઝીકરે ઈલાહીમાં વિતાવે છે તો તે નૂરાની વખતને પામવાના માટે પ્રથમ દરજ્જાની તૈયારી છે. જો આ અમલ અર્ધી રાતથી શરૂ કરે છે તો બીજા દરજ્જાની તૈયારી છે અને જો તે રાત્રીના ફક્ત છેલ્લા ત્રીજા ભાગને બંદગીમાં ગુજારે છે તો તે ત્રીજા દરજ્જાની તૈયારી છે તેમ છતાં કેટલીય બીજી શરતો પણ છે જેનું પુરૂં કરવું બેહદ જરૂરી છે.

(૨) રાત્રી-દિવસના સઘળા કલાકો અને સઘળા સંજોગોમાં અલ્લાહ તબારક વ તઆલાને યાદ કર્યા વગર નતો ઝીકરે કસીર (પુષ્કળ ઝીકર કરવા)ની (૩૩/૪૧) આજ્ઞા ઉપર અમલ થઇ શકે છે અને ન તો નવાફીલ એટલે કે વધારાની ઈબાદત મારફત (ખુદાની) નજદીકી શક્ય છે પરંતુ આ ખુદાઇ હુકમની ખૂબી સાથે એ પણ એક કુરાની હકીકત છે કે દિવસના પ્રમાણમાં રાત્રીની ઈબાદત ઘણી મોટી મહત્ત્વતા ધરાવે છે. (૭૩/૬) અને રાત્રીની સફળતાનું કેન્દ્ર નૂરાની સમય છે જે ઈબાદત દરમ્યાન કોઇ પણ તબક્કે સામે આવી શકે છે.

(૩) એક હદીસે કુદ્સીમાં અલ્લાહતઆલનું આ ફરમાન છે કે "મેં મારા બન્ને હાથો વડે (નિરંતરપણે) ચાલીસ દિવસ સુધી દરેક સવારે આદમના સાંચા (પૂતળા)ની માટીને ગુંદી છે." સ્પષ્ટ છે કે આનો હેતૂ હઝરત આદમ (અ.સ.)ની રૂહાની રચના (ઉત્પતી) કરવાનો છે જે પોતે હઝરત આદમ (અ.સ.)ની એકધારી ઝીકર-ઈબાદતનું પરિણામ હતું. ખાસ કરીને એ વખતની ઈબાદતનો કે જે પાછલી રાત અને વહેલી સવારમાં કરતા હતા, જેમાં નૂરાની વખત છુપાયેલો હોય છે.

(૪) કુરાનની ભાષા કે જે અરબી છે તે અજીબો ગરીબ અને મહાન હિકમતોથી ભરેલી છે જેના એક દાખલા માટે શબ્દ "મીસ્બાહ" ને ઈસ્મે આલા લઈ લ્યો કે જે "સુબ્હ" એટલે સવાર સંબંધે એક કારણરૂપ નામ (instrumentive noun) છે એટલે કે દીવો કે જે સુબ્હે સાદિક (વહેલી સવાર)ની જેમ પ્રકાશ ફેલાવે છે હવે આ હિકમતભરપૂર શબ્દને કુરાનની તે આયતમાં જુઓ કે જે સઘળી આયતે નૂરના માટે કેન્દ્રીય અને મૂળભૂત મહત્ત્વતા ધરાવે છે. એ મુબારક આયત આમ છે. "અલ્લાહો નુરૂસ્સમાવાતી વલ અર્ઝે મસ્લુ નૂરહી મીશ્કાતીન ફીહા મિસ્બાહ." (૨૪/૩૫). ખુદા તો સઘળા આસમાનો અને જમીનોનું નૂર છે. તેના નૂરની ઉપમા એવી છે કે જેમ એક ગોખલો છે જેમાં એક પ્રકાશિત દીવો હોય. હવે અહીં જો કોઈ સમજદાર માણસ એ સવાલ કરે કે ખાસ બંદગી અને નૂરના અનૂભવના માટે કયો વખત વધારે વ્યાજબી છે? તો એનો જવાબ શબ્દ "મિસ્બાહ"થી એ આપવામાં આવશે કે આ મહાન અમલના માટે સવારનો વખત નક્કી કરેલો છે. પરંતુ પોતાને (એ માટે) તૈયાર કરવાને માટે ઘણું જલ્દી જાગવું પડશે.

(૫) "મિસ્બાહ"નો મતલબ છે (પરોઢિયાનું) સુબ્હનું હથિયાર એટલે કે સૂર્ય અને દીવો. કેમકે સવાર એટલે કે પરોઢિયાનું હથિયાર સૂર્ય જ છે તેમ છતાં એ પણ સત્ય છે કે અરબી ભાષાના રિવાજમાં મિસ્બાહ દીવાનું નામ છે અને એ વાત પણ વ્યાજબી છે કે તે સૂર્ય અથવા દીવો કે જે નૂરે ઈલાહીની ઉપમા છે (તે) પયગમ્બર (સ.અ.સ.) અને ઈમામ (અ.સ.) છે કેમકે કુરાન આજ પવીત્ર હસ્તીઓને નાઝીલ થયેલ નૂર ગણાવે છે. (૫/૧૫) અને ફરમાવવામાં આવ્યું છે કે ખુદાનું નૂર (જે નાઝીલ કરવામાં આવ્યું છે તે) બુઝાવી નથી શકાતું. (૯/૩૨, ૬૧/૮) એ સિવાય આ મુદ્દો પણ નોંધનીય છે કે હઝરત પયગમ્બર સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વ સલ્લમ શાબ્દિક રીતે પ્રકાશિત દીવો અને અર્થમુજબ ચમકતો સૂર્ય છે કેમકે ખુદાએબુઝુર્ગ વ બરતરનો દીવો એ જગતભરને પ્રકાશિત કરનાર સૂર્યના જેવો જ હોય છે જેમકે સુરહ નબા ૭૮ની આયત ૧૩માં સૂર્યને પ્રકાશિત દીવો કહેવામાં આવેલ છે.

(૬) "અસ્બહતુમ"ના બે અર્થો છે, "તમોએ સવાર કીધી," "તમો

થઈ ગયાં" જેમકે ફરમાવેલું છે (૩/૧૦૩) "અને ખુદાની ન્યામતોને યાદ કરો જે તમોને અર્પણ કરવામાં આવી, જ્યારે તમો એકબીજામાં દુશ્મનો હતા, તો ખુદાએ તમારાં દીલોમાં મહોબ્બત પૈદા કરી દીધી તો તમો તેની ન્યામત થકી એકબીજામાં ભાઈ ભાઈ થઈ ગયા" એટલે કે તમોએ એવી સ્થિતિમાં સવાર કીધી (અથવા સવારના સમયમાં દાખલ થયા) કે તમો એકબીજામાં ભાઈ ભાઈ થઈ ગયા હતા. આમ આ હુકમમાં સુબ્હ એટલે કે સવારનો ઉલ્લેખ એ માટે છે કે સવારના એટલે કે પરોઢિયાના સમયની ખાસ બંદગીના પછી નક્કી કરેલાં કામોનો આરંભ થાય છે અથવા તે માટેની લાગણી થાય છે જેમકે સુરહ બની ઈસરાઈલમાં છે "ચોક્કસપણે, સવારની (પરોઢિયાની) બંદગી મુશાહેદા-તજરબા અનુભવનું કારણ હોય છે." (૧૭/૭૮)

(૭) સવાબ હોય કે અઝાબ, આ ઘણું કરીને સવારના બને છે (૧૧/૮૧, ૫૪/૩૪) એ જ કારણ છે કે કુરાને મજીદે તે મોમીનોના વખાણ કર્યા છે કે જે પરોઢિયાના સમયે તૌબા કરે છે અને માફી માંગે છે. (૫૧/૧૮, ૩/૧૭) કેમકે તૌબા કબૂલ કરનાર અને માફી આપનાર ખુદા તેની રહેમતે અમીમ (સર્વ માટેની રહેમતથી) નૂરાનીયતના વખતે તેમની તૌબા અને મગફીરતની દુઆ કબૂલ ફરમાવે છે જ્યારે કે પરોઢ થવાનો એટલે કે ફજરના આરંભ થવાનો સમય રહેમતો, બરકતો અને બક્ષીશોનો વખત હોય છે.

(૮) કાદીરે મુત્તલક (સર્વ શક્તિમાન) ખુદા પોતાના દરેક કાર્યને કુન (થઈ જા)ની આજ્ઞાથી પળવારમાં પૂર્ણ કરી દચે છે. (૪૦/૬૮, ૩/૫૯) પછી એનું શું કારણ છે કે અલ્લાહતઆલાએ આદમના જીસ્મ (પૂતળા)નો ગારો (ગુદેલી માટી) ચાલીસ સવારમાં તૈયાર કીધો? આ અસલમાં હઝરત આદમ અલૈહીસ્સલામની ખાસ ઈબાદત અને તેના પરિણામે રૂહાની રચના અને તેના પૂર્ણ થવાનો અમલ છે, પરંતુ તેના વસીલાઓ (સાધનો) ખુદાવંદતઆલાના તરફથી હતા માટે એ ખુદાનું કામ ગણાયું, અને આવા બીજાં ઘણાં દાખલાઓ છે. યાદ રહે કે હઝરત આદમ (અ.સ.)ની ચાલીસ સવાર, હઝરત મૂસા (અ.સ.)ની ચાલીસ રાત્રી (૭/૧૪૨, ૨/૫૧) અને હુઝુરે અકરમ (હ: પયગમ્બર સાહેબ) (સ.અ.સ.)ની ગારે હીરાની રાતો એક જ સુન્નતે ઈલાહી મુજબ નૂરાનીયતની પ્રાપ્તીના માટે નક્કી હતી.

(૯) ઈન્સાનને જ્યારે પણ કસમ ખાવાની જરૂરત પડે છે તો તે પોતાથી મોટી અને પવીત્ર વસ્તુઓની કસમ ખાય છે, પરંતુ ખુદાતઆલાથી કોઈ વસ્તુ વધીને નથી માટે ખુદાતઆલા એવી વસ્તુઓની કસમ ખાય છે કે જે તેના હિસાબે અથવા તેની નજરમાં પવીત્ર અને બરકતવંતી હોય છે જેમકે સુરહ મુદ્દસ્સીરમાં છે "સાંભળી લ્યો, (અમને) કસમ છે ચંદ્રની અને રાતની જ્યારે કે તે વિદાય થાય છે અને કસમ છે પ્રભાતના સમયની જ્યારે કે તે પ્રકાશી ઊઠે (૭૪/૩૪). આમાં મોટી અજબ પ્રકારની હિકમત છુપાયેલી છે કે પૂરી રાતની કસમ નહીં પરંતુ તે ભાગની કસમ છે કે જે સવાર અથવા પ્રભાતના નજિક છે જેનો દાખલો આ લાઈનથી સ્પષ્ટ છે :

| | | |
|---|---|---|
| | કસમ | કસમ |
| રાત | છેવટનો ભાગ | પ્રભાત |

આ પ્રમાણે ચોક્કસપણે આ નૂરાની સમય છે. આજ અર્થ સુરહ તકવીરમાં પણ છે. "અને રાતની કસમ જ્યારે કે તે વિદાય થાય છે, અને પ્રભાતની કસમ જ્યારે કે તે પ્રકાશવા માડે છે." (૮૧/૧૭-૧૮) આ પરથી તમો સારી રીતે અંદાજો લગાવી શકો છો કે પાછલી રાતની ઈબાદત શા માટે જરૂરી છે.

(૧૦) જો કે ઈલાહી નજદીકી પ્રાપ્ત કરવાના માટે રાત્રિ-દિવસની એકત્રિત ઈબાદતો જરૂરી છે તેમ છતાં રાત્રિની બંદગી તેથી પણ વધુ જરૂરી છે અને નૂરાની વખતની ઈબાદત તો સૌથી વધારે જરૂરી છે જેનું કારણ સુબ્હે અઝલ એટલે કે હમેશનું પ્રભાત છે. તેમાં એક નૂર ઉદય થયું હતું અને સદા ઉદય થતું રહે છે કેમકે અઝલને અતીશય દૂરનો ભૂતકાળ સમજવું એ ભૂલ છે, જ્યારે કે તે સમય ન વિતનાર છે અર્થાત તે રોકાઈ ગયેલો સમય છે અને આમ દુન્યવી પ્રભાતની ઈબાદત સુબ્હેઅઝલની કલ્પના અને ભેદોને પામવાને માટે છે કેમકે ખુદાની ઓળખ એજ ભેદોમાં છુપાયેલી છે.

(૧૧) રસુલે ખુદા સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસલ્લમને જ્યારે રૂહાની રીતે મએરાજ થઈ તો તે અલબત્ત રાત્રિના નૂરાની સમયમાં જ થઈ હતી કે જેની ખુદાએ કસમ ખાધી છે, તે પાછલી રાતથી લઈને પ્રભાત સુધીનો સમય હોઈ શકે છે, કેમકે હિકમત ભરપૂર અને બરકતવંતો સમય એજ છે જેમકે સુરહ મુઝમ્મીલમાં ફરમાવેલુંછે, જેનો નકશો નીચે મુજબ બને છે :

ઈબાદતનો આરંભ અર્ધી રાત્રી

રાત્રિ  ૧

ઈબાદતનો આરંભ

રાત્રિ  ૨

ઈબાદતનો આરંભ

રાત્રિ  ૩

ઈબાદતનો આરંભ

રાત્રિ  ૪

અર્ધી રાત્રિ

૧ થોડીવાર સુઈને બાકી પૂરી રાતમાં અલ્લાહતબારક વ તઆલાની યાદ કરવી.

૨ અર્ધી રાત્રિથી બંદગીનો આરંભ કરવો.

૩ અર્ધી રાત્રિ પછી ઈબાદત શરૂ કરવી.

૪ અર્ધી રાત્રિથી પહેલાં ઝીકે ખુદાવંદીનો આરંભ કરવો. (૭૩/૧-૪)

ઈબાદતનો આરંભ

રાત્રિ  ૫

ઈબાદતનો આરંભ

રાત્રિ  ૬

ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

ઈબાદતનો આરંભ

રાત્રી



૭

(૫) રાતનો બેતૃતિયાંશ ૨/3 ભાગ ખુદાની યાદમાં વિતાવવો.

(૬) અર્ધી રાતને ખુદાની ઈબાદતમાં વિતાવવી.

(૭) રાત્રિનો એક તૃતિયાંશ ૧/3 ભાગ ઈબાદત કરવી. ૭૩/૨૦.

**નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**

*લંડન – ૩૦ ઓકટોબર ૧૯૮૭*

☆☆☆

ISWLS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# અકલે કુલ અને નફસે કુલ

**(૧) કલમ અને શાહીનો ખડીયો:-** સુરહ કલમમાં બારીતઆલાનું ફરમાન છે "કસમ છે નૂન (અર્થાત ખડીયા) અને કલમની અને કસમ છે તે વસ્તુની કે જે લખે છે (૬૮/૧) આ પ્રમાણે ખડીયો અઝલના મુકામ પર નફસે કુલ છે, કલમ અકલે કુલ અને તે વસ્તુઓ જે લખવામાં આવે છે તે કલીમાએ બારી (ખુદાના શબ્દ) છે અને અક્કલના પ્રદર્શનના ઈશારાઓ છે.

**(૨) અર્શ અને કુરસી:** પરવરદીગારે આલમનું ફરમાન છે "અને તમારા પરવરદીગારના અર્શને તે દિવસે આઠ ફરીશ્તાઓએ પોતાના માથા ઉપર ઉપાડેલું હશે" (૬૯/૧૭) તે આઠ ફરીશ્તાઓનો અર્થ છે નફસે વાહીદા (વાહીદા એટલે કે એક માત્ર) કે જે કુરસી પણ છે અને નફસે કુલ્લી પણ, જેમાં આઠ મહાન ફરીશ્તાઓની એકતા છે કેમકે તેઓ નુરૂન અલા નૂરના સિદ્ધાંત મુજબ આઠ પણ છે અને એક પણ. અર્થાત હઝરત આદમ (અ.સ.), હઝરત નૂહ (અ.સ.), હઝરત ઈબ્રાહીમ (અ.સ.), હઝરત મૂસા (અ.સ.), હઝરત ઈસા (અ.સ.) હઝરત મુહમ્મદ (અ.સ.), હઝરત કાયમ (અ.સ.) અને હ. કાયમના ખલીફા.

**(૩) આદમ અને હવ્વા:-** કુરાને મજીદમાં ફરમાવેલું છે કે "તેણે જ તમો સઘળાને એકજ શખ્સથી પેદા કર્યા પછી તેનાથી તેની પત્નીને પેદા કરી (૨૯/૬) આ અવ્વલ એટલે કે સર્વ પ્રથમ અકલે કુલ અને નફસે કુલ છે અને પછી આદમ અને હવા છે.

**(૪) બે દરિયાઓનો સંગમ:-** બે દરિયાઓના મેળાપનો મુકામ, સંગમ, એટલે કે અકલે કુલ અને નફસે કુલનો મેળાપનો અથવા સંગમનો મરતબો જેમાં એ બેઉ ગોહર એટલે કે બન્ને મોતી મળીને કાર્ય કરે છે અને એજ તે બે વિશાળ સમુદ્રો છે જેનાથી સુરહ રહેમાન (૫૫/૧૯-૨૨)ના ફરમાન મુજબ હંમેશા ઈલ્મો-હિકમતના મોતી અને મોંગા (પરવાળા) નીકળતા રહે છે અને હઝરત મૂસા (અ.સ.)નો એ કીસ્સો કે જે સુરહ કહફ (૧૮/૬૦-૮૨)માં છે તે એજ સંગમ સુધી પહોંચી જાય છે.

**(૫) લોહ અને કલમ:–**સુરહ તૂર (૫૨/૧-૩)માં છે કે "પહાડની કસમ અને તે પુસ્તકની (કસમ) કે જે વિશાળ પાનાઓ ઉપર લખાયેલ છે" પર્વત અથવા તૂરનો મતલબ ગોહરે અકલ (અકલનું મોતી) છે કે જે કલમ છે અને લખેલું પુસ્તક નફસે કુલ્લી છે કે જે લોહે મહેફૂઝ (સુરક્ષિત તખ્તી) છે જે વિશાળ રૂહાની પાનાઓમાં છે.

**(૬) રહેમત અને ઈલ્મ:–** સુરહ મોમીન (૪૦/૭)માં અર્શને ઉપાડનારના શબ્દોમાં ફરમાવેલું છે કે "પરવરદીગાર! તારી રહેમત અને તારૂં ઈલ્મ સઘળી વસ્તુઓ ઉપર ફેલાયેલાં છે" એટલે કે કોઈ વસ્તુ રહેમત અને ઈલ્મના વગર નથી અને આમ કાયનાત તથા તેની સઘળી વસ્તુઓ રહેમતના સમુદ્ર (નફસે કુલ્લી) અને ઈલ્મના સમુદ્ર (અકલે કુલ્લી)માં ડૂબેલી છે.

**(૭) હીદાયત અને રહેમત:–** હીદાયતનો સૂર્ય અકલે કુલ છે અને રહેમતનું મૂળ નફસે કુલ છે, એજ કારણ છે કે કુરાનની ઘણીખરી આયતોમાં એકત્રિત રીતે હીદાયત અને રહેમતનો ઉલ્લેખ આવેલો છે, જેમકે સુરહ યુસુફના છેવટમાં ફરમાવેલું છે "અને ઈમાનદારોના માટે હીદાયત અને રહેમત છે." (૧૨/૧૧૧)

**(૮) પુસ્તક અને હિકમત:–** પુસ્તક અને હિકમત હોય કે ઈલ્મ અને હિકમત હોય તેમાં પ્રથમ અકલે કુલ્લીનો ઉલ્લેખ છે તેના પછી નફસે કુલ્લીનો એ જ રીતે ઈલ્મમાં નાતિકની તરફ ઈશારો છે અને હિકમતમાં અસાસની તરફ જો કે આ બે રૂહાની અને બે જીસ્માની ફરીશ્તાઓ એક બીજાનું પ્રતિનિધિત્ત્વ પણ કરે છે.

**(૯) હીદાયત અને નૂર:–** જો એકજ આયતે કરીમામાં પ્રથમ હીદાયત અને પછી નૂરનો ઉલ્લેખ હોય તો હીદાયતનો સંબંધ અકલે કુલ અને નાતિકથી હશે અને નૂરનો સંબંધ નફસે કુલ અને અસાસથી માટે તૌરાત (૫/૪૪) ઈન્જીલ (૫/૨૬) અને કુરાન (૨૪/૩૫)માં જેટલી હીદાયતો છે તે સઘળી નૂરની તરફ જાય છે.

**(૧૦) કુરાને કરીમ અને કિતાબે મકનુન (ગુપ્ત પુસ્તક):–** કરામતવાળું કુરાન એટલે કે ગુપ્ત પુસ્તક અકલના મોતીમાં છુપાયેલું છે અને તે મોતી નફસે કુલ્લીમાં છુપાયેલું છે જેને ફક્ત તે માનવંત હસ્તીઓ

જ અડી શકે છે કે જેમને ખુદાએ પવીત્ર કરી દીધી છે. (૫૬/૭૭-૭૯) અને આ મુબારક આયતમાં પણ એજ અર્થ છે. (૮૫/૨૧-૨૨) અર્થ:-બલ્કે તે તો કુરાને મજીદ છે કે જે લોહે મહેફૂઝમાં છુપાયેલું છે.

<u>(૧૧) ખુદાનો ચહેરો:-</u> "તેના ચહેરા સિવાય દરેક વસ્તુ ફના થઇ જવા વાળી છે." (૨૮/૮૮) અર્થાત કાયનાત (૨૧/૧૦૪) અને સૂર્ય (૮૧/૧)ને લપેટી લેવામાં આવે છે અને તે ખૂરશીદે અકલ (અકલનો સૂર્ય) નફસે કુલ્લી (ખુદાના ચહેરા)ના પશ્ચિમમાં ડૂબી જાય છે અને નફસે કુલ્લીનું જાહેરીરૂપ ઇમામે મુબીન છે.

<u>(૧૨) સીદ્રતુલ મુંતહા:-</u> તે બોરડીનું ઝાડ જેના ઉપર રૂહાની મુસાફરી અંત પામે છે તેનો અર્થ છે નફસે કુલ્લી અને એ ઝાડ જે વસ્તુને છુપાવી રહ્યું હતું તે હતું ગોહરે અકલ એટલે કે અકલનું મોતી. (૫૩/૧૪-૧૬)

<u>(૧૩) ઝૈતુનનું વૃક્ષ:-</u> ઝૈતુનનું એ મુબારક વૃક્ષ જે ન તો પૂર્વનું છે અને ન તો પશ્ચિમનું બલ્કે તે સમગ્ર કાયનાત ઉપર ફેલાયેલું છે જેનો અર્થ છે નફસે કુલ્લી અને તે વૃક્ષના તેલથી જે દીવો પ્રકાશિત થયેલ છે તે અકલે કુલ્લી છે અને નૂરૂન અલા નૂરનો અર્થ છે અકલના સૂર્યનું એક ઉદ્દય પછી બીજું ઉદ્દય થઇ જવું.

<u>(૧૪) કુરાન અને ઇન્સાન:-</u> સુરહ રહેમાનના આરંભ (૫૫/૧-૨)માં ફરમાવેલું છે તે પ્રમાણે શબ્દ "કુરાન"નો ઇશારો અકલે કુલ્લની તરફ છે એ "ઇન્સાન"નો અર્થ છે નફસે કુલ્લ, કેમકે અલ્લાહતઆલાએ એ બેઉ મહાન ફરીશ્તાઓમાંથી પહેલાંને તન્ઝીલ અને બીજાને તાવીલ (વર્ણન) શીખવાડ્યું છે.

<u>(૧૫) યદેબેઝા (સફેદ હાથ)નો ચમત્કાર:-</u> અકલે કુલ અને નફસે કુલ સુધી મહાન અંબીયાઓ અલૈહીમુસ્સલામની પહોંચ હોય છે અને હઝરત મૂસા (અ.સ.)ના ઇલ્મી મોજીઝા (ચમત્કાર)નો એ હાલ હતો કે જાણે કે તેઓ મોતી વિખેરી દેતા હતા અને હાથમાં તે મોતીઓને ઉપાડીને દેખાડતા પણ હતા, અને આ અમલનું નામ સફેદ હાથ છે. (૨૬/૩૩)

<u>(૧૬) આકાશ અને ધરતીનું એક સાથે હોવું અને અલગ અલગ હોવું:-</u> સુરહ અંબીયા (૨૧/૩૦)માં ફરમાવેલું છે કે "આકાશ તથા પૃથ્વી બેઉ એકબીજામાં મળેલા હતા પછી તે બંન્નેને અમોએ અલગ કર્યા અને

અમોએજ દરેક જીવવાળી વસ્તુને પાણીથી પેદા કીધી." અર્થાત, અકલનો સૂર્ય નફ્સે કુલના પશ્ચિમમાં ડૂબેલો હતો તે ત્યાંથી ખુદાના હુકમથી ઊદય પામી ગયો અને અકલી દુનિયાની દરેક વસ્તુ ઈલ્મના પાણીથી જીવંત થઈ જાય છે.

**(૧૭) આઠ બહેશ્ત:-** અકલે કુલ્લી અર્શ છે અને નફ્સે કુલ્લી અર્શને ઉપાડનાર. પરંતુ તે આઠ મહાન ફરીશ્તાઓનું જોડાણ છે. અને એ અર્થમાં અર્શને ઉપાડનારા આઠ છે અને એ જ આઠ ફરીશ્તાઓ આઠ બહેશ્ત પણ છે એટલે કે છ નાતિક કે જેમાં સઘળા અંબીયાઓ એકઠા છે, હઝરત કાયમ (અ.સ.) કે જેની હસ્તીમાં સઘળાં ઈમામો એક છે અને કાયમનો ખલીફા (વારસદાર), આ આઠ બહેશ્ત છે. અને બહેશ્ત સૌથી મોટી રૂહ અને સૌથી મોટી અકલની સાથે છે.

**(૧૮) ખીલાફતે માઅનવી (રૂહાની ખીલાફત):-** સુરહ નૂરની આયતે ઈસ્તીખીલાફ (વારસાગતવાળી આયત) ૨૪/૫૫)માં ધ્યાનપૂર્વક અને અંતરની આંખો વડે દ્રષ્ટિ કરવી જરૂરી છે કે જેથી ખબર પડી શકે કે આ ખીલાફત કઈ છે? અને તે ધરતી કઈ છે જેની ઉપર એકી વખતે ઘણાબધા નેક, સદ્ગૂણી મોમીનોને ખીલાફત અર્પણ થશે? શું આજ એક ધરતી છે જેની ઉપર લોકો વસી રહ્યા છે? નહીં, ધરતી તો ઘણી છે, કેમકે દરેક માણસ એક વ્યક્તિગત જગત છે જેમાં તેની શક્તિ મુજબ સૌથી મોટું આકાશ અકલે કુલ્લી છે અને સૌથી વિશાળ ધરતી નફ્સે કુલ્લી (૩૯/૧૦, ૨૯/૫૬, ૪/૯૭).

**(૧૯) આદમની ખીલાફત:-** હઝરત આદમ અલૈહીસ્સલામની રૂહાની ખીલાફત નફ્સે કુલ્લીમાં ચાલતી હતી અને જાહેરી અથવા ભૌતિક ખીલાફત પૃથ્વીના ગ્રહ ઉપર એટલે કે આ ધરતી ઉપર. અને તેઓ એજ ઊચ્ચ મરતબામાં ફરીશ્તાઓને હકાઈકે અશીયા એટલે કે વસ્તુઓની હકીકતની કેળવણી દેતા હતા. યાદ રહે કે ખુદાના ખલીફામાં સઘળા ગૂણો અને કમાલીયત મોજૂદ હોય છે.

**(૨૦) ઈમામ અને ઈમામત:-** કુરાને હકીમમાં ખલીફા શબ્દનું બીજું સમાન અર્થ નામ "ઈમામ" છે જેના બહોળા અર્થ એટલે કે જેની ઊંડાણ તફસીર વિષે પુસ્તક ઈમામ શનાસીમાં લખવામાં આવ્યું છે તેમ

છતાં અહીં તે વિષયમાં બે શહાદતો (સાક્ષી) જરૂરી છે. પ્રથમ એ કે ઈમામનો ઉલ્લેખ સુરહે યાસીન કે જેને કુરાનનું દીલ ગણવામાં આવે છે તેમાં થયો છે અથવા એમ સમજી લ્યો કે જે સુરહમાં ઈમામના સિદ્ધાંતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે (સુરહ)નું નામ એજ કારણે કુરાનનું દીલ પડયું છે. અને શબ્દ ઈમામનો અતીશય વિશાળ અર્થ ધરાવનાર બીજી શહાદત આ સિદ્ધાંત છે "વ કુલ્લ શૈયીન અહ સૈનાહુ ફી ઈમામીમ્મુબીન." (૩૬/૧૨) અને દરેક વસ્તુનો સમાવેશ જાહેર ઈમામમાં કરવામાં આવેલ છે. સમાવેશ કરવાનો અર્થ પોતે કુરાને હકીમના મુજબ આમ છે:

"આકાશ અને ધરતીને લપેટી લેવું" (૩૯/૬૭, ૨૧/૧૦૪) બેઉ જગતની કદર અને કિંમતોને એકત્ર કરીને ખજાનો બનાવવો." (૧૫/૨૧) કાયનાત અને તેમાં રહેલી દરેક વસ્તુને એક મહાન વૃક્ષ ઝૈતૂનનું સ્વરૂપ દઈને તેના તેલથી એક દીવો પ્રકાશિત કરી દેવો. (૨૪/૩૫) પાક ઈમામના વ્યક્તિગત જગતમાં કાયનાતે અકબરના સુક્ષ્મ સ્વરૂપને સમાવી દેવું. (૫૧/૨૦-૨૧). બરહક ઈમામને વિશ્વવ્યાપી આમાલનામું બનાવી દેવો (૪૫/૨૮-૨૯). પવીત્ર ઈમામને અકલે કુલ, નફસે કુલ અને લતીફ જીસ્મે કુલ એટલે કે વિશ્વવ્યાપી સુક્ષ્મ શરીરનો દરજ્જો દેવો વિગેરે.

નોટ:-વધુમાં વધુ ફાયદો મેળવવાને માટે કુરાનની સંબંધિત આયતોના પ્રકાશમાં આ લેખને વાંચવામાં આવે.

***નસીરૂદ્દીન નસીર હુંઝાઈ***

*લંડન, ૨-૧૧-૧૯૮૭*

☆☆☆

# કુરાનની અઝમત અને અઝલ તથા અબદની હકીકતો

(૧) કુરાને હકીમની અઝલી અને અબદી (હમેશની) મહાનતા તથા બુઝુર્ગી અને ભવ્યતા તથા કરામતની એક સ્પષ્ટ સાબિતી તેનાં એ કાયનાતી (પૂરા બ્રહ્માંડનો) ઈલ્મી વિસ્તાર છે કે જેના હિકમત ભરેલાં વર્ણનથી કોઈ વસ્તુ અલગ નથી રહી શકતી, એટલે સુધી કે અઝલ અને અબદની એકસામટી હકીકતો અને તેની ઓળખ પણ આ વિશ્વવ્યાપી વર્તુળમાં મર્યાદિત થઈ જાય છે. જેમકે અલ્લાહતઆલાએ ફરમાવ્યું છે કે "અને અમોએ તમારા ઉપર પુસ્તક (કુરાન) નાઝીલ કર્યુ જેમાં દરેક વસ્તુનું (સ્પષ્ટ) વર્ણન છે. (૧૬/૮૯).

(૨) કુરાને પાક ખુદાનો કોલ છે અને આફાક તથા અન્ફુસ એટલે કે જાહેરી દુનિયા અને વ્યક્તિગત દુનિયા અથવા આંતરિક જગત એ ખુદાના કાર્યો છે. (૪૧/૩) ચોક્કસપણે જેવી એની વાતો છે એવુંજ એનું કાર્ય પણ છે, કેમકે એ બાબત નહીંબનનાર અને અશકય છે કે તે દાના અને બીના ખુદાના કલામ તથા કાર્યની વચ્ચે કોઈ વિરોધાભાસ હોય, બલ્કે હકીકત એ છે કે કુરાન જે કંઈ લખાણમાં ફરમાવે તેજ આ સૃષ્ટિ, આ રચના વર્તમાન હસ્તીની ભાષા મારફત કહે છે અને આનો અર્થ એમ થયો કે કુરાની હકીકતો અને ઓળખની અમલી અને સ્પષ્ટ સાબિતી કે શહાદતો આફાકમાં પણ છે એટલે કે જાહેરી જગતમાં પણ છે અને આંતરિક દુનિયામાં પણ એટલે અન્ફુસમાં પણ. કુરાનમાં ફરમાવેલું છે કે "અને વિશ્વાસ કરનારાઓના માટે જમીનમાં નીશાનીઓ છે અને તમારા પોતામાં પણ છે તો શું તમો જોતા નથી. (૫૧/૨૦-૨૧).

(૩) કુરાને કરીમની સ્પષ્ટ સમજણ છે કે ઈસ્લામ દીનમાં "મીન ઈન્દીલ્લાહ" એટલે કે ખુદાના તરફથી નૂર પણ છે અને પુસ્તક (કુરાન) પણ (૫/૧૫) અને જે રીતે પુસ્તક હંમેશા માટે મૌજૂદ છે તેજ રીતે નૂર પણ એમજ છે અને તેને કોઈ બુઝાવી નથી શકતું. (૬૧/૮, ૯/૩૨). આ

હકીકતની કબુલાત આફાકથી એમ થાય છે કે સૂર્ય, ચંદ્ર અને સીતારાઓ જાહેરી જગતના માટે નૂર છે અને કાયનાત એક પુસ્તક છે અને વ્યક્તિગત જગતની શહાદત એ છે કે અકલ સૂર્યની જેમ રૂહ ચંદ્રની જેમ અને બાતિની લાગણીની ઈંદ્રી પોતાની અગણિત શાખો (ડાળીઓ) સહીત સીતારાઓની જેમ પ્રકાશિત છે અને વ્યક્તિગત જગત એક પુસ્તક છે. તો એ જણાયું કે પાક કુરાનની દરેક હકીકતની સચ્ચાઈ ઉપર જાહેરી જગત અને નફસી (બાતિની) જગતથી બે શહાદતો (સાક્ષી) મળે છે.

(૪) આફાકના અનુભવના બે પાસા છે એક સામાન્ય છે જેને લોકો જાહેરી આંખોથી જુએ છે અને બીજાં ખાસ જણ કે જે અંતરની દ્રષ્ટિ રાખે છે તેની સામે છે. એજ રીતે વ્યક્તિગત જગતના પણ બે દરજ્જાઓ હોય છે, પહેલાં દરજ્જા ઉપર તે અંધારી રાત જેવું હોય છે અને બીજા દરજ્જા ઉપર પ્રકાશિત અને સ્પષ્ટ દિવસ જેવું, કેમકે તે વખતે તેમાં મારફતનો સૂર્ય ઉદય થઈ ચૂકયો હોય છે જેના પ્રકાશમાં ખુદાના હુકમથી વ્યક્તિગત જગતની ઓળખવાળો અજીબો ગરીબ (હેરત પમાડનાર) અનુભવ કરી શકે છે.

(૫) ઈમાનવાળાઓના માટે કુરાને હકીમ હીદાયત અને રહેમત છે, તે જ્ઞાન અને હિકમતના રહસ્યોથી ભરપૂર છે. તે દરેક પ્રકારના પ્રશ્નો ઉપર પ્રકાશ નાખે છે, અને તેથી અલ્લાહતઆલાના આ અનુપમ (બેજોડ) પુસ્તકમાં દરેક જગ્યાએ અઝલ અને અબદના ઈશારાઓ અને ઉલ્લેખ મળે છે, ખાસ કરીને આ અણમોલ ભંડારનું વર્ણન તે બરકતવંતી આયતમાં ખાસ તરી આવે છે જ્યાં કલમાએ 'કુન' (એટલે કે થઈ જા)થી સંબંધિત છે કેમકે આ કલમાએ અમરમાં (આજ્ઞાકારી શબ્દમાં) ઈબ્દા અને ઈમ્બીઆસનો ઉલ્લેખ છે અને અઝલ તથા અબદની એક સાથેની કલ્પના પણ એજ ઠેકાણે છે.

(૬) યાદ રહે કે જ્યારે ખુદા અને તેના કોલ અને કાર્યની ઓળખ બીજે કયાંય નહીં, ફકત ઈન્સાની રૂહમાંજ મળે છે. તો પછી વિશ્વાસ કરવો પડશે કે અઝલની સાબીતી અને અબદનો નમૂનો પણ વ્યક્તિગત જગતમાંજ સમાયેલો છે, જેમકે ખુદાનું ફરમાન છે "આકાશો તથા પૃથ્વીનો પૈદા કરનાર તે જ છે, અને જ્યારે તે કોઈ મામલાનો નિર્ણય કરે છે ત્યારે

તેને માત્ર એટલું જ ફરમાવે છે કે "કુન" એટલે (તે તરતજ) થઈ જાય છે. (૨/૧૧૭). આ રબ્બાની અને નૂરાની શિક્ષણમાં ખૂબજ ધ્યાનપૂર્વક વિચારો કે જેથી તમોને આ મહાન ભેદની ખબર પડી જાય કે સૃષ્ટિની ઉત્પત્તીની કલ્પના વર્તુળના સ્વરૂપમાં છે, કેમકે અલ્લાહતઆલા આલમે કબીર (મોટા જગત) અને આલમે સગીર (નાના જગત)ના આરંભમાં પણ અને છેવટમાં પણ કુન ફરમાવે છે અને કેમકે દરેક ઈન્સાન એક વ્યક્તિગત જગત છે તેથી કાર્ય અને શક્તિની મર્યાદામાં તેના ઉપર કુનની અસર લાગુ થઈ જાય છે એજ રીતે દરેક માનવીની રૂહમાં શબ્દ કુન અને અઝલ તથા અબદ છુપાએલાં છે.

(૭) સુરહ અન્આમ (૬/૭૩)માં ધ્યાનપૂર્વક જુઓ "એજ તો તે (ખુદા) છે જેણે હક (એટલે કે શબ્દ કુન) વડે આકાશો તથા ધરતીને સર્જ્યા, અને જે દિવસે (જગતને) કહે છે કે થઈ જા તો તે થઈ જાય છે" તેનું કહેવું (શબ્દ કુન) હક છે. તેનો અર્થ એ છે કે દરેક ફરમાનબરદાર બંદાને માટે એ અમર શબ્દ (કુન)થી એક વ્યક્તિગત જગત બનાવવામાં આવે છે જેમાં જાહેરી દુનિયા એકંદર રીતે સમાયેલી હોય છે અને તે જ પ્રમાણે જો શારીરિક રીતે જોવામાં આવે તો લોકોના અઝલો (આઝાલ) અને અબદો (આબાદ) અલગ અલગ હોય છે, કેમકે રૂહાનીયતના મુકામ અને કુનના મરતબા ઉપર કુદરતના કબ્જામાં સઘળી વસ્તુઓ એક થઈ જાય છે માટે ત્યાં ફક્ત એકજ અઝલ છે, જેમાં અબદ પણ છે.

(૮) કુરાને મજીદમાં અલ્લાહની સુન્નત (આદત)નો વિષય ઘણી મોટી મહત્ત્વતા ધરાવે છે. ખુદાની આદત કોઈ પણ ફેરફાર વગર (૩૫/૪૩) બુઝુર્ગ અંબીયાઓ અને મહાન ઈમામોના વ્યક્તિગત જગતોમાં જાહેર થતી ચાલી આવી છે. (૪૦/૮૫) અને તેમાં સૌથી ખાસ વાત એ છે કે તે તબારક વ તઆલા શારીરિક રચના કર્યા પછી રૂહાની પરીપૂર્ણતાના માટે "કુન" ફરમાવે છે. જેમ હઝરત આદમ (અ.સ.) અને હઝરત ઈસા (અ.સ.)ના વિષે સુરહ આલે ઈમરાન (૩/૫૯)માં ફરમાવેલું છે, કે આ બેઉ મહાન પયગમ્બોરોને કલમાએ અમર (આજ્ઞાવાળા શબ્દ) અને અઝલના મરતબાએ કે જે તેઓના બાતિનમાં હતું. એક કરી લીધું હતું. જોકે જાહેરીમાં તેમના વચ્ચે એક ઘણો મોટો (સમયનો) ઝમાનાનો તફાવત

અથવા છેટાપણું રહેલું હતું. આજ ઉપમા સઘળા અંબીયાઓ અને ઈમામો અલૈહીમુસ્સલામના માટે પણ છે અને પછી દરજજાવાર સઘળા ઈન્સાનો માટે પણ.

(૯) જ્યારે પાણીનું કોઇ ટીપું દરિયામાં જઇને પડે છે તો તેના ઓછામાં ઓછા ત્રણ અર્થો હોય છે.

(અ) ટીપું દરિયામાં ફના થઇ ગયું કેમકે હવે તેનું પોતાનું કોઇ નામો નીશાન નજરે નથી પડતું.

(બ) ટીપું દરિયાથી વાસલ થઈને દરિયો બની ગયું અને હવે તે ટીપું પોતાની અના એ ઉલવી એટલે કે ઊચ્ચ અહંમમાં મોજૂદ છે.

(ક) ટીપું શું હતું? દરિયાનુંજ એક જાહેરી સ્વરૂપ. જો તે ટીપું દરિયાથી મળી ગયું તો અસલમાં તે અમલ દ્વારા દરિયાએ પોતાનો જલવો દેખાડવાની એક દુનિયા સંપૂર્ણ કરી લીધી.

(૧૦) મારો ખ્યાલ છે કે ઉપર જણાવેલી ઉપમાઓ હસ્તીના કાયદાની એક હદ સુધીની સમજૂતી છે, માટે આવો હવે આપણે એક કુરાની ખજાનાની તરફ ચાલીએ છીએ કે જે સુરહ બકરહની ૨૮મી આયત છે જેનો તરજુમો આમ છે "અને કેમ કરીને તમો અલ્લાહનો ઈન્કાર કરી શકો છો, જ્યારે કે તમે મરેલાં હતા ત્યારે તેણે તમોને જીવતા કર્યા (૨/૨૮) આનો અર્થ એ છે કે લોકો અઝલમાં મોતની હાલતમાં હતા. પણ એ સવાલ જરૂરી છે કે તે મોત કયા પ્રકારનું હતું ? આનો જવાબ કુરાને હકીમમાં પહેલાંથી જ કેટલાંય પ્રકારે આપવામાં આવેલો છે, અને એનો પહેલો જવાબ એ છે કે એ મોત નામ-નીશાન વગરની થવાની હતી એટલે કે રૂહનું ટીપું નફસે વાહીદાના સમુદ્રમાં મોજૂદ તો હતું પણ તેનો કોઇ ઉલ્લેખ કોઇ ઓળખ અને કોઇ પોતાનું નામ નહી હતું, જેમકે સુરહ દહરમાં ફરમાવેલું છે કે "શું મનુષ્ય ઉપર દહેર (ન ગુઝરનાર સમય)માંથી તે સમય (બીજી વાર) આવી ગયો છે જેમાં તે કોઇ વર્ણવવા જોગ વસ્તુ જ નહોતો?" (૭૬/૧) અહીં સૃષ્ટિના વર્તુળનો લા ઈબ્તદાઈ અને લા ઈન્તહાઈનો (આરંભ વગરનો અને અંત વગરનો) ઉલ્લેખ મોજૂદ છે. તમો ૯ નંબરના વર્ણનને ધ્યાનપૂર્વક જોઇ લ્યો.

(૧૧) જ્ઞાન અને હિકમત ભરપૂર ખુદા પોતાની જે હિકમત ભરેલી

કાયનાતની કુદરત અને શક્તિની આયતમાં (નીશાનીઓમાં) ધ્યાન આપવા માટેનું નિમંત્રણ આપે છે (૩/૧૯૧, ૨/૧૬૪) તે કાયનાતની સઘળી નાની મોટી આયતો દરેકે દરેક મળીને એક એવા વર્તુળની કલ્પના રજૂ કરે છે કે જેનો કોઈ છેડો નથી, એટલે કે આકાશ અને આકાશી શરીરો ન ફક્ત દેખાવમાં જ ગોળ એટલે કે વર્તુળ સ્વરૂપે છે પણ તેની હમેશાની હરકત એટલે કે તેનું હલન ચલન (કરવાની કીયા) પણ વર્તુળ રૂપે જ છે. પૃથ્વી પ્રથમ તો પોતેજ ગોળ છે પછી તેની રોજીંદી ફરવાની કીયા અને વર્ષની ફરવાની કીયા ગોળ છે, તેમાં વળી રાત્રી દિસનો ફેરફાર, મહિનાઓ, ઋતુઓ અને વર્ષોનું આવવું જવું, પાણી અને હવાનું વર્તુળ અને તેનું હલન ચલન સઘળું ગોળ છે. એટલે સુધી કે જાહેરી દુનિયામાં કોઈ એવી વસ્તુ નથી કે જે પોતાના ખાસ વર્તુળ ઉપર હંમેશા ફરી રહેલી ન હોય. અને કુરાને કરીમ કુલના એ જ કાયદાની કબૂલાત કરે છે (૨૧/૩૩, ૩૬/૪૦) અને પૂરી કાયનાતના વર્તુળો એક થઈને વર્તમાન સ્થિતિમાં એ વાતની સાક્ષી પૂરે છે કે સૃષ્ટિનું વર્તુળ સદાથી ગોળ છે જેનો ન કોઈ આરંભ છે અને ન કોઈ અંત. એ સૃષ્ટિના વર્તુળને અને અમ્ર એટલે કે આજ્ઞાના જગતના વર્તુળને એ રીતે મેળવી દયે છે કે તે બંન્નેમાં સમયના હિસાબે કે ઝમાનાને લીધે કોઈ આગળ કે પાછળ નથી, કેમકે બેઉનું નામ ખુદાનો મુલ્ક (ખુદાની બાદશાહી છે અને ખુદાની બાદશાહી (હમેશાં) છે.

(૧૨) આકાશનું તેના વર્તુળમાં ગોળ ફરવું કે જે કાયનાતની સૌથી મોટી આયાત (નીશાની) છે અને જેમાં અઝલના દિવસથીજ સુન્નતે ઈલાહી (ખુદાની આદત)નું અમલમાં હોવું ચાલી રહ્યું છે તે દરેક વખતે હિકમતના ઈશારા સહિત કહેતી રહે છે કે ઓ હૃદયની આંખોથી જોનારાઓ! અઝલની કલ્પના કરો કેમકે તેજ સ્થળે, જે સૌથી મહાન છે એ ખુદાના ભેદનો છૂપો ખજાનો મોજૂદ છે અને ત્યાંજ એ ભેદ ખુલી જાય છે કે દરેક વસ્તુની મુસાફરી એક વર્તુળ ઉપર શા માટે છે.

(૧૩) હઝરત મૌલાના ઈમામ સુલતાન મુહમ્મદ શાહ સલ્વાતુલ્લા અલૈહીના મુબારક જામામાં ઈમામતના નૂરે એક ઘણી મોટી ઈલ્મી કયામતને અમલમાં લાવી દીધી છે. તેનો હેતૂ દુનિયામાં ઈસ્લામના હકીકી જ્ઞાનને ફેલાવવાનો છે. જો એ હેતૂ હોત કે જ્ઞાનને હંમેશાને માટે


છૂપાવી દેવું અને કોઈને ન બતાવવું તો તે મહેરબાન મૌલા કે જે ખુદાના નૂરનું જાહેરી સ્વરૂપ છે, જાહેરી રીતે અને બાતિની રીતે જ્ઞાનના દરવાજા ઉપર એવા મજબૂત તાળા લગાવી દેત કે તેને કોઇ ખોલી નહીં શકતે.

(૧૪) શું તમોએ મહાન સ્થાન ધરાવનાર ઈમામના ફરમાનોમાં "સૃષ્ટિની કલ્પના"ના ખુલાસાને નથી જોયો અને નથી વાંચ્યો ? એ ઘણુ જ જરૂરી છે, અતીશય જરૂરી કેમકે તે એક એવી અઝલી અને સર્વપ્રથમ કલ્પના છે કે તેનેજ અસલ અને અસાસ (મૂળ) ગણાવીને હજારો ગૌણ અથવા બીજાં દરજ્જાની કલ્પનાઓ કરવામાં આવે છે અને જો કોઇ શખ્સ આ અતી મહત્ત્વની બાબતાના વિષે ખોટી કલ્પના કરી બેસે છે તો તમો અંદાજો લગાવો કે તેના પછીની કલ્પનાઓમાં કેટલી બધી ભુલો હશે માટે તમારી અકલમંદી એમાંજ હશે કે તમો દરેક વસ્તુને મૂળથીજ સમજવાનો પ્રયાસ કરો. ખાસ કરીને "સૃષ્ટિ (રચના)ની કલપના"ને કે જેનો સંબંધ અઝલની સુન્નત (આદત) સાથે છે.

(૧૫) સુરહ આલે ઈમરાન (૩/૨૬-૨૭)માં ઇલ્મી અને મારફતવાળી અજાયબી અને હૈરતનો એક મહાન અને અનોખો ખજાનો મોજૂદ છે. તમો આ આકાશી ભંડારને શબ્દોમાં અને અર્થમાં સદાને માટે પોતાની પાસે મેળવીને રાખો, એટલે કે તમો તેની ઊંડી હિકમતોને સમજતાં, દુઆ તરીકે પઢતા રહો જેની સ્પષ્ટ સમજૂતી એ છે કે અલ્લાહતઆલાના હુકમથી બેઉ જગત (આલમે ખલ્ક અને આલમે અમ્ર) કોઈ પણ જાતના પ્રાથમિકપણા અથવા પછીની સ્થિતિ એટલે કે વહેલા કે મોડા થયા વગર હર પળે એક બીજાં વડે મોજૂદ રહેતા હોય છે એનો દાખલો નીચે મુજબની આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે.

(૧૬) એ કેમ શકય થઇ શક્તું હતું કે કોઈ અઝલમાં ખાલીકે અકબર એટલે કે મહાન રચના કરનાર કોઇ મખલુખ વગરનો હોય. રબ્બ હોય પણ મરબૂબ (એટલે કે તે જેની પરવરીશ કરે તે) ન હોય. તે રાઝીક કહેવડાવે (રોજી દેનારો) પણ જેને રોજી દેવી હોય તે એટલે કે મરઝૂકનું નામનીશાન ન હોય. કદીમ (હમેશા) હસ્તી અણધારી રીતે બની ગઈ એમ માનવું. એમ નથી, બલ્કે ખુદા તો દરેક પ્રકારે કદીમ (હંમેશા) છે, જેનો અર્થ એમ થયો કે તેના વચન અને કાર્યમાં કોઇ અણધાર્યાપણું નથી

## સૃષ્ટીનું વર્તુળ




એટલે કે એવું નથી કે તેના કલામ અથવા કાર્ય નવા હોય, તેથી વિરૂદ્ધ, હકીકત એ છે કે તેના અમર કોલ અને અમર પરિણામ બંને કદીમ (હમેશા) છે અને તે એ કદીમ વસ્તુઓને જદીદ (નવા) રૂપમાં પેદા કરવાની કુદરત રાખે છે (કુરાનમાં શબ્દ જદીદ આઠ ઠેકાણે છે) જેમકે વસંત ઋતુ એ કોઈ નવી વસ્તુ નથી પણ દર વર્ષે એજ જૂની વસંત નવીનતા અને તાજગીની અગણિત ખુશીઓ લઈને આવે છે જેના મનમોહક દ્દશ્યોને લોકો ખૂબ જ શોખથી નીરખવા ઈચ્છે છે તેજ રીતે બુઝુર્ગ અને મહાન ખુદા હંમેશા પોતાની કદીમ–હમેશાની બાદશાહીમાં નવા નવા લોકોને પેદા કરીને તેમના બાતિનમાં નવીન કાયનાતો બનાવી દયે છે કે જેથી તે રૂપમાં ઈતાઅત એટલે કે તાબેદારીની શરતે દરેક શખ્સને એક ભરપૂર કાયનાતની (સત્તા) સલ્તનત અર્પણ કરી દેવામાં આવે. આ અમર્યાદ, મહાન અને અનુપમ ઈનામ સિવાય તેની અમાપ રહેમતની જરૂરિયાત પૂરી નહીં થઈ શકતી હતી. (૧૪/૩૪)

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

(૧૭) હવે સૃષ્ટીના વર્તુળને ધ્યાનથી જુઓ કે જે આલમે ખલ્ક એટલે કે આ ભૌતિક જગત અને આલમે અમર (રૂહાની જગત) બંનેને જાહેર કરે છે (૭/૫૪) અને આ રૂપક મુજબ, બેઉ જગત એકબીજાથી મળેલાં છે જ્યારે તમો પરકારથી વર્તુળ દોરવા લાગો છો તો તેનો છેડો જરૂર હોય છે પણ જેવું વર્તુળ સંપૂર્ણ થઇ જાય છે તે વખતે તેનો છેવટનો છેડો જઈને આરંભના છેડામાં ખોવાઇ જાય છે, તેજ રીતે દરેક તે મોમીન, જે પેદા થઈને સીધા રસ્તા ઉપર ચાલતો જાય છે તો તેવી સ્થિતિમાં તે પોતાની જીંદગીના વિષે મર્યાદિત વિચારો ધરાવે છે પણ જ્યારે તે પોતાની રૂહને જુએ છે અને પોતાના પરવરદીગારને ઓળખે છે ત્યારે તે ઈન્સાની જીંદગીની અમર્યાદ (બેહદ) પ્રગતીને એક વર્તુળ ઉપર સદાને માટે હલન-ચલન કરતી જુએ છે.

(૧૮) કુરાને હકીમમાં જ્યાં જ્યાં રાતનો ઉલ્લેખ થયેલો છે તે આલમે અમર એટલે કે રૂહાની જગતની ઉપમા છે જ્યારે કે તે આલમે અમર, રાતની હકીકતનું મૂળ છે. તેજ રીતે દિવસ આલમે ખલ્કની ઉપમા છે અને તે આલમે ખલ્ક દિવસની હકીકતનું મૂળ છે માટે રાત્રીને દિવસમાં અને દિવસને રાત્રીમાં દાખલ કરવા (૩/૨૭)નો અર્થ એ છે કે ખુદા હંમેશા સુક્ષ્મ જગતને ભૌતિક સ્વરૂપ દઈને અહીં લાવે છે અને ભૌતિક જગતને સુક્ષ્મ બનાવીને ત્યાં લઈ જાય છે. આમ, એજ સિદ્ધાંત પ્રમાણે એક જ વખતમાં દુનિયા અને આખરત એક બીજાથી પેદા થતા રહે છે. દાખલા તરીકે જ્યાં સુધી કોઈ મોમન પેદા નથી થતો, ત્યાં સુધી તેની વ્યક્તિગત દુનિયાની હસ્તી નથી બનતી અને ન તો તેની પોતાની વ્યક્તિગત જન્નત તૈયાર કરવામાં આવે છે. પણ જે વખતે તે અહીં આવીને નેક આમાલ કરે છે તો તેજ સારા કાર્યોથી એક તરફ તેની દુનિયા બને છે અને બીજી તરફ કદીમ (હમેશાની) બહેશ્તમાં તેના માટે એક ખાસ નવી, આમાલની જન્નત તૈયાર થઇ જાય છે.

*નસીરૂદ્દીન નસીર હુંઝાઈ*
*લંડન–U.K.*
*૧૦ નવેમ્બર ૧૯૮૭*

☆☆☆

# કુર્આનના ખજાના

<u>(૧) ખજાનાની વ્યાખ્યા:</u> જાહેરી દુનિયાનો ખજાનો અથવા ખજાનાઓ તે જગ્યાનું નામ છે કે જ્યાં કોઈ બાદશાહ અથવા હુકુમતના તે સમયના ચાલતાં સીક્કાઓનો ઘણો મોટો ભંડાર હોય, પૂરા દેશના સોના ચાંદી અને અણમોલ જવાહીરો ભેગાં કરેલા હોય અને હાલના ઝમાના મુજબ તેમાં અમીરોની દૌલત પણ અમાનત તરીકે પડી હોય તો તે શાહી ખજાનો અથવા બેંક કહેવાય છે. તેથી ઉલ્ટું ખુદાનો ખજાનો પુસ્તકના સ્વરૂપમાં હોય છે એટલે કે કુરાને કરીમ. વળી આ એક બોલનાર નૂર હોય છે, અને અલ્લાહ તબારક વ તઆલાના એ ખજાનાઓમાં જે વસ્તુઓ છે તે દુન્યવી દૌલત અને હીરા – જવાહીરના ભંડાર કરતાં ઘણાં વધારે દરજજે કિંમતી હોય છે, જી હા, આ હકીકત છે અને તેમાં લેશમાત્ર પણ શંકા નથી કે ખુદાના ખજાના છે અને તેમાં પણ પોતાના પ્રકારના, દીની અને રૂહાની પ્રકારના ચલણી સીક્કા છે જેનો અર્થ એ હકીકત અને મારફત છે કે જે ઈમામે ઝમાન સલ્વાતુલ્લા અલૈહીની તાબેદારી અને ઓળખના વિષે છે, પછી આસમાની સોનુ અને ચાંદી છે અર્થાત ઈલ્મ અને હિકમત અને રૂહાની હીરા–મોતી જેનો અર્થ છે મારફતના ભેદ.

<u>(૨) ખજાનાનો કાનૂન (સિદ્ધાંત):</u> સુરહ હીજર (૧૫/૨૧)માં ખૂબ ધ્યનપૂર્વક વિચાર કરવામાં આવે: "અને એક પણ વસ્તુ એવી નથી કે જેના ભરપૂર ભંડાર અમારી પાસે ન હોય અને અમે તે ઠરાવેલા, નક્કી કરેલા (ઈલ્મ અને અમલના) પ્રમાણમાં જ ઉતારીએ છીએ." અલ્લાહ જલ્લશાનહુ નો આ સિદ્ધાંત જગતના સૂર્યના પ્રકાશથી પણ વધુ પ્રકાશિત છે કે સઘળી અકલી, ફીકરી (વિચારવાની), ઈલ્મી, ઈરફાની, રૂહાની અને સુક્ષ્મ શારીરીક વસ્તુઓ દરેકે દરેક ખુદાવંદના ભડારમાં છે. તે આમ સામાન્ય રીતે કે સહેલાઈથી નાઝીલ નથી થતી પણ (અમુક) શરત સાથે થાય છે, તે એક દિવસમાં નહીં પણ દરજજાવાર એટલે કે ધીરે ધીરે આવી

શકે છે. જેમકે લોકોની એટલેકે માણસોની રૂહ, રીઝક (રોજી), બખ્ત એટલેકે નસીબ, દૌલત, ઈલ્મ, હુનર, સંશોધન અથવા શોધ, વિજ્ઞાન વિગેરેના દાખલા છે. કેમકે "ઈન્દના" (અમારી પાસે)નો મતલબ સ્થાનિક અને ભૌગોલિક નથી પણ તેનો અર્થ ઈઝઝત આપવી કે માન આપવું એમ થાય છે માટે આ ભંડાર (આ ખજાના) કુરાને હકીમ અને તેના રબ્બાની મોઅલ્લીમ (ખુદા તરફથી નીમાયેલ ટીચર)માં હોઈ શકે છે કેમકે આ જાહેરી દુનિયામાં એજ બે મુબારક અને પવીત્ર વસ્તુઓ છે કે જેને સદાય અલ્લાહ તઆલાની નજદીકી અને તેનું સાનીધ્ય પામવાનો દરજ્જો પ્રાપ્ત છે, જેમાંથી એક સંપૂર્ણ નૂર છે (૫/૧૫) અને બીજી સંપૂર્ણ કિતાબ (૫/૧૫) અને આ બન્ને વસ્તુઓ ખુદાના તરફથી નાઝીલ થઈ છે અને રસૂલ (સ.અ.સ.)નું પ્રતીનિધિત્વ કરે છે.

<u>(૩) હઝરત નૂહ (અ.સ.) ખુદાનો ખજાનો:</u> હઝરત નૂહ (અ.સ.) પોતાના વખતમાં ખુદાનો ખજાનો હતા. તે એ રીતે કે તેમના વખતમાં જાહેરી તોફાનના પાછળ એક રૂહાની તોફાન પણ આવનાર હતું જેની લપેટમાં આવીને અકલ, રૂહ અને સુક્ષ્મ શરીરના સઘળા કણો નાશ પામી શકતા હતા. એ માટે પરવરદીગારેઆલમની પાસેથી હઝરત નુહ (અ.સ.)ને હુકમ થયો કે કણોના જગતની સઘળી જુદી જુદી વસ્તુઓમાંથી એક એક જોડી પોતાના વ્યક્તિત્ત્વના વહાણમાં લઈ લ્યો (૧૧/૪૦, ૨૩/૨૭) આમ હઝરત નુહ (અ.સ.)ની અંદરથી એક કયામતનો સૂર (અવાજ) ગાજ્યો જેને સાંભળીને રૂહના સઘળાં કણો તેવણ માનવંતની અંદર એકઠા થઈ ગયા અને એજ રીતે આપ માનવંત, ઈલાહી ભંડાર બની ગયા અને એજ મરતબો સઘળા અંબીયાઓ અને ઈમામો (અ.સ.)ને પ્રાપ્ત થયેલો છે.

<u>(૪) નૂરનો ખજાનો:</u> જે રીતે કોઈ દેશની સઘળી સંસ્થાઓ અને પ્રજાના પૈસા તથા આર્થિક વહીવટ સરકારી ખજાના અથવા બેંકના મારફત ચાલે છે એજ રીતે સૂર્યમંડળ (કાયનાત)નો આધાર સૂર્ય ઉપર છે કેમકે સૂર્ય કે જે પ્રકાશ અને શક્તિનો અમાપ ખજાનો છે તે જરાય બચત કર્યા વગર એટલેકે ખૂબજ છૂટથી ખર્ચાઈ રહ્યો છે જેના વગર આ દુનિયા ભૌતિક રીતે જીવંત નથી રહી શકતી અને આ સ્પષ્ટ ઉપમા ઈમામે ઝમાન અલૈહીસ્સલામના માટે છે કે તેવણ માનવંતનું પવીત્ર નૂર, દીનના

જગત અને માનવીની દુનિયાના માટે ખુદાના ખજાનાના મરતબામાં વપરાઇ રહ્યું છે અથવા ખર્ચાઇ રહ્યું છે. જો કે મારફતવાળાઓ સિવાય કોઇ શખ્સ ખુદાવંદના આ ભેદને નથી જાણતો.

<u>(૫) ખજાનચી:</u> જો કે કુરાને હકીમની દરેક આયતની એક તાવીલ છે, બલ્કે ઘણી તાવીલો છે તેમ છતાં સુરહ યુસુફ તાવીલનો ખાસ વિષય છે, માટે આપણે ધ્યાન આપવું અને જોવું પડશે કે શું હઝરત યુસુફ (અ.સ.) ફક્ત મીસરના ખજાનચી હતા કે પછી તેઓ ધરતી પરના સઘળા ખજાનાઓ ઉપર નિયુક્ત હતા ? (૧૨/૫૫) જો કે માનવંત અંબીયાઓ અને ઇમામો અલૈહિસ્સલામને ખુદાના તરફથી ધરતીની ખીલાફત અર્પણ થયેલી હોય છે અને જો ધરતીના ખજાનાઓ પણ તેમની પાસે હોય તો તેમાં અજાયબી જેવું શું છે ? જેમકે કુરાનની મુબારક આયત ૧૨/૫૫માં તે વિષે ઇશારો મૌજૂદ છે.

<u>(૬) આકાશ અને ધરતીના ખજાનાઓ:</u> કુરાનમાં ફરમાવેલું છે કે "અને સઘળા આકાશો અને ધરતીના ખજાનાઓ ખુદાનાજ છે" (૬૩/૭) સમાવાત (આકાશો)નો અર્થ છે અકલે કુલના મરતબાઓ અને અર્ઝ (ધરતી)નો મતલબ છે નફસે કુલ. આ આકાશો અને ધરતી રૂહાની જગતના છે અને એજ રીતે જીસ્માની જગતના આકાશ નાતિક છે અને ધરતી અસાસ છે. જ્યારેકે નાતિક અકલે કુલનું જાહેરી સ્વરૂપ છે અને અસાસ નફસે કુલનું અને એજ અર્થમાં આકાશ અને ધરતી ઇમામ અને ઇમામતના વારસદાર છે.

<u>(૭) બહેશ્તનો એક ખજાનો:</u> હકીમ પીર નાસીર ખુસરોના જગ વિખ્યાત પુસ્તક "વજહે દીન"ના છેલ્લા પ્રકરણ (૫૧)માં હદીસ "લા હૌલ વલા કુવ્વત ઇલ્લા બિલ્લા હીલ અલીય્યીલ અઝીમ" વિષે લખેલું છે કે, હઝરત પયગમ્બર સાહેબે (સ.અ.સ.) ફરમાવ્યું "કન્ઝુમ્મીન કુનુઝીલ જન્નતી...." એટલે કે ઉપર ઉલ્લેખાયેલ કોલ બહેશ્તના ખજાનાઓમાંથી એક ખજાનો છે. આ હદીસની થોડી હિકમતો આ મુજબ છે:

(અ) કેમકે "લાહૌલ" હદીસ મુજબ જન્નતના ખજાનાઓમાંથી એક ખજાનો છે, માટે કુરાને હકીમમાં એવા ઘણા ખજાનાઓ છે

(બ) બહેશ્તના ખજાનાઓ અકલી, ઈલ્મી, ઈરફાની અને રૂહાની હોય છે જેનું એક પાસુ દુનિયામાં છે અને બીજું જન્તમાં

(ક) ખુદાના ખજાનાઓ આયાતે કરીમા, કલેમાતે તામ્મા (સંપૂર્ણ શબ્દો) અને અસ્માઉલ હુસ્ના (સુંદર નામો)માં છુપાયેલાં છે.

(ડ) લાહૌલ ના વિષે કોઈ શખ્સ કંઈ નહોતો જાણતો પરંતુ આ ખજાનાની ચાવી પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસલ્લમેજ અર્પણ કરી દીધી.

આ ઉપરથી એ સત્ય પ્રકાશિત થઈ જાય છે કે અલ્લાહ તબારક વ તઆલાના ન ફક્ત ખજાના છે બલકે તેના ખજાનચી પણ છે.

<u>(૮) વહાબ (દેવાવાળો)ની હિકમત:</u> બખ્શંદા અને મહેરબાન ખુદાવંદનું ફરમાન છે કે "અથવા (અય રસૂલ) શું તેમની પાસે તારા જબરદસ્ત અને મહાન દાતા પરવરદિગારની રહેમતના ખજાના છે ?" (૩૮/૯) કુરાનના આ શિક્ષણમાં નામ "વહાબ"ની બે હિકમતો મૌજૂદ છે. એક એ કે અલ્લાહ પોતાના ખજાનાઓમાંથી વસ્તુઓ આપે છે અને બીજી હિકમત એ કે તે જેને ચાહે તેને ખજાનાજ ખજાના અર્પણ કરી દયે છે કેમકે ખુદાના ખજાના અહીં "અલ અઝીઝ અલ વહાબ (મહાન, બક્ષીસ કરનાર)ના નામો હેઠળ છે.

<u>(૯) એક સવાલ:</u> શું રસૂલે અકરમ (સ.અ.સ.)ની પાસે ખુદાના દીધેલાં ખજાના હતા? શું તેઓ ગૈબની વાતો જાણતા હતા? શું તેવણ માનવંત (સ.અ.સ.) ફરીશ્તા હતા ? (૬/૫૦, ૧૧/૩૧). જી હા ! હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ની પાસે અલ્લાહના અર્પણ કરેલાં ખજાનાઓ હતા. તેની સાબીતી કુરાનના ખજાનાઓમાં છે. તેવણ સાહેબ (સ.અ.સ.) વહી ના મારફત ગૈબની વસ્તુઓ જાણતા હતા. (૭૨/૨૬-૨૭) અને કુરાને કરીમમાં જે કંઈ પણ છે તે સઘળું ગૈબથીજ તો છે, અને હુઝુરે અનવર (સ.અ.સ.) માનવીના શરીર ધારણ કરવાના લીધે ઈન્સાન, પણ રૂહના કારણે પવીત્ર મલાયક (ફરીશ્તા) હતા, જેની દલીલ મેરાજનો બનાવ છે, તેમ છતાં ઈસ્લામ

પ્રચારના દિવસોમાં આ રહસ્ય છતું કરવું જરૂરી નહોતું.

**(૧૦) ગંજે મખ્ફી (છૂપો ખજાનો):** હદીસે કુદ્સીનું આ ફરમાન અજબ હિકમત ધરાવે છે, "હું એક છૂપો ખજાનો હતો અને મને ઈચ્છા થઈ કે હું ઓળખાઉં માટે મેં ખલ્કને ખલ્ક કર્યું એટલે કે જીસ્માનીને રૂહાની બનાવી દીધો. કેમકે અહીં ખલ્કનો શબ્દ બે વાર આવ્યો છે જેમાં ફક્ત રૂહાની રચનાનો ઉલ્લેખ છે, જાહેરી કાયનાત અને ઈન્સાની શરીરને પેદા કરવાનો ઉલ્લેખ નથી. હવે અહીં એક મોટો મહત્ત્વનો સવાલ એ ઊભો થાય છે કે પરવરદીગાર કયાં અને કયા પરદાના પાછળ છુપાયેલો હતો? જ્યારે સૌથી મોટા ખજાનાની (એટલે કે ખુદાની) ઓળખ પ્રાપ્ત થઈ તો પછી અન્ય સઘળા ખજાનાઓના વિષે શું થયું? અને એ બતાવો કે રબ્બુલ ઈઝઝત કયા અર્થમાં ખજાનો છે?

આનો જવાબ એછે કે જે પોતે પોતાને ઓળખે છે તે પોતાના પરવરદીગારને ઓળખે છે. આ જ દલીલ વડે એ કહેવું સત્ય છે કે ખુદાનો મુબારક દીદાર પોતાના વ્યક્તિગત જગતમાં (પોતાની હસ્તી) ખુદીના પરદાની પાછળ છુપાયેલો છે. કાનૂન એજ છે કે સઘળા ખજાનાઓનું કોઈ કેન્દ્ર હોય અને તે સઘળા ખજાનાઓનો માલીક ગંજે અઝલ એ અર્થમાં છે કે તમારી અનાએ ઉલવી એટલે કે ઊચ્ચ હું પણ એ તેજ છે (ખુદાજ છે) પણ તેનો આધાર તમારા ઈલ્મ અને અમલ ઉપર છે.

**(૧૧) ઈમામે મુબીન:** તમો જરા શબ્દ 'કન્ઝ'ના ડીક્ષનરી મુજબના અર્થને તપાસો. અસલમાં કન્ઝ (જમા કરવું – સંગ્રહ કરવો) મૂળ શબ્દ છે પણ અમલ એટલે કે કાર્ય કરવાના અર્થમાં આવે છે જેમકે કુરાનમાં (૯/૩૪) છે "અને જે લોકો સોનું ચાંદી સંગ્રહ કરતા રહે છે." આમ કુરાને હકીમમાં કન્ઝ અને ખઝાઈનના ઘણા દાખલાઓ છે જેમકે કાયનાતને લપેટવું (૨૧/૧૦૪) (૩૯/૬૭) સૂર્યને લપેટવું (૮૧/૧) દરેક વસ્તુનો મલકૂત (નીચોડ) (૩૬/૮૩) બાદશાહત (૬૭/૧) અસંખ્ય વસ્તુઓને એકની સંખ્યામાં એકઠું કરી લેવું (૭૨/૨૮) દરેક વસ્તુને એક પુસ્તકમાં સમાવી લેવું (૭૮/૨૯) અને દરેક વસ્તુને ઈમામે મુબીનના ઘેરામાં લેવું. (૩૬/૧૨) આ સઘળા દાખલાઓમાં કન્ઝે અઝલ (અઝલના ખજાના)ની ઊંડી હિકમતો મૌજૂદ છે.

અઝલ (હમેશાં)ની કલ્પના અથવા ઓળખમાં એ સઘળું ઈલ્મ કન્ઝ સ્વરૂપે એક જગ્યાએ એકત્રિત થઈ જાય છે કેજે કાયનાતમાં અને તેમાં મૌજૂદ વસ્તુઓમાં વિખરાયેલું છે (૬/૮૦) આમ કુરાને હકીમે આ સ્થળની ઉપમા ખજાનાથી આપી છે, અથવા તો કહ્યું છે કે જુઓ અહીં તમારા માટે સઘળું મૌજૂદ છે. અલ્લાહતઆલા સઘળા ઈમાનવાળાઓને કુરાનના ખજાનાની ઓળખ અર્પણ ફરમાવે.

**નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**

*લંડન,*

*૧૩ નવેમ્બર ૧૯૮૭*

☆☆☆☆☆

ISWLS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# અઝલની કલ્પના અને સુન્નતે ઈલાહી

(૧) અહીં સર્વપ્રથમ સુન્નતે ઈલાહીનો ખુલાસો ખૂબ જ જરૂરી છે કેમકે તેની અસલી મારફત એટલે કે ઓળખમાં કેટલીય કાંતીમય કલ્પનાઓની ચાવીઓ છુપાયેલી છે. સુન્નતનો અર્થ છે આદત, રસ્તો, રસ્મ એટલે કે રીત, રિવાજ, ચાલતો રહેનાર, તરીકો (પ્રાણાલીકા), હિકમતનો રિવાજ અને કુદરતનો કાનૂન જેમકે સુરહ અહઝાબમાં ફરમાવેલું છે "જે લોકો અગાઉ થઈ ગયેલાં છે તેમાં પણ ખુદાની (એજ) આદત (ચાલતી) રહી છે". અને અલ્લાહના હુકમો પ્રથમથીજ પ્રમાણસર નિર્માણ થયેલાં હોય છે (૩૩/૩૮) અર્થાત સુન્નતે ઈલાહીની અસલ ઓળખ, અંબીયા અને ઈમામો અલૈહીમુસ્સલામના બાતિનમાં છુપાયેલી છે અને કલીમાએ અમરનો બનાવ ઈલ્મ અને ઈબાદતના નક્કી કરેલા ભાગના પૂર્ણ થઈ જવા પછી શકય છે.


(૨) કંઈક આગળ જઈને એજ સુરહ (૩૩/૬૨)માં જુઓ, કે ખુદાની આદતમાં કોઈ ફેરફાર નથી. હવે આપણને કુરાન દ્વારા જ એ વિચારવાનું છે અને જોવાનું છે કે અલ્લાહની સુન્નતની મહાન હિકમતની કલ્પના કઈ રીતે થઈ શકે છે ? શું ખુદાની આદતનો સંબંધ તેનાં બોલ-વચનથી છે ? અથવા તેના કામથી ? અથવા બંન્નેથી છે ? વળી એ સવાલ પણ જરૂરી છે કે શું આ ઈલાહી રિવાજ કોઈ એક નામના કારણે છે ? કે પછી તેના સઘળાં નામોને લીધે ?

(૩) ખુદાની હિકમતભરપૂર આદત અઝલના સ્થાન ઉપર તેના સળંગ વચન (કલીમાએ અમર)માં પણ છે, ચાલતા રહેલાં (હંમેશાના) કાર્યમાં પણ (જેમકે તે કાયનાતને લપેટતો અને ફેલાવતો રહે છે) અને તેનો સંબંધ સઘળા ગુણવાચક નામોથી પણ છે જેની જાહેરાત વચન

અને કાર્યથીજ થતી રહે છે. પરંતુ એ વાત સદાના માટે યાદ રહે કે અલ્લાહ તઆલાની સુન્નત પોતાના સઘળા અર્થો સહીત લોકોના બાતિનમાં હમેશા હમેશા ચાલતી રહે છે (૩૫/૪૩, ૪૦/૮૫) અને તેની સંપૂર્ણ મારફત એટલે કે ઓળખ પયગમ્બરો અને ઈમામોની હસ્તીમાં છુપાયેલી રીતે ચાલતી રહે છે માટે સુન્નતે અઝલના કાયદાનો અમલ, કાયદાનું લાગું થવું ન ફક્ત આદમ અને આદમની ઔલાદ ઉપરજ થાય છે પણ તેથી અગાઉ જે લોકો હતા તેઓ પણ કોઈ શંકા વગર એજ ચાલતા રહેલા, સળંગ તરીકા હેઠળ આવી જાય છે જેમકે સઘળું જાણનાર અને હિકમતવાળા એ ખુદાનું ફરમાન છે "કાનન્નાસુ ઉમ્મતન વાહીદાહ" (૨/૨૧૩) (અંબીયાઓથી પહેલે એટલે કે શરૂઆતમાં) સઘળા લોકો એક જ દીન રાખતા હતા." તે દીન કુરાનના શબ્દોમાં દીને કાયમ (કય્યીમ) હતો (૯/૩૬) એનો અર્થ એ થયો કે આ મહાન યુગથી પહેલે પણ લોકો દુનિયામાં રહેતા હતા અને દીન તથા ઈલાહી દસ્તૂર – ઈલાહી રિવાજ પણ ચાલતો હતો.

(૪) આ બારામાં સુરહ રૂમના આ મુબારક ફરમાનની હિકમત પણ સારી રીતે યાદ રાખી લેવાની જરૂરત છે "ખુદાનો ઘડેલો સૃષ્ટીનો નિયમ એ છે જે ઉપર તેણે લોકોને સર્જ્યા, ખુદાના તે સૃષ્ટિ નિયમમાં કોઈ ફેરફાર નથી. એ જ દીને કાયમ છે. (૩૦/૩૦)" આ હિકમત ભરેલી આયતના પ્રકાશમાં ખૂબ જ સારી રીતે ધ્યાન ધરો કે જેથી સચ્ચાઈનું મોતી તેના અર્થના પરદામાંથી બહાર આવે, તે એ છે કે ખુદાએ લોકોને પેદા કર્યા. જો કે હંમેશાથી (સળંગ રીતે) ચાલતા રહેલાં કાર્ય મુજબ તેની આ (કુદરત) ફીતરત – સુન્નત ચાલતી આવી છે અર્થાત તેના માટે આ કોઈ નવું કાર્ય નહીં હતું કેમકે ખુદાની સૃષ્ટી વિના આરંભ અને વિના અંતના વર્તુળ ઉપર સદાથી ચાલતી રહેલી છે માટે તેની સૃષ્ટિમાં (તેની રચનામાં) કોઈ ફેરફાર નથી આવી શક્તો. અને તેને લીધેજ ઈસ્લામને દીને કાયમ કહેવામાં આવે છે, અથવા એમ સમજી લ્યો કે હઝરત કાયમના કારણે આ સર્વ કાંઇ આવું છે. ઉપર ઉલ્લેખાયેલ આયતે કરીમામાં નીચે મુજબના વર્તુળની કલ્પના મૌજૂદ છે:

# ફીતરતનું વર્તુળ








(૫) જે વસ્તુનો આરંભ હોય તેનો અંત ચોક્કસપણે હોય છે અને તેના અવ્વલ તથા આખરમાં તફાવત મળે છે તેથી વિરુદ્ધ જે વસ્તુનો કોઈ આરંભ અને અંતજ ન હોય, તો તે સદા ચાલતો રહે છે અને તેમાં એકંદર રીતે કોઈ ફેરફાર નથી મળતો માટે તમો ઉપર ઉલ્લેખાયેલી પવીત્ર આયતને પહેલે ધારેલી લીંટીની સામે રાખીને જોઈ લ્યો અને તે પછી ફીતરતના વર્તુળની મદદથી તેમાં ધ્યાન ધરો, પછી તમો પોતેજ નિર્ણય કરો કે કઈ કલ્પના વ્યાજબી છે.

(૬) ઈસ્લામમાં સૌથી મૂળ અને સૌથી છેવટનું મહત્ત્વ જે વસ્તુનુ છે તે છે તૌહીદ (એક હોવું). કેમકે જ્યાં તૌહીદ ન હોય ત્યાં શીર્ક હોય છે. તૌહીદનું બીજુ નામ મારફત અથવા ખુદા શનાસી એટલે કે ખુદાની ઓળખ છે જેનો રસ્તો ખુદશનાસી એટલેકે પોતાની ઓળખ છે જે ફક્ત

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

વ્યક્તિગત જગતમાંજ શકય છે. પછી "અઝલની કલ્પના અને ઈલાહી સુન્નત"નો આ વિષય તેનાથી બહાર કેમ શકય હોઈ શકે છે:




(૭) અહીં આપેલી આકૃતી (નકશા)માં નંબર (૧) શરીરને (૨) રૂહને (૩) અકલને અને (૪) મારફતને જાહેર કરે છે અને આ વસ્તુઓ એજ ક્રમમાં આલમે નાસૂત – મનુષ્ય જગત, આલમે મલકૂત – ફરિશ્તાઓનું જગત, આલમે જબરૂત ખુદાની સીફાતનું જગત અને આલમે લાહૂત – ખુદાની જાતનું જગતના દાખલાઓ છે.

હવે આ સંપૂર્ણ અને ઉપયોગી ડાયાગ્રામની મદદ વડે તમો ઘણા મૂળભૂત સત્યો અને ઘણી ઓળખને સમજી શકો છો. દાખલા તરીકે મજકૂર આકૃતિથી બહાર બંને બાજુએ જના નીચે જે સૌથી મહત્ત્વના

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

વિષયોનો ઉલ્લેખ છે તે સઘળા અસલમાં મારફતના મુકામ ઉપર છે અને તમો તેમાંથી દરેકની કલ્પના સુન્નતે અઝલના પ્રકાશમાં કરી શકો છો દાખલા તરીકે તમારૂં એમ કહેવું કે અલ્લાહ તઆલા પોતાની અઝલની સુન્નત આદત મુજબ હંમેશા વ્યક્તિગત જગતોને પેદા કરતો રહે છે અને તેમાં આરંભથી અંત સુધી સઘળી અજાયબીઓ લોકોના માટે નવીન સ્વરૂપે હોય છે પણ ખુદાના પોતાના માટે કોઈ વાત નવી નથી હોઈ શક્તી કેમકે તે કોઈ પણ આરંભ અથવા અંત વગરનો ખાલીકે અકબર મહાન રચના કરનાર છે.

(૮) જ્યારે પરવરદીગારે આલમની વાત (વાણી) અને કાર્ય કદીમ (હમેશાં) છે તો પછી ચોક્કસપણે તેનો સિદ્ધાંત એટલે કે તેની આદત પણ કદીમ છે અને જે વસ્તુ કદીમ છે તે અઝલના મુકામ ઉપર મૌજૂદ હોય છે. તે કોઈ પણ આરંભ કે અંત વગર હંમેશાની વસ્તુ છે. કેમ ન હોય, જ્યારે કે કલમાએ અમર ઊચ્ચ જગતનો દરજ્જો ધરાવે છે અને તેમાં સઘળી સુક્ષ્મ વસ્તુઓ એકઠી થયેલી છે જેના અસ્તીત્વ વગર અકલી અનુભવો અને ઈરફાની એટલે કે મારફતના પરિણામો શકય નથી. પણ એ વાત ખૂબજ ધ્યાનથી યાદ રહે કે આલમે ઉલવી (ઊચ્ચ જગત)ની અસંખ્ય વસ્તુઓ દરેકે દરેક વહેદત એટલે કે એકપણાના દોરામાં પરોવાએલી હોય છે. માટે જો કોઈને ત્યાંની એક ન્યામત અર્પણ થઈ જાય છે તો સઘળી ન્યામતો તેનાથી જોડાયેલ હોઈ તેને પ્રાપ્ત થઈ જાય છે.

(૯) ખાલીકે અકબર એટલે કે મહાન રચેતા હંમેશા ઈન્સાની જગતોને પૈદા કરે છે ખાસ કરીને દરેક પયગમ્બર અને દરેક ઈમામની વ્યક્તિગત દુનિયાનો ઉલ્લેખ થવો જોઈએ કેમકે મારફતના નૂરનો સૂર્ય તેનાથીજ ઊદય પામે છે, તેમાંજ ખુદાતઆલા વારંવાર જાહેરી કાયનાત અને તેના બનાવો લપેટે છે અને ફરીથી ફેલાવતો રહે છે અને એજ રીતે બુઝુર્ગ અને મહાન ખુદા જાણેકે ઈલ્મ અને હિકમતના ધરતી અને આકાશને રીવાઈન્ડ અને ફોરવર્ડ કરતો રહે છે કે જેથી જોનારને તેની આયતની પૂરેપૂરી ઓળખ પ્રાપ્ત થાય (૫૧/૨૧, ૪૧/૫૩).

(૧૦) સવાલ: સુરહ હુદ (૧૧)ની આયત (૧૭) માટે – શીયા તફસીરના હવાલાથી :–

હઝરત અલી અલૈહીસ્સલામ, હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ની નબુવ્વત અને રીસાલતના જાહેરી અને રૂહાની સાક્ષી છે, અને મૌલા અલીનો અર્થ છે નૂરે ઈમામત. તો અહીં પૂછવું એ છે કે શું પવીત્ર ઈમામ (અ.સ.) કુરાને પાકને બાતિનના અનુભવથી એ સ્થિતિમાં જોઈ લ્યે છે કે તે (જે રીતે) હઝરત પયગમબર (સ.અ.સ.) ઉપર નાઝીલ થઈ રહ્યું છે? અને ઉપર મુજબના કુદરતી કાનૂન પ્રમાણે તેના વારે વારે નાઝીલ થવા અને ઊઠાવી લેવાના વિગતવાર ચમત્કારો થઈ રહ્યા છે? (૮૦/૧૪).

જવાબ: જી હા ! તે મહાન ઈમામના પવીત્ર વ્યક્તિગત જગતમાં સુન્નતે અઝલ (અનંતના કાનૂન)ના સઘળા જાહેરી દૃશ્યો અને ચમત્કારો થાય છે અને તે સઘળી કુરાનનીજ નૂરાની આયતો છે જે પવીત્ર ઈમામ અલૈહીમુસ્સલામના પાક સીનામાં (હૃદયમાં) હોય છે (૨૯/૪૯) અને એજ અર્થમાં હીદાયત કરનાર ઈમામ લોકો ઉપર સાક્ષી છે (૨/૧૪૩) કે મુહમ્મદ રસુલુલ્લાહ બરહક છે.

*–નસીરૂદ્દીન નસીર હુંઝાઈ*

*લંડન – ૧૭ નવેમ્બર ૧૯૮૭*

☆☆☆

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# ફરીશ્તાઓની મારફત

(૧) ઓ મારાં અતી પ્રીય મિત્રો ! શું તમોએ આયતે બય્યત (૪૮/૧૦)માં ક્યારેય ધ્યનપૂર્વક જોયું છે ? શું એ હકીકત છે કે હઝરત પયગમ્બર સાહેબ સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસલ્લમનો મુબારક હાથ દીનના મહત્ત્વના કાર્યોમાં યદુલ્લાહ (ખુદાના હાથ)નો દરજજો ધરાવે છે? જી હા! તેમાં જરાય શંકા નથી. કેમકે હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.) પોતાના વખતમાં પયગમ્બરે મહેબૂબ અને ખલીફતુલ્લાહ (અલ્લાહના ખલીફા) હતા, તેથી તેવણ નામદારના પાકીઝા વચન અને કાર્યોને બુઝુર્ગ અને મહાન ખુદાના વાણી અને વર્તનનું પ્રતિનિધિત્વ પ્રાપ્ત હતું, જેમકે ફરમાવેલું છે કે "અને તે પોતાના મનની ઇચ્છાથી કાંઇ કહેતોજ નથી." (૫૩/૩), ઉપરાંત સુરહ અન્ફાલમાં જુઓ "જે વખતે તેં (તેમની તરફ) માટી ફેંકી હતી તે તેં ફેંકી ન હતી બલ્કે અલ્લાહે ફેંકી હતી. (૮/૧૭). આ હિકમત ભરપૂર કુર્આની શિક્ષણથી એ રોશન હકીકત વધુ અને વધુ વિશ્વાસમય થઇ જાય છે કે અંબીયા અને ઇમામો (અ.સ.)ના ખાસ કાર્યો ખુદાના તરફથી થતા હોય છે.

(૨) સુરહ આલે ઇમરાન (૧/૪૯) અને સુરહ માયદા (૫/૧૧૦)માં ધ્યાનપૂર્વક જુઓ કે હઝરત ઇસા અલૈહીસ્સલામ જે મોઅજીઝાઓ કરતા હતા તે અસલમાં ખુદાઇ કામ હતું પરંતુ કેમકે તેવણ નામદારમાં ઇલાહી નૂર સીધેસીધું (Directly) કાર્ય કરતું હતું માટે એ મહાન મોઅજીઝાઓ તેમના નામથી સંબંધિત થઇ ગયા. આપણે અત્રે હઝરત ઇસા (અ.સ.)ના સઘળા મોઅજીઝાઓમાંથી ફક્ત એકનો ઉલ્લેખ કરીશું, જેની સાથે આપણા આ વિષયનો ખાસ સંબંધ છે તે એ કે હઝરત ઇસા (અ.સ.) માટીના ગારાથી ખુદાના હુકમ વડે પક્ષીઓ બનાવતા હતા. હવે આપણે જો તેની હિકમતને ન સમજીએ તો તે કદાચ જાહેરી દ્રષ્ટિએ એક એવો જાહેરી ઇન્દ્રીયને લગતો ચમત્કાર ગણાશે કે તેનો કોઇ દૂર સુધીનો ફાયદો નથી, પણ જ્ઞાનવાળાઓ જાણે છે કે અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બરોને જે જે મોઅજીઝાઓ દીધા છે તે સઘળા હિકમતથી ભરપૂર

અને ઘણાજ ફાયદામંદ છે.

(૩) હઝરત ઈસા (અ.સ.) જ્યારે રૂહાની પ્રવાસ (મુસાફરી) દ્વારા ધીરે ધીરે અઝરાઈલની મંઝીલમાં દાખલ થઈ ગયા તો તેઓ ઉપર લગભગ એક અઠવાડીયું રૂહાની મોતનો અનુભવ થતો રહ્યો એજ સમય દરમ્યાન તેમના વ્યક્તિત્વના સાંચામાં કાયનાતી રૂહને ઢાળીને તેમના જેવા ફરીશતાઓ બનાવવામાં આવતા હતા અને આ મોઅજીઝો દરેકે દરેક નબી અને દરેક ઈમામની રૂહાનીયતમાં મોજુદ હોય છે કે જેથી સઘળી ઉમ્મતોના મોમીનો માટે તે મહાન ફરીશતાઓથી અસંખ્ય ફાયદા પ્રાપ્ત થાય. જેમ હઝરત ઈસા (અ.સ.)એ કહ્યું કે હું તમારા માટે ગારાથી પક્ષી બનાવું છું (૩/૪).

એનો અર્થ એ છે કે તમારા રૂહાની ફાયદાઓના માટે ખુદા મારાં વ્યક્તિગત જગતથી એવા ફરીશતાઓ બનાવી દયે છે. યાદ રહે કે આ ફના ની મંઝીલ છે માટે અહીં ખુદા હઃ ઈસા (અ.સ.)ના હકમાં જે કંઈ પણ કરી રહ્યા છે તે હઃ ઈસાનું કાર્ય ગણાઈ રહ્યું છે, નહીં તો સામાન્ય રીતે જોવામાં આવે તો ફરીશતાઓને પેદા કરવાનું કામ ખુદાનું જ છે, અને એ કાનૂનને પણ ભૂલી ન જાઓ કે આવી સ્થિતિમાં કાર્ય અથવા કર્મ એ તરફ ઢળે છે (એ તરફ લાગુ થાય છે) કે જ્યાં ખુદા ઈચ્છે છે.

(૪) "કોકબે દુરી" નામના પુસ્તકના પાના નંબર ૧૭૭ ઉપર લખેલું છે કે, હઝરત પયગમ્બર સાહેબે ફરમાવ્યું: "અલ્લાહ તઆલાએ અલી બીન અબુ તાલીબના મુબારક ચહેરાના નૂરથી ૭૦ હજાર ફરીશતાઓ પેદા કર્યા, જેઓ કયામત સુધી તેના માટે અને તેના દોસ્તોના માટે મગફીરત (માફી) માગતા રહશે." પરવરદીગારે આલમની આ ઘણી મોટી રહેમત દરેક પયગમ્બર અને ઈમામની સાથે મોજૂદ હોય છે અને તેનો કુરાની કાનૂન એજ છે કે જે હઝરત ઈસા (અ.સ.)ના સંબંધે ઉલ્લેખાયેલો છે. આ ઉપરથી સ્પષ્ટ થયું કે ફરીશતાઓને નબુવ્વત અને ઈમામતના નૂર વડે બનાવવામાં આવે છે.

(૫) કુરાનની આયત (૫/૨૦)માં છે કે "(એ રસુલ, તેઓને એ વખત યાદ અપાવો) જ્યારે મૂસા (અ.સ.)એ પોતાની કોમને કહ્યું હતું કે ઓ મારી કોમ જે ન્યામતો ખુદાએ તમને દીધી છે તેને યાદ કરો,

એ માટે કે તેણે તમારામાંથીજ પયગમ્બર બનાવ્યા અને તમને લોકોને બાદશાહ બનાવ્યા." તમો વિચારી શકો છો કે ખુદાવંદ તબારક વ તઆલાની આજ્ઞાથી હઝરત મુસા (અ.સ.)એ પોતાની કોમને જેવું સંબોધન કર્યુ હતું તે પરથી કોઈ શંકા વગર એ જ્ઞાન થઈ જાય છે કે ખુદાએ પોતાની અપરંપાર રહેમતથી બની ઈસરાઈલની દરેક વ્યક્તિને સુલતાનીના તાજથી નવાઝયા હતા પણ જાહેરીમાં જોવામાં આવે તો એવી કોઈ વાત નથી પણ હકીકત એજ છે કે પયગમ્બરો અને ઈમામોથી તેમના માટે એવા ફરીશ્તાઓ બનાવવામાં આવ્યા હતા કે દરેક વ્યક્તિગત મોમીન પોતાના મહાન ફરીશ્તામાં રુહાની બાદશાહ હતો, અથવા એમ કહેવું જોઈએ કે પયગમ્બર અને ઈમામની ઈઝરાઈલી મંઝીલમાં મોમીનને પોતાનેજ ફરીશ્તો અને બાદશાહ, બનાવવામાં આવે છે. આ કલ્પનાથી તમારા કુરાની જ્ઞાનના જગતમાં કાંતી આવી શકે છે.

(૬) દરેક પયગમ્બરની સાથે ઈમામ હતા, અને નબુવ્વતના અંત પછી પણ છે, જેની મારફતમાં (ઓળખમાં) આ મહાન ન્યામત છુપાયેલી હોય છે અને તમો જાણતા હશો કે કુરાને હકીમ એકજ હકીકતને પ્રકાર પ્રકારના દાખલાઓમાં વર્ણન કરે છે. (૧૮/૫૪, ૧૭/૮૯) માટે આ કાનૂન નો ઉલ્લેખ કરવામાં આવ્યો કે દરેક વસ્તુનો એક પડછાયો હોય છે. (૧૧/૮૧) પછી તે નૂરજ કેમ નહોય, તો ફરમાવવામાં આવ્યું છે કે "અને તમારા માટે કુરતા (પહેરણ) બનાવ્યા કે જે તમને ગરમીથી બચાવે છે." મતલબ કે ઈમામતના મરતબાના ઘણા બધા જીવંત કુરતા (ફરીશ્તાઓ) કે જેઓ અકલી દોઝખ (અજ્ઞાનતા)થી તમને બચાવવાને માટે છે. "અને એવા કુરતા કે જે તમને હથિયારોના વારથી બચાવે છે." અર્થાત કયામતના મરતબાના ઘણા કુરતા (ફરીશ્તાઓ) છે, કે જે કયામતના ઈલ્મી યુધ્ધમાં તમને ઉપરીપણું અને ફતેહ (વિજય) અર્પણ કરી શકે છે.

(૭) દરેક કિંમતી ખજાનો ફક્ત કોઈ મજબૂત અને સ્થિર પરદા પાછળજ છુપાયેલો અને સુરક્ષિત રહી શકે છે અને આ સિધ્ધાંતના સંબંધમાં સૌથી મોટી વાત તો એ છે કે બંને જહાનના ખુદાએ પોતાની પવીત્ર હસ્તીને માટે પરદાને પસંદ કર્યો છે. (૪૨/૫૧) જેને લીધે સમગ્ર કુરાનના ખજાનાઓ પણ પરદાઓમાં આવી ગયા અને એ જુદા જુદા

કુરાની પરદાઓમાંથી એક પરદો એ પણ છે કે જે છે શબ્દ "જીન્ન". તો આવો આપણે હઝરત સુલેમાન અલૈહીસ્સલામના કુરાની કીસ્સાને તપાસીએ, પણ અત્રે ફક્ત મહારીબ અને તમાસીલ એટલે કે કીલ્લાઓ અને છબીઓને (તપાસીએ) (૩૪/૧૩). મહારીબ એટલે કે જીવંત કીલ્લા ફરીશ્તાઓ છે, જેઓ હઝરત કાયમ અલૈહીસ્સલામના કુરતાં-પહેરણ છે કે જે ઉડતી રકાબીઓની જેમ કામ કરે છે અને તમાસીલ (જીવંત છબીઓ) ઇલ્મી ફરીશ્તા છે કે જેઓ હઝરત ઇમામ અલૈહીસ્સલામના કુરતા છે એટલે કે તેજસ્વી દેહ.

(૮) કુરાને મજીદનો ઇશારો છે કે ફરીશ્તાઓ આકાશી અને ધરતીના અથવા રૂહાની અને જીસ્માની બે પ્રકારના હોય છે (૧૭/૯૫, ૬/૯) એ બન્નેની વચ્ચે જે ઘેરો સંબંધ છે તે અતૂટ છે અને કુરાને હકીમના પોતાના મારફત આ સચ્ચાઇની એક ખાત્રીપૂર્વકની સાબિતી એછે કે શૈતાનો પણ બે પ્રકારના હોય છે કે જેઓ શયાતીને ઇન્સી (માનવીય શૈતાન) અને શયાતીને જીન્ની કહેવાય છે. (૬/૧૧૨, ૬/૧૨૧) જે રીતે દુનિયાના સૂર્યના પ્રકાશથી એટલે કે તડકાથી ઘટ્ટ સમુદ્રમાંથી સુક્ષ્મ વાદળાઓની હસ્તી બને છે, એજ રીતે નૂરના વસીલાથી જીસ્માની ફરીશ્તાઓ એટલે કે અંબીયાઓ અને ઇમામો અલૈહીમુસ્સલામની મુબારક હસ્તીથી રૂહાની ફરીશ્તાઓ પેદા થઇ જાય છે અને એજ સિદ્ધાંત મુજબ જીસ્માની શયતાનોથી જીન્ની શૈતાનો મૌજૂદ થઇ જાય છે.

(૯) પવીત્ર કુરાનમાં જ્યાં જ્યાં પક્ષીઓનો ઉલ્લેખ આવ્યો છે તે હિકમતની ભાષામાં અરવાહ (રૂહો) અને મલાયકોનો ઉલ્લેખ છે જેમ સુરહ નમલ (૨૭/૧૬)માં છે "અને સુલેમાન, દાઉદના વારસદાર થયા (અર્થાત સુલેમાની સલ્તનત કે જે ખૂબ જ પ્રખ્યાત છે તે હઝરત આદમના વખતથી છુપાયેલી, ગુપ્ત ચાલતી આવી હતી) અને કહ્યું કે હે લોકો અમને પક્ષીઓની ભાષા શીખવવામાં આવી છે (એટલે કે રૂહો અને ફરીશ્તાઓની ભાષા કે જે દરેક પયગમ્બર અને દરેક ઇમામના માટે જરૂરી છે) અને અમને દરેક વસ્તુ (ન્યામત) અર્પણ થયેલી છે. (આ અહીં, આયતમાં જણાવેલી ન્યામતની વધુ છણાવટ છે).

(૧૦) અલ્લાહ તઆલાએ પોતાની સંપૂર્ણ કુદરત અને અગાધ

હિકમત વડે ફરીશ્તાઓને એ રીતે બનાવ્યા છે કે તેઓ કાયનાત અને તેમાં મૌજૂદ દરેક વસ્તુઓની હેસીયત અને રીત - સ્વભાવ મુજબ કાર્ય કરી શકે છે અને તેના જુદા જુદા દરજ્જાઓ નિયુક્ત કરેલાં છે. પણ જે મહાન ફરીશ્તાઓ છે, તેમના ઘણા નામો છે, દાખલા તરીકે "રઅદ (એટલે કે વીજળીનો કડાકો), "બર્ક" (એટલે કે વીજળી-ચમક) "સાયકા" (એટલે કે ગાજવીજ ધમાકો), "નાર" (એટલે કે આગ) "રૂહ" "રીહ" (એટલે કે પવન) "સહાબ" એટલે કે વાદળ વિગેરે. કેમકે તેમના જેવા નામ છે તેવાં કામ પણ છે.

(૧૧) સવાલ: જો પૂછવામાં આવે કે રૂહ અને ફરીશ્તાનું સ્વરૂપ કેવું છે (તેમનો ચહેરો કેવો છે?) અને તેમની વાતચિત કઇ ભાષામાં થાય છે? તો એનો જવાબ એ હશે કે દરેક વસ્તુની રૂહ તેજ વસ્તુના સ્વરૂપ ઉપર છે, દાખલા તરીકે કાયનાતની રૂહ એક સુક્ષ્મ કાયનાત છે. ધરતીના ગ્રહની રૂહ એવીજ એક રૂહાની દુનિયા છે. પણ કારણકે રૂહ છે માટે તેને ઘણી વધારે પ્રકાશિત - ઝગમગતી અને ચકચક્તિ હોવું જોઇએ. એ જ રીતે ઈન્સાની રૂહ પોતાની અસલ સ્થિતિમાં એક સુક્ષ્મ અને અતીશય ખૂબસુરત અને સુંદર ઈન્સાન છે અને ફરીશ્તો પણ એમજ છે. હવે રહ્યો ભાષાનો કોયડો, તો તેના માટે સિધ્ધાંત એ છે કે દરેક શખ્સની રૂહ અને ફરીશ્તાની ભાષા એજ હોય છે, જે તે માનવીની - પોતાની હોયછે.

(૧૨) સવાલ:-એ કયો તરીકો છે કે જેને અપનાવવાથી કોઇ મોમીન ફરીશ્તાઓની મારફત પ્રાપ્ત કરી શકે છે? અથવા તેમની નજદિક થઇ શકે છે? અથવા તેમની મદદ વડે ફાયદો ઉપાડી શકે છે?

જવાબ: આ માટે સીરાતે મુસ્તકીમ હોવા પછી અન્ય કોઇ તરીકા કે રીતની જરૂરત શા માટે ઉત્પન્ન થાય. જે કંઇ જરૂરી છે તે એજ છે કે સંપૂર્ણ તાબેદારી કરવામાં આવે કે જે ખુદા અને રસૂલ (સ.અ.સ.) તથા ઈમામે ઝમાન (અ.સ.)ના નૂર ભરેલાં ફરમાનો ઉપર અમલ કરવાના સ્પરૂપે હોય છે. નૂરે ઈમામતના મુબારક ફરમાનો રૂહાની પ્રગતીની હીદાયતોથી ભરેલાં છે. ખુલાસો એ છે કે મોમીનજ ઇતાઅત (તાબેદારી) ઈબાદત અને હકીકી ઇલ્મ વડે ફરીશ્તો બની શકે છે અને ફરીશ્તાઓની અમુક ખાસીયતો આ છે. (અ) "ઊચ્ચ દરજ્જાની ફરમાન બરદારી

(૧૬/૫૦) (બ) ખુદાનો ડર (૧૬/૫૦) (ક) આજીઝી (૨૧/૧૯) (ડ) વધારેને વધારે ઝીકર અને ઈબાદત (૨૧/૨૦) (ઈ) ઈલ્મ અને હિકમત (૪૦/૭) (૫) મોમીનોના માટે ભલાઈની ઈચ્છા અને દુઆ (૪૦/૭) (૧) ઈમાનવાળાઓની ખીદમત (મદદ) અને મિત્રતા (૫૮/૨૨), ૪૧/૩૧).

(૧૩) જો કે હકીમ પીર નાસીર ખુસરોનું દરેક પુસ્તક ભેદોનાં ઈલ્મ અને હિકમતના જવેરાતનો એક અણમોલ ખજાનો છે તેમ છતાં "વજહે દીન"એ ઈમામ (અ.સ.)ના આ હુજ્જતનું એક એવું બેનમૂન પુસ્તક છે કે તેમાં ઠેકઠેકાણે હોશિયાર અને સદ્દભાગી મોમીનના માટે ઈમામ શનાસી (ઈમામની ઓળખ)ના કિંમતી મોતી વિખેરવામાં આવ્યા છે કેમકે તે પુસ્તક એક સંપૂર્ણ આરીફ અને પ્રકાશિત આત્માવાળા પીરના અતીશય સફળ લખાણોનાં છેલ્લાં પુસ્તક હોવાની હેસીયતે ઊચ્ચ શિખર ઉપર છે, વળી તે એવું પુસ્તક છે કે જેની તાવીલી હિકમતો રૂહાની અને અકલાની (અક્કલના) અનુભવો ઉપર આધારિત છે માટે તમો તેનો અભ્યાસ કરો પણ ખૂબ ઝીણવટથી અને પૂરતાં ધ્યાન સાથે એ કામ થવું જોઈએ કે જેથી ન ફક્ત ફરીશ્તાઓ વિષે જાણકારીનો એક મોટો ભંડાર પ્રાપ્ત થશે પણ તેની સાથે સાથે બીજાં પણ ઘણાં ભંડારો મળશે કે જે હંમેશા રહેનાર છે.

(૧૪) એ સત્ય છે કે નકીર અને મુન્કીર છે, પણ તેમના વિષે એ જાણવું જરૂરી છે કે તેઓ કઈ કબરમાં સવાલ જવાબ અથવા દલીલો કરે છે? કેમકે ખુદાવંદી કાનૂન મુજબ દરેક વસ્તુ બે બે એટલે કે જોડી જોડીમાં છે, જેમાંથી એક મીસાલ એટલે કે ઉપમા છે અને બીજી મમ્સુલ એટલે કે હકીકત. અને તે મુજબ ખાકી એટલે કે માટીની કબર ઉપમા છે (મીસાલ છે) અને પોતે જીવંત માનવી તેનો મમ્સુલ (હકીકત) છે માટે મજકૂર બે ફરીશ્તાઓ કે જેઓ ભલાઈ અને બુરાઈના પ્રતિનિધિ છે, તેઓ આપણી આ જીંદગીમાંજ પોતાનું નિયુક્ત કામ પૂરૂં કરી લ્યે છે. છતાં આ દરજજામાં આસાની માટે હકીકી ઈલ્મ અને નેક આમાલ ઘણાંજ જરૂરી છે.

(૧૫) રસુલે અકરમ, રહેમતે આલમ, ફખ્રે બની આદમ એટલે કે આદમના વંશનો ગૌરવ સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસલ્લમના

બે કાયમી અને અકલી મોઅજીઝાઓ કુરાન અને ઈમામ છે. એ સકલૈન (બે મહાન વસ્તુ) અને તેના માલિકના ઉપર અમો કુરબાન થઈ જઈએ. આવો મિત્રો! અહીં નૂરે મુનઝઝલ (નાઝીલ થયેલ નૂર) અને કીતાબે મુબીન (જાહેર પુસ્તક) (૫/૧૫)ના હંમેશ રહેનાર ખજાનામાંથી એક અજબ અને ઉંચી સમજનો ખજાનો છે. પણ ખુદાના ખાતર આ મોતીઓના ઢગલાની કિંમત અને કદરને સમજી લેજો, એ ફરમાન કે જે રૂહાની હિકમતોથી ભરેલ છે તે આ છે: "અને તેમાં કોઈ શંકા નથી કે અમોએ તમોને (જીસમાની રીતે) પેદા કર્યા પછી તમારી (રૂહાની) સૂરત બનાવી, પછી અમોએ ફરીશ્તાઓને ફરમાવ્યું કે તમો સઘળા આદમને સીજદો કરો. (૭/૧૧) આમાં ઊંડાણપૂર્વકની હિકમતની કેટલીક ચાવીઓ રહેલી છે. દાખલા તરીકે (અ) આ સમયના (આ યુગના) આદમથી પહેલાં પણ લોકો હતા, અને તેઓમાંથી અમુક ફરીશ્તા થઈ ગયા હતા (બ) પહેલાં જીસમાની રચના છે તેના પછી રૂહાની પૂર્ણતા અને તે પછી અનુભવ અને મારફતની પરંપરામાં હઝરત આદમ (અ.સ.)નો રૂહાની બનાવ સામે આવે છે

(ક) રૂહાનીયત, સમય તથા સ્થળથી ઊપર છે માટે મારફતવાળાઓ બાતિનની આંખો વડે કુરાનના બનાવોને તેની અસલ સ્થિતિમાં જોઈ શકે છે. (ડ) ખુદાતઆલા લોકોને બાતિનમાં પોતાના એ મોઅજીઝાઓ (આયત ૪૧/૫૩) દેખાડી શકે છે કે જે તેણે અંબીયા અલૈહીમુસ્સલામના માટે કર્યા હતા. (ઈ) જ્યારે એ હકીકત સર્વમાન્ય છે કે ખુદાવંદતઆલાએ પોતાની સંપૂર્ણ કુદરત વડે દરેક સુક્ષ્મ વસ્તુને ઈમામે મુબીનના પવીત્ર નૂરમાં સમાવી દીધી છે. (૩૬/૧૨) તો પછી જે લોકો ઈમામને નૂરાનીયતમાં ઓળખી લ્યે, તેઓ કુરાનને પણ રૂહાનીયતમાં ઓળખી લેશે અને અંબીયા તથા મલાયકોને પણ (વ) જો એ શકય છે કે ઈન્સાનની પોતાની મારફતથી ખુદાની મારફત પ્રાપ્ત થઈ જાય છે તો એવામાં કલામે ઈલાહી (એટલે કે કુરાન)ની મારફત કેમ અલગ હોઈ શકે છે.

(૧૬) આદમ અલૈહીસ્સલામ ખુદાના ખલીફા હતા, કયાં? ધરતીના ગ્રહ ઉપર. અને ફરીશ્તાઓ કયાં હતા? આસમાનમાં, અને દરેક

જગ્યાએ, તો પછી એ કેવી રીતે શકચ બન્યું કે પૂરા બ્રહ્માંડના ફરીશ્તાઓ પોતપોતાના કામોને મૂકીને હ: આદમની પાસે ધરતી ઉપર આવી ગયા, કે જેથી તેની સામે સીજદામાં પડી જાય અને ઇલ્મે અસ્મા (નામોનું જ્ઞાન) પ્રાપ્ત કરે? જો એજ વાત સાચી છે તો પછી હ: આદમની ખીલાફત પૂરા બ્રહ્માંડમાં સાબિત થઇ, તે એ અર્થમાં કે સઘળાએ હ: આદમના તરફ પોતાને રજૂ કર્યા, તેમ છતાં એ બતાવો કે આમાં અસલ ભેદ શું છે? અસલ ભેદ એ છે કે આસમાન અને ધરતીનાં કેટલાંય પ્રકારો છે પણ છેલ્લાં આસમાન અને ધરતી અકલે કુલ અને નફસે કુલ છે, જેની મહાનતા અને બુઝુર્ગીનો અંદાજો દરેક હોશમંદ કરી શકે છે, અને એ મુજબ હઝરત આદમ (અ.સ.) નફસે કુલ્લીની ધરતીમાં ખલીફા હતા. તે જો એક પ્રકારે ધરતી છે તો બીજા પ્રકારે આકાશ છે પણ એ વાત ભૂલી ન જાજો કે નફસે કુલ્લી ફકત રૂહાનીજ છે ભૌતિક હરગીઝ નથી.

(૧૭) તમો એ નુકતો પણ યાદ રાખો કે દુનિયાની વસ્તુઓ હંમેશા જુદી જુદી અને વિખરાયેલી હોય છે, પણ ખુદાની વસ્તુઓ તેના એકપણાના ગૂણ અને સુન્નતે અઝલ મુજબ કુદરતના હાથોમાં એકજ હોય છે અને કાયમ રહે છે અને ખુદાની જીવંત ધરતી એટલે કે નફસે કુલ્લી અને તેનો ખલીફા એક થઇ ગયા હતા અને એજ આલમગીર રૂહ (સર્વવ્યાપક રૂહ)ના વસીલાથી હઝરત આદમ (અ.સ.)નો ઇલ્મી અવાજ આકાશ અને ધરતીના સઘળા ફરીશ્તાઓ સાંભળતા હતા.

(૧૮) એ વાત વારંવાર ચર્ચા હેઠળ આવી ચૂકી છે અને એક પ્રકાશિત સચ્ચાઇ તરીકે સ્વીકારાઇ ચૂકી છે કે જે રૂહે ખુદા (૩૮/૭૨, ૧૫/૨૯) હઝરત આદમ (અ.સ.)માં હતી, તે બીજાં શબ્દોમાં ખુદાનું નૂર હતું. તો પછી તેને આપણે કાયનાતી રૂહ અથવા અલ્લાહની ધરતી (૩૯/૧૦, ૨૯/૫૬, ૪/૯૭) કહી શકીએ છીએ, જેમાં હઝરત આદમ (અ.સ.)ની ખીલાફતે કુબ્રા (મહાન ખીલાફત) હતી, અને તેમાંજ ઇમામનો અર્થ પણ છુપાયેલો છે, જેમકે તમો ઇમામતના સિદ્ધાંતને જાણો છો. આમ આ, કુરાની હિકમતની કેટલી મોટી અજાયબી પમાડનારી અને જબરદસ્ત કલ્પના છે કે હઝરત આદમ સફીઉલ્લાહને અલ્લાહની ધરતી (કાયનાતી રૂહ)ની ખીલાફત અર્પણ થઇ હતી, અને તે ખીલાફત હમણા

પણ છે. કેમકે પેદા થવાવાળાં મલાયકોને આદમ (અ.સ.)ના ઈલ્મની જરૂરત હોય છે. જેના વગર તેઓ આ સીડીઓ દ્વારા ચડીને બારગાહે ખુદાવંદી સુધી નથી પહોંચી શક્તા જેનું અંતર (Distance) પચાસ હજાર વર્ષનું છે. (૭૦/૨-૩). જુઓ કે દરેક વસ્તુ અને દરેક ઉપમામાં ઈલ્મ છે (૨૦/૯૮) તો પછી આ સીડીઓ ભૌતિકતાની કેમ કરીને હોઈ શકે છે.

**–નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**

*લંડન, ૨૦ નવેમ્બર ૧૯૮૭*

☆☆☆

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# બહેશ્તની મારફત

# (બહેશ્તની ઓળખ)

<u>(૧) બેનો સિદ્ધાંત:-</u> સુરહ ઝારીયાત (૫૧) આયત (૪૯)માં ફરમાવેલું છે કે "અને અમોએ દરેક વસ્તુના બે બે જોડા બનાવ્યા કે જેથી તમો બોધ ગ્રહણ કરો" આ ઝાતે સુબ્હાન એટલે કે પવીત્ર અલ્લાહ તઆલાનો બનાવેલો "બે"નો સિદ્ધાંત છે અને તેનાથી આ જગતમાં મૌજૂદ કોઈ પણ વસ્તુ હરગીઝ બચેલી નથી રહી શકતી. હવે અમો એજ સિદ્ધાંતના પ્રકાશમાં એ જણાવવા ઈચ્છીએ છીએ કે શહાદત પણ બે પ્રકારની હોય છે. પહેલી શહાદત છે રૂહાની અને બીજી છે શારીરિક. જો કોઈ ખુશનસીબ મોમીન શારીરિક રીતે મરણ પામ્યા અગાઉ ઈલમ, ઈબાદત અને રીયાઝતના મારફત મંઝીલે ઈઝરાઈલીનો અનુભવ મેળવી લ્યે છે, એટલે કે રૂહાની રીતે મરી જાય છે તો તે તેની રૂહાની અથવા બાતિની શહાદત છે ને બીજી શહાદત કે જે જીસમાની અને જાહેરી છે તે તો સઘળા જાણે છે અને કોઈથી તે છૂપાયેલ નથી.

<u>(૨) બાતિન ના શહીદ:-</u> હવે સુરહ મુહમ્મદ (૪૭)ની આયત (૪થી ૬)માં જોઈ લઈએ "અને જે લોકો અલ્લાહના માર્ગમાં શહીદ કરવામાં આવ્યા તેમના કર્મોને ખુદા હરગીઝ એળે જવા દેશે નહીં, તેમને બહુજ જલ્દી મંઝીલે મકસૂદ સુધી પહોંચાડશે અને તેમની સ્થિતિ સુધારી દેશે, અને તેમને એવા સ્વર્ગમાં દાખલ કરી દેશે કે જેની ઓળખ તેમને (પહેલાંથી) આપી દીધી છે. (અર્રફાહા લહુમ) ૪૭/૪-૬) "એમાં કોઈ શંકા નથી કે આ ત્રણે પવીત્ર આયતો ન ફક્ત બાતિનના શહીદોના વિષે છે પણ જાહેરી શહીદોની શાનમાં પણ છે, આ હકીકત હોવા છતાં તમો આ આયતોની હિકમતને ફિકર અને ધ્યાનપૂર્વક નિહાળો તો જાહેરી શહીદોની શ્રેષ્ઠતા પોતાની જગ્યાએ સર્વમાન્ય છે, પણ અલ્લાહતઆલા

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

ફક્ત એજ લોકોને પહેલાંથી સ્વર્ગની ઓળખ અર્પણ કરે છે, જે તેના માર્ગમાં જીવતા જીવત શહીદ થઇ જાય છે. તમો સુરહ હદીદ (૫૭)ની આયત (૧૯)માં પણ જુઓ કે જે કહે છે કે જે મોમીનો જીવતા શહીદ થાય છે તેઓ મારફતના નૂરથી ફાયદો પ્રાપ્ત કરતા રહે છે.

<u>(૩) મારફતો એક જગ્યાએ છે:-</u> સ્વર્ગની મારફત (ઓળખ) બીજી મારફતો કરતાં અલગ, જુદી નથી પણ સઘળી મારફતો એકબીજામાં મળીને એક જગ્યાએ છે, તેમ છતાં જે ખુશનસીબ લોકો પોતાની જાતને અને પોતાના રબ્બને ઓળખે છે તેઓ ફરજિયાતપણે સ્વર્ગને પણ ઓળખી શકે છે, એ પ્રમાણે થવામાં જે ઇલ્મ હશે તે રૂહાની અને હકીકી કહેવાશે અને તેનાથી ચોક્કસપણે સ્વર્ગની ઓળખમાં મોટી મદદ મળશે.

<u>(૪) લાખ સવાલ એક જવાબ:-</u> જન્નતમાં શું શું ન્યામતો અર્પણ થઇ શકે છે? અને કઇ કઇ વસ્તુઓ નથી મળતી? એના ઇલ્મના માટે પણ કુરાને એક સર્વવ્યાપક સિદ્ધાંત અર્પણ કરેલ છે જેનો ઉલ્લેખ અમુક ઠેકાણે છે, જેની એક સૂરત આમ છે: "આ (સ્વર્ગ)માં તે લોકો જે કંઇ ચાહશે, તેમના માટે હાજર છે, અને અમારી પાસે તો (તે કરતાંયે) વધારે છે." (૫૦/૩૫). આ કરામતભરેલી આયતમાં એક એવો હિકમતભર્યો જવાબ મોજૂદ છે કે જો લાખ સવાલ હોય તો એવી સ્થિતિમાં એ સર્વને માટે પૂરતો થઇ શકે છે, ટૂંકમાં એમ કે સ્વર્ગમાં દરેક ઇચ્છિત ન્યામતો મોજૂદ છે.

<u>(૫) ઇબ્દાઇ શરીર:-</u> સ્વર્ગના લોકો સુક્ષ્મ શરીર ધરાવે છે કે જે મોજૂદ શરીરથી વિપરીત છે, તે નૂરાની અને ઇબ્દાઇ શક્તિઓ ધરાવે છે કેમકે તે જીસ્મે ફલકી (આકાશી શરીર) છે તેથી કરીને તે ચાર તત્ત્વોથી ઊચ્ચતર છે. તેના સુક્ષ્મપણા અને પવીત્રતાની સરખામણી અથવા તો શમાની જ્યોત સાથે અથવા તો સૂર્યના કિરણો સાથે કરી શકાય છે. ઇબ્દાઇ શરીર શ્વાસોશ્વાસ અને શ્વાસોશ્વાસની રીત-પ્રકારથી અલગ છે. ન તો તે હૃદયના ધબકારા કે લોહીના ભ્રમણનું મોહતાજ છે અને

નતો તેને નિંદ્રાની જરૂરત છે. તેમાં રાત્રી-દિવસ ખુદાનો ઝીકર પોતે પોતેજ ચાલતો રહે છે જેના થકી તે જ્યાં ઇચ્છે ત્યાં ઊડીને જઇ શકે છે. તેની જાહેરી અને બાતિની ઇંદ્રીયો એક સાથે કાર્ય કરે છે માટે તે દુનિયાને પણ જુએ છે અને આખરતને પણ. સ્વર્ગવાળાઓ આપણી જેમ ખોરાક નથી ખાતા. તેમને સ્વર્ગની સુક્ષ્મ સુગંધોથી શક્તિ મળતી રહે છે તેમનું ખાવું અને પીવું જુદી જુદી ઘણી સુગંધોથી છે.

<u>(૬) જન્નતનો પોષાક:-</u> દુન્યવી વસ્ત્રો નિર્જીવ, લાગણીહીન અને ખામોશ હોય છે પણ જન્નતના વસ્ત્રો અકલ અને જાન તથા લાગણીની ખૂબીઓ વડે શણગારેલાં અને શોભાયમાન હોય છે, એને કોઇ સંપૂર્ણ માનવી અથવા ફરીશ્તો અથવા વધારાની રૂહ સમજી લ્યો, જેને પહેરી લેવું એમ છે કે જેમ પોતાની જાન (રૂહ) સાથે તેને એક કરી લેવામાં આવે. તમોએ કદાચ હ: યુસુફ (અ.સ.)ના ખમીસને એક જાહેરી પહેરણ સમજ્યો હશે, પણ એવી વાત નથી, તે તો જન્નતનું એક પહેરણ હતું એટલે કે નૂરનો પહેરવેશ, એજ કારણ છે કે (તે) હઝરત યાકુબ (અ.સ.)ના ચહેરા ઉપર નાખવામાં આવ્યું (૧૨/૯૩, ૧૨/૯૬). એનો એ અર્થ છે કે ખમીસનો સંબંધ શરીરથી નહી પણ બાતિની ઇંદ્રીયથી હતો અને આ જન્નતના પોષાક નો એક પ્રકાશિત નમૂનો છે. દુનિયાના વસ્ત્રોની પોતાની કોઇ મરજી નથી હોતી તેથી તમો તમારી ઇચ્છા મુજબ તેનો વપરાશ કરી લ્યો છો પણ જ્યાં જન્નતનો પોષાક એક ફરીશ્તો છે ત્યાં આ બંને વાતો વ્યાજબી છે કે એક પ્રકારે તમો તેને પહેરી લ્યો છો અને બીજા પ્રકારે તે તમોને પહેરી લ્યે છે.

<u>(૭) જન્નતમાં દીદાર:-</u> કુરાને હકીમની ઘણી આયતોમાં અલ્લાહ તબારક વ તઆલાના પવીત્ર દીદારનો ઉલ્લેખ મોજૂદ છે કે બખ્શંદા અને મહેરબાન ખુદા પોતાની ઝહુરાત અને તજલ્લીઓની અનુપમ અને ખતમ ન થનાર (અનંત) દૌલતથી જન્નતવાળાઓને નવાઝતો રહેશે ત્યાં રબ્બે કરીમની દરેક મુલાકાતથી રહસ્યોની સુંદરતા અને મહાનતા શોભી રહી હશે જેમકે ફરમાવેલું છે "તે દિવસે કેટલાંક ચહેરા ચમકતા - તાઝગીભર્યા

હશે (અને) પોતાના પરવરદીગારની તરફ નિહાળતા હશે. (૭૫/૨૨-૨૩). દરેક બહેશ્તી માનવી ખુદાની તજલ્લીઓની દુનિયાને નિહાળવા માટે ઈચ્છા કરશે અને જ્યારે તેને દેખાડવામાં આવશે ત્યારે તેને અતી ઘણી ખુશી અને અજાયબી લાગશે.

<u>(૮) દીદાર – મારફતનું મૂળ:–</u> કુરાને હકીમ અલ્લાહતઆલાનું એક એવું પરમ સંપૂર્ણ અને બહોળા અર્થવાળું પુસ્તક છે કે તેમાં ન ફક્ત દુન્યવી હૈયાતી એટલે કે જીંદગી વિષે જ્ઞાન અને હિદાયત ભરેલી છે પણ તેની સાથે સાથે હંમેશની બહેશ્તની અપૂર્વ અને ક્યારેય ફના ન થનાર ન્યામતોના રહસ્યો પણ છે અને કુરાને મજીદના આ ખજાનાઓ સુધી પહોંચવાને માટે ધ્યાન-વિચાર અને ફિકરની સખત જરુરત છે. દાખલા તરીકે જ્યારે આપણે “લીકા અલ્લાહ” (ખુદાથી મળવું, મુલાકાત કરવી) (૨૯/૫) તે ઉપર વિશ્વાસ રાખીએ છીએ તો પછી આપણે કુરાને કરીમના પ્રકાશમાં એ પણ વિચારવું અને જોવું પડશે કે “રૂજ ઈલ્લલ્લાહ” (ખુદાની તરફ પાછા વળવું) અથવા દીદાર અને મુલાકાત કેવી હાલતમાં થશે અને તેને લગતી બાબતો શું હોઈ શકે છે. આ નમ્ર બંદો, મોમીનોના પગની રજ, આશીકોનો અદના ગુલામ, દીનના સુલતાનના દરવાજાનો કૂતરો, બહેશ્તમાં ખુદાના દીદાર વિષે આવો અકીદો (યકીન) ધરાવે છે:–

<u>(૯)</u>

(અ) બહેશ્તમાં ખુદાથી મળવું છૂપા ખજાનાને મેળવવા જેવું છે.

(બ) પરવાદિગારનો પ્રત્યેક દીદાર ઈલ્મ અને હિકમતના નૂરની લહેરોઅથવા તરંગોમાં હશે.

(ક) બહેશ્તવાળાઓ પોતાના રબ્બને જોશે કે તે કેવી રીતે કાયનાતને લપેટી રહ્યો છે. (૩૯/૬૭)

(ડ) કુદરતના હાથનો અનુભવ થશે કે તેમાં બાદશાહી પણ છે

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

અને દરેક વસ્તુનું રુહાની રાજ્ય પણ. (૩૬/૮૩, ૬૭/૧)

(ઈ) ઈલાહી કલમનો દીદાર થશે કે જેના હજારો દાખલાઓ (નમૂના) છે.

(ફ) લોહે મહેફૂઝનો અનુભવ થશે કે જેમાં કુરાને કરીમ મૌજુદ છે અને તે લોહ. માનવીના સ્વરૂપનો એક મહાન ફરિશ્તો છે. (૮૫/૨૧-૨૨)

(ગ) "કુન"નો શબ્દ સંભળાશે કે જે દરેક મોમીનની પોતાની ભાષામાં છે. (૧૪/૪)

(હ) જો મોમીનો અલ્લાહ તઆલાના અઝલ અને અબદના રહસ્યોને જાણવા ઈચ્છે, તો તેમની એ ઈચ્છા પણ પૂરી થઈ જશે.

(ય) બહેશ્તવાળાઓ આ મહાન રહસ્યોને જાણવાથી અતિઘણા વધારે પ્રમાણમાં આનંદિત- ખુશ થઈ જશે કે અલ્લાહની પાસે ઈમામે મુબીનના ઘણા નામો છે દાખલા તરીકે, "લોહે મહેફૂઝ", "નફસે વાહીદા", "કુરસી", "કીતાબે નાતિક", "ઉમ્મુલ કીતાબ", "અઝ્રુલ્લાહ", "ઈસ્મે અકબર", "નૂરલ્લાહ", "હબલિલ્લાહ", "ઉરવતુલ વુસ્કા", "રૂહે આઝમ", "કીતાબે મકનૂન", "શાહીદ", "સિદ્દીક" વિગેરે.

**(૧૦) બહેશ્ત - દુનિયાનો સાર (દુનિયાનું તત્ત્વ):-** હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસલ્લમે ફરમાવ્યું કે "દુનિયા આખતરની ખેતીવાડી છે." માટે બહેશ્ત એ દુનિયાનું ફળ, ખુલાસો, સત (સાર) અને તત્ત્વ છે, કેમકે જ્યાં સુધી કોઈ માનવી અહીં આવીને પોતાના માટે ઈલ્મો અમલની એક દુનિયાનું ચણતર નથી કરતો ત્યાં સુધી તેની પોતાની બહેશ્ત તૈયાર નથી થઈ શકતી. અને જ્યારે વાણી અને વર્તન (બોલ અને કર્મ) દ્વારા સઘળી- પૂરેપૂરી તૈયારીથી તેની વ્યક્તિગત દુનિયા પરીપૂર્ણ થઈ જાય છે. તો તેના એ વ્યક્તિગત બ્રહ્માંડનું છીલકુ (ઉપરનું પડ) ઉતારી લેવામાં આવે છે. (૮૧/૧૧) કે જેથી તેનું બાતિન એટલે કે (સર્વવ્યાપક રૂહ) રૂહે કુલ્લી બહેશ્તની હેસીયતે તેની સામે આવે, કેમકે દુનિયા અને


આખરત એક સાથે છે, તે એ રીતે કે "જીસ્મે કુલ્લી" (સર્વવ્યાપક શરીર) એ દુનિયા છે અને તેમાં "નફસે કુલ્લી" (સર્વવ્યાપક રૂહ) આખરત છે જેમ કુરાને હકીમમાં ફરમાવેલું છે કે જન્નતની વિશાળતા સઘળા આકાશ અને ધરતીની બરાબર છે (૫૭/૨૯, ૩/૧૩૩) એટલે આકાશો અને ધતીના બાતિનમાં જે સર્વવ્યાપક રૂહ છે તેજ હંમેશની બહેશ્ત છે.

<u>(૧૧) કાયનાતનો છીલકો ઉતારવું:-</u> ખુદાનું ફરમાન છે "અને જ્યારે આકાશ (એટલે કે પૂરી કાયનાતનો છીલકો (૫ડ) ઉતારી નાખવામાં આવશે." (૮૧/૧૧) જ્યારે કોઈ આજ્ઞા સંપૂર્ણ એટલે કે દરેક વસ્તુ ઉપર લાગુ પડે છે તો તે વસ્તુઓના દરેક ભાગ તેના હેઠળ આવી જાય છે અને કોઈ પણ ભાગ તેમાંથી બાકી નથી રહી શકતો. આમ આ મુબારક આયતમાં ઘણા સુક્ષ્મ અને ઊંડા ઈશારાઓ મોજુદ છે દાખલા તરીકે (અ) આ જગત જે સર્વલોકોની સામે છે એક છીલકું છે અને તે જગત તેનો (ગરભ) મેવો છે. (બ) માનવીની અંદર એક અસલ માનવી છે, જે જાહેરીમાં છે તે માનવી એટલે કે બશર છે અને જે બાતિનમાં છે તે મલાયક એટલે ફરિશ્તો છે. (ક) બહેશ્તમાં રાજા અને રાજ્ય એટલે કે સુલતાન અને સલ્તનતના ઘણા દરજ્જાઓ છે માટે ત્યાં દરેક લોકોના માટે શકયતા અથવા જગ્યા છે. (ડ) આમાં એ ઈશારો પણ છે કે કુરાની મિસાલથી તેની હકીકતને સમજી લેવામાં આવે અને પર્દાને હટાવીને તે પર્દા પાછળ જે છે તેને ઓળખી લેવામાં આવે.

<u>(૧૨) બહેશ્તની ધરતી:-</u> સુરહ ઝૂમર (૩૯)ની આયત (૭૪)માં જુઓ કે ત્યાં બહેશ્તની ધરતીનો ઉલ્લેખ છે. જેનો અર્થ છે નફસે કુલ્લી એટલે સર્વવ્યાપક રૂહ અને તેનું આસમાન અકલે કુલ્લી છે. એનો અર્થ એમ થયો કે બહેશ્તની ધરતી રૂહાની છે અને આકાશ અકલાની અને આ પ્રમાણે બહેશ્ત સંપૂર્ણ કાયનાત ઉપર છવાયેલી છે અને બહેશ્તવાળાઓ કે જેઓ આકાશી શુક્ષ્મ શરીરમાં છે, જ્યાં ઇચ્છે ત્યાં જઈ શકે છે અને થોભી શકે છે કેમકે બહેશ્તની ધરતી (એટલે કે સર્વવ્યાપક રૂહ) ઘણી વિશાળ છે, જેમ કે કુરાનમાં તેની વિશાળતાની પ્રશંસા કરવામાં આવેલી છે. (૩૯/૧૦, ૨૯/૫૬, ૪/૯૭)

## (૧૩) બહેશ્તની દુનિયાઓ

### જન્નતની આકૃતિ




ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

નોંટઃ- કુરાનમાં જુઓ કે બહેશ્તને માટે એકવચન વપરાયેલું છે. (૫૭/૨૧) (૩/૯૩૩) અને બહુવચન પણ વપરાયેલું છે (૩/૧૫, ૨/૨૫) તે ન ફક્ત એક જગત છે પણ તેમાં ઘણા જગતો પણ છે કેમકે બહેશ્ત અલ્લાહ

તબારક વ તઆલાની અતીઘણી નવાઝીશોની જગ્યા છે, જ્યારે કે ત્યાં ખુદા લોકોને મહાન રાજ્ય પણ આપે છે. યાદ રહે કે જન્નત ઈબ્દાનું સ્થળ છે અને તેથી ત્યાં હરપળે એક નવા જગતનું જાહેરમાં આવવાનું થઈ શકે છે. મારા વિચાર મુજબ આ આકૃતિ ઘણી અજબ અને ઉચ્ચ સમજ આપનાર તથા અતીઘણી જરૂરી છે માટે સારૂં એ છે કે તમો તેનાથી થઈ શકે એટલો ફાયદો ઉપાડો.

<u>(૧૪) જન્નતનું જાહેર થવું:-</u> જોનારાઓની ઈચ્છા મુજબ બહેશ્તના નૂરથી ભરપૂર દ્રશ્યો ખૂબજ વધારે જાહેરાતમાં આવવા સાથે (ઝહુરાતમાં) બદલાતા હશે કેમકે તે આલમે અમર, જેમાં કુન ફયકુનનું કાર્ય સદા ચાલતુંજ રહે છે તેથી જન્નતવાળાઓને જે ન્યામતની ઈચ્છા હોય જે વસ્તુની તેઓ તમન્ના કરે અને જગતોમાંથી જે જગત જોવા ઈચ્છે તેજ તેમની આંખોના સામે આવશે. આની ઉપમા જો કુરાની ન્યામતોથી દેવામાં આવે તો વ્યાજબી અને વધુ ફાયદામંદ હશે, કેમકે કુરાન બહેશ્તના જગતોમાનું એ જગત છે કે જે બન્ને જગતમાં જાહેર છે અને તે નીચે જણાવ્યા મુજબની ઉપમા છે:-

જો તમો કુરાની બહેશ્તના જુદાજુદા ઝહુરાત અને મોઅજીઝાઓની કલ્પના કરવા ધારો તો કરી શકો છો. દાખલા તરીકે કુરાને મજીદ પોતાના એ બા-કરામત વિસ્તાર (વિશાળતા) છતાં ઉમ્મુલ કિતાબ (સુરતુલ ફાતેહા)માં જાહેર થયેલ (સમાયેલ) છે. ફક્ત એજ નહીં પણ તેના આરંભમાં જાહેર થતું ટપકું કે જે બિસ્મીલ્લાહના પહેલાં શબ્દ "બા"માં આવેલ છે તે અતિશય ઊંચાઈએથી જોડાયેલી એક જીવંત રૂહ અને પ્રકાશિત નૂર છે (૪૨/૫૨). કુરાને મજીદ લોહે મહેફુઝમાં પણ છે. (૮૫/૨૧-૨૨) આ કેવો મહાન મોઅજીઝો છે કે એ વિશાળ કુરાન ઈલાહી કલમ તથા કિતાબે મકનુન (ગુપ્ત પુસ્તકમાં) પણ છે (૫૬/૭૭-૭૮) તેનું એક પરીપૂર્ણ અને સંપુર્ણ નાઝીલ અને જાહેર થવું એ હઝરત પયગમ્બર (સ.અ.સ.)ના દીલ મુબારક ઉપર થયું (૨૬/૧૯૪) જો પવીત્ર કુરાનની કોઈ છુપાયેલી હિકમત સમજમાં આવે છે અથવા કોઈ ભેદ ખુલી જાય છે તો તેનો પ્રકાશ ઈલાહી ખજાનાથી આવે છે (૧૫/૨૧) એટલે કે કુરાની ફિકર ઉપર પ્રકાશ નાખવા માટે નૂર નિયુક્ત થયેલ છે (૫/૧૫) અને

રૂહાની મદદ ના માટે ખુદાના તરફથી એક ખાસ રૂહ નિયુક્ત થયેલ છે (૫૮/૨૨) આ નૂર અને રૂહ અસલમાં ઈમામે મુબીન (અ.સ.)ની પવીત્ર હસ્તીમાં મોજુદ છે (૩૬/૧૨) કેમકે જે રીતે માછલી પાણી વગર જીવતી નથી રહી શકતી એજ રીતે રૂહ અને નૂરનું ચાલુ રહેવું એક પરિપૂર્ણ માનવી (એટલે કે ઈમામે ઝમાન) વગર અશકય છે. આ પ્રકારની ઘણી કુરાની કલ્પનાઓ હોઈ શકે છે, પણ જન્નતમાં આ સઘળાં રૂહાની અને (અકલના) અકલાની ઝહુરાતો અને અનુભવો હશે.

<u>(૧૫) જન્નતની લિઝઝતો (જન્નતની ખુશીઓ):-</u> કુરાનમાં (૧૬/૯૭) આવેલ ઈશારા મુજબ "ઈમાનવાળાઓ કયામતના દિવસે આકાશી શરીરમાં જીવતા થઇ જશે." જેમની ઝિંદગી કુરાનની ભાષા પ્રમાણે હૈયાતે તૈયબા (પાક અને પવીત્ર ઝિંદગી) કહેવાય છે. જેનો ઉલ્લેખ થઈ ચૂકયો છે. જન્નતમાં ત્રણ પ્રકારની લિઝઝતો હશે. સુક્ષ્મ શારીરિક, ઉચ્ચ રૂહાની અને પરીપૂર્ણ અકલની. આ સુક્ષ્મ અને પવિત્ર લિઝઝતોના દાખલાઓ દુનિયામાં હર કોઈને નસીબ નથી થઈ શકતા પણ ફકત બસીરતવાળાઓ એટલે કે અંતરચક્ષુવાળાઓજ છે કે જે આ ન્યામતોને ઓળખે છે. આ વિષય પછી હવે સારૂં એ હશે કે તમો કુરાને પાકમાં જન્નતની લિઝઝતોના વિષયોને ખૂબજ ધ્યાનપૂર્વક વાંચો અને તેને સંબંધિત હદીસે નબવીનો પણ અભ્યાસ કરો કે જેથી બહેશ્તની મારફતના માટે ઘણી મોટી હદ સુધી મદદ મળી શકે- વસ્સલામ

***નસીરૂદ્દીન નસીર હુંઝાઈ***

*લંડન- ૨૫-૧૧-૧૯૮૭*

☆☆☆

# હકીકી કા'બાનો તવાફ

(૧) એક ફારસી કહેવત છે. "અગર બીગોયમ, મુશ્કીલ- અગર ન ગોયમ, મુશ્કીલ" (જો બોલો તો મુશ્કેલ જો ન બોલો તો મુશ્કેલ) એ રીતે મને હંમેશા નહીં તો અમુક વખતે બે મુશ્કેલીઓ સામે હોય છે. તે એછે કે આ ઈમામતના ઈલ્મના વખાણ કરવાથી અમુક લોકોને એવું લાગી શકે છે કે એમાં પોતાના વખાણનો અંશ મોજૂદ છે અને જો આ અતી મહત્વના વિષય માટે કંઇ પણ ન કહું તો મુશ્કેલી એ થઇ જાય છે કે જે મિત્રોના પાસે કોઇ ખાસ ધોરણ ન હોય તેઓ આવા વિષયોને વ્યાજબીપણે પારખી નથી શકતા જેને લીધે એ વાત શકય થઇ જાય છે કે આ ઈલ્મને ઘણીજ ઓછી મહત્વતા દેવામાં આવે, તો અમારે એવી સ્થિતિમાં શું કરવું જોઈએ ? એનો ઈલાજ એ છે કે અમો પોતાના તરફથી એ કાર્ય ઉપર અમલ કરવા માટે સખત પ્રયત્નો કરીએં અને વારંવાર અમારી પોતાની નાચીઝ હસ્તીને રદ કરીએ (નીચે પાડીએ), જેની ઘણી રીતો છે અને એક અકલવાળી રીત એ પણ છે કે જેનો ઉપયોગ આ પુસ્તકના આરંભમાં પ્રસ્તાવનામાં કરવામાં આવ્યો છે. એથી વધીને મારી હસ્તીને નીચા પાડવાનું કામ નીચે જણાવ્યા મુજબ પણ થઇ શકે છે:-

(૨) સુરહ નીસા (૪/૨૮)માં ફરમાવેલું છે કે "..... અને માનવીને કમજોર (અશકત) પેદા કરવામાં આવ્યો છે." આ ખુદાઇ હુકમ (શિક્ષણ)માં કેટલો મોટો અને કેવો સર્વવ્યાપક સત્યનો પ્રકાશ છે, જેને જોવાથી અકલની આંખો અંજાઇ જાય છે. હવે આ કુરાની ફેસલા પછી દેશો, કોમો, ટોળાઓ અને વ્યક્તિઓમાંથી હકીકતમાં કોઇ એ દાવો હરગીઝ નથી કરી શકતો કે તે તાકતવાળો (શક્તિમાન) છે. કેમકે દરેક શખ્સ અશકત અને નબળો છે અને કેમકે દરેક માનવીનો ઈતિહાસ કમજોરીઓ અને નિષ્ફળતાઓથી ભરેલો છે માટે આપણે ભૂતકાળ ઉપર દ્રષ્ટિ નાંખીએ કે શરૂઆતમાં આપણે કયાં હતા, આપણી શું હેસિયત હતી? જ્ઞાન અને હુનરમાં આપણું શું સ્થાન હતું? આપણો કેવા પ્રકારના કામોથી સંબંધ રહ્યો? વિગેરે.

(૩) હવે આ ઈલ્મના વ્યાજબીપણે વખાણ કરી શકાય છે કે

જે પોતે આ અશક્ત બંદાનું પોતાનું નથી પણ તે એ મહાન મરતબાવાળા મોઅલ્લીમે રબ્બાની (ખુદાઈ શિક્ષક)નું છે કે જે દરેક પ્રકારે કમાલીયતવાળા અને અનુપમ છે પરંતુ આહ! આહ! આ બાળક જેવા શબ્દો મારાં છે કે જેને જાણે કે હીરામોતીઓના ભંડારને ગૂંણીમાં અને સોનાચાંદીના ઢગલાને ગોદડીમાં નાખીને ધરી રહ્યો છું, (રજૂ કરી રહ્યો છું). કદાચ હું આવી મહાનતમ હકીકતોને શાનદાર શબ્દોમાં વર્ણવી શકતે. મારી સાહિત્યના જ્ઞાનની ઓછપ અને લેખનની મજબૂરીને ખુદાવંદતઆલા જુએ છે અને તે ગેબી બાબતોના જાણનારાથી કોઈ સ્થિતિ છુપાયેલી નથી.

(૪) હકીકી કા'બાનો તવાફ, આ કલ્પના અને આ વિષય મને એવો કેમ લાગી રહ્યો છે જેમ કે મને કોઈ મહાન ખજાનો મળી ગયો હોય? અથવા જાણે કે કોઈ ગગનચુંબી પર્વત ઉપર ઝવેરાતની ખાણનું ઠેકાણું મળી ગયું હોય? કદાચ આ બનાવની પાછળ કોઈ બહુજ મોટો ભેદ છુપાયેલો છે. મને પૂરેપૂરો વિશ્વાસ છે કે દરેક એવો માનવી આ વિષયથી અને આ પુસ્તકથી અતી આનંદિત અને પુલકિત થશે કે જે હઝરત ઈમામ સલ્વાતુલ્લાહ અલૈહી વ સલ્લમના ઈલ્મી રૂપનો ચાહક અને આશીક છે. કહેવાનું એમ છે કે હકીકી કા'બા બાતિનના અનુભવમાં સમયના અસ્તિત્વનું કેન્દ્ર છે કે જેની આસપાસ મરતબા પ્રમાણે તવાફ (ફરવા)ના માટે અસંખ્ય વર્તુળો નિયુક્ત કરેલાં છે અને દરેક વસ્તુ તવાફના અર્થમાં પોતાના વર્તુળ ઉપર ફરતી રહે છે. (૩૬/૪૦)

(૫) સુરહ અંબીયા (૨૧/૩૩) અને સુરહ યાસીન (૩૬/૪૦)માં ફરમાવેલું છે કે "સઘળા (કુલ) એક એક વર્તુળમાં તરી રહ્યા છે." એટલે કે ખુદાની ખુદાઈમાં જેટલી અસંખ્ય વસ્તુઓ છે એટલાં અગણિત વર્તુળો નિયુક્ત છે અને દરેક વસ્તુ સદાય પોતાના વર્તુળ ઉપર હકીકી કા'બાનો તવાફ કરી રહી છે. દાખલા તરીકે આપણા સૂર્યમંડળમાં જેટલાં પણ ગ્રહો અને તારાઓ રહેલાં છે, તે દરેકે દરેક જાહેરીમાં સૂર્યની આસપાસ ફરી રહ્યા છે એટલે કે તવાફ કરે છે પણ તેની અંદર જે કુદરતી હિદાયત છુપાયેલી છે (૨૦/૫૦, ૧૭/૮૪) તેના હવાલાથી એ સઘળા હકીકી કા'બાનો તવાફ કરે છે. જો કે તેમનો આ અમલ મારફત એટલે કે

ઓળખ અથવા જ્ઞાન વગરનો છે.

(૬) કહેવાય છે કે એટમ (અણુ)માં નાના (સુક્ષ્મ) પ્રમાણમાં સૂર્યમંડળ રહેલું છે. જેમાં એટમનું કેન્દ્ર જાણે કે સૂર્ય છે અને ઈલેકટ્રોન્સ કે જે કેન્દ્રની આસપાસ ફરે છે તે જાણે કે ગ્રહો છે. કેન્દ્ર કે જે સૂર્યની હેસિયત ધરાવે છે તે પ્રોટોન્સ અને ન્યુટ્રોન્સથી મળીને બનેલું છે. આ પરથી સ્પષ્ટ થયું કે એટમમાં પણ તવાફનો કાનૂન રહેલો છે. યાદ રહે કે આ બ્રહ્માંડ અને તેની દરેક વસ્તુ એટમોથી બની છે.

(૭) દાયમુલ ઈસ્લામ નામના પુસ્તકના પ્રથમ ભાગમાં કિતાબુલ હજ્જ તથા વજહેદીન ના ૩૪મા સંવાદમાં જુઓ, કે ફરિશ્તાઓ અર્શ અને બૈતેમામુરની આસપાસ મારફતની સાથે (ઓળખ સહીત) તવાફ કરે છે. આમાં ઘણી બધી હિકમતો છુપાયેલી છે. ધરતીના ગ્રહ ઉપર ખુદાના હુકમથી ખાનાએ કા'બાનું ચણતર સૌથી પહેલાં ફરિશ્તાઓએ કર્યું હતું. જેનો તવાફ સૌથી પહેલાં હઝરત આદમ અલૈહીસ્સલામે કર્યો હતો. એ ઘર તોફાન (જળપ્રલય)ના ઝમાનામાં ચોથા આસમાન ઉપર ઉઠાવી લેવાયું હતું, જેમાં દરરોજ (૭૦૦૦૦) સિંતેર હજાર ફરિશ્તાઓ દાખલ થઈ જાય છે અને તવાફ કરીને ચાલ્યા જાય છે પછી ફરીવાર નથી આવતા. હઝરત ઈબ્રાહીમ અલૈહીસ્સલામે એજ ઘર ઉપર આધારિત બૈયતુલ્લાહ બનાવ્યું.

(૮) અંબીયાઓ અને ઈમામો અલૈહીમુસ્સલામ પોતપોતાના વખતમાં ખાનાએ ખુદા (ખુદાના ઘર) છે. હ. નૂહના વખતનો જળ પ્રલય (તૂફાન) રૂહાની ક્રાંતિ અને વ્યક્તિગત કયામતનો નમૂનો છે. ખાનાએ કા'બાને આસમાન ઉપર ઉઠાવવાની તાવીલ છે:- ઈઝરાઈલની મંઝીલમાં દરેક પયગમ્બર અને દરેક ઈમામના ઈબ્દાઈ પહેરણનું ઉપર ચઢવું, દરરોજનો અર્થ છે, દરેક નબી અથવા દરેક ઈમામ. અને સિંતેર હજાર ફરિશ્તાઓ જેઓ દરરોજ હકીકી કા'બામાં દાખલ થઈ જાય છે તેઓ જીવંત પહેરણ છે કે જે અલ્લાહ તબારક વ તઆલા એજ મંઝીલમાં દરેક પયગમ્બર અને ઈમામના પાક અને પવિત્ર નૂરથી ઈમાનવાળાઓના માટે બનાવી દયે છે (૧૬/૮૧).

(૯) તમો કાયનાતી નૂર અથવા સર્વવ્યાપક હિદાયત (૨૪/૩૫)ના વિષે વિચાર કરો. કુરાનની આ આયતને પણ જુઓ કે જે દરેક વસ્તુની

હિદાયતના સંબંધે છે (૨૦/૫૦) અને સર્વમાન્ય સિધ્ધાંતને પણ જુઓ કે જે હિદાયતના દરજ્જાઓના પ્રકરણોમાં છે (૧૭/૮૪) તેના પછી તમો એ બતાવો કે કુદરતી અને જરૂરી હિદાયતથી કઇ કઇ વસ્તુઓ વંચિત છે તમો ચોક્કસપણે એમજ કહેશો કે ઇલાહી હિદાયતથી કોઇ વસ્તુ વંચિત નથી (કોઇ વસ્તુ ખાલી નથી). જેમાં માનવી અધિકૃત (અખત્યારી) હિદાયત હેઠળ છે અને જે માનવી નથી એવી વસ્તુઓને કુદરતી અથવા જબરદસ્તીની હિદાયત દેવામાં આવી છે. હવે જો આપણને બ્રહ્માંડ અને તેમાંની મોજૂદ વસ્તુઓની હિદાયત વિષે કંઇક જાણવું છે, તો એટમનો દાખલો લઇ તે ઉપર વિચાર કરીશું, કેમકે જ્યારે બ્રહ્માંડ અને તેની દરેક વસ્તુ એટમ (અણુઓ)થી બની છે તો પછી તે એટમ પોતેજ આસમાન અને ધરતીની દરેક વસ્તુનો નમૂનો છે, અને તમોએ વાંચ્યું કે એટમમાં તવાફની રીત કામ કરી રહી છે તો પછી અહીં એ મહાન ભેદ જાહેર થયો કે હિદાયત તવાફના સ્વરૂપમાં પોતાનું કામ કરી રહી છે. તેનો હેતૂ કેન્દ્ર છે એટલે કે હકીકી કા'બા.

(૧૦) આયતે સજદા, ખાસ કરીને સુરહ નહલ ની (૧૬/૪૯) આયતના પ્રકાશમાં જુઓ કે આકાશ અને ધરતીની દરેક વસ્તુઓ ખુદાને સિજદો કરે છે. સિજદાનો અર્થ છે ઇતાઅત (તાબેદારી) કરવી. અથવા તેને સિજદોજ રહેવા દયો. દરેક અર્થ અને દરેક સ્થિતિમાં એટમ તવાફના સ્વરૂપે સિજદો કરી રહ્યો છે અને તેની એક સ્પષ્ટ દલીલ કુરાને હકીમના હવાલાથી એ છે કે દરેક વસ્તુનો મૂળ અમલ એક જેવો છે પણ કુરાનમાં તેના જુદા જુદા દાખલાઓ (સ્વરૂપો) બતાવ્યા છે. તેમાંથી એક દાખલામાં ફરમાવેલું છે કે બ્રહ્માંડ અને તેમાં રહેલી વસ્તુઓમાંથી કોઇ પણ એવી નથી કે જે તેના વખાણની તસ્બી ફેરવતી ન હોય (૧૭/૪૪) બીજા દાખલામાં ફરમાવેલું છે કે દરેક વસ્તુ અલ્લાહની આગળ સિજદો કરે છે (૧૬/૪૯) ત્રીજાં દાખલામાં કહેવામાં આવ્યું છે કે દરેકને પોતપોતાની નમાઝ અને તસ્બી ખબર છે (૨૪/૪૧) અને ચોથા દાખલામાં છે કે દરેક વસ્તુઓ રૂહાની કા'બાની રૂહની હેસિયત ધરાવે છે. (૨૮/૫૭) ટૂંકમાં એટલું કે દરેક વસ્તુ ખુદાની આગળ સિજદો કરે છે અને એજ રીતે એટમ પણ પોતાની આંતરિક સ્થિતિમાં કે જે

ફરવાની કે તવાફ કવાની રીતે છે, સિજદો કરે છે.

(૧૧) મખ્લુકાત (આ રચના)ના જેટલાં દરજજાઓ છે એટલાં દરજજાઓ હકીકી કા'બાના તવાફના પણ છે, એટલેકે આ તવાફ દૂરથી દૂર પણ છે અને નજદીકથી નજદીક પણ. જેની ઉપમા– જેના દાખલા તરીકે આ આકૃતિ જુઓ.

## તવાફનો નકશો




ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

(૧૨) ખુદાની હિદાયત સિવાય કોઇ શક્તિ નથી કે જે બ્રહ્માંડ અને તેની સઘળી વસ્તુઓને (હલનચલન) હરકતમાં લાવે, જેને લીધે દરેક વસ્તુ એક પ્રકારે હકીકી કાબાની આસપાસ તવાફ કરી શકે છે. એનો મતલબ એ થયો કે જે સર્વવ્યાપક રૂહ હંમેશા મહાન આસમાનોને ફેરવી રહી છે તેજ દરેક એટમની અંદર નાના નાના ઇલેક્ટ્રોન્સને પણ ફેરવતી રહે છે.

એજ રૂહાની પાશ્ચાવાદ ભુમિકાની કલ્પના કરતા કરતા એ કહેવું તદ્દન વ્યાજબી છે કે એટમની અંદર હકીકી કાબાના તવાફનો એક જીવતો જાગતો દાખલો મોજૂદ છે અને એ ખુદાવંદી આયાતમાંથી છે. આયાત મોઅજીઝા અને નીશાનીના અર્થમાં છે. (૪૧/૫૩).

(૧૩) ઇસ્લામી એન્સાઇકલોપીડીયા (લેખક: સૈયદ કાસમ મેહમૂદ)માં છે કે: "તવાફ કરવું: ખાનાએ કાબાના ચારે તરફ ફરીને દુઆ માંગવી" એ રસમને અદા કરવાની છે, જે હઝરત ઇબ્રાહીમ (અ.સ.)ના વખતમાં કુરબાની અને અર્પણ કરાનાર વસ્તુ લઇને કુરબાની કરવાની જગ્યાના ચારે તરફ ફરીને અદા કરવામાં આવતી હતી. (દાખલા તરીકે) હાજી પોતાની જાતને કુરબાનીની જગ્યા ઉપર ધરે છે......તેથીજ તે તેના (કાબાના) ચારે તરફ ફરે છે, અને એ ફરવાની સ્થિતિમાં અલ્લાહ તઆલાથી પોતાના ગુનાહોની માફીની દુઆ કરે છે.

તવાફ હકીકતમાં એક પ્રકારની ઇબ્રાહીમી નમાઝ છે કે જે તે જૂના વખતની યાદગાર છે, તે માટે હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.) ફરમાવ્યું કે: ખાનએ કાબાનો તવાફ પણ જાણે કે નમાઝ છે. ફર્ક માત્ર એ છે કે તેમાં તમો બોલી શકો છો પણ નેક વાતો સિવાય એ સ્થિતિમાં કંઇ બીજું ના બોલો." (તીરમીઝી, નીસાઇ).

(૧૪) ૯મા પોઇન્ટમાં એક અતી મહત્ત્વની વાતની જાહેરાત એ હતી કે હિદાયત તવાફના સ્વરૂપમાં પોતાનું કામ કરી રહી છે, જેનો ખુલાસો એ છે કે, સમુદ્રો, વાદળો, વરસાદો, નદીઓ અને દરિયાઓના સ્વરૂપમાં પાણીના (હલન ચલન) ગર્દીશ અને તવાફને જુઓ જેમાં કુદરતી હિદાયત કાર્ય કરી રહી છે અને તેમાં કેટલી અસંખ્ય બરકતો છે એજ રીતે માણસને જે (મરજી પ્રમાણેની) અધિકાર વાળી હિદાયત પ્રાપ્ત થયેલ છે જેના લીધે

તેના જે ઈલ્મ અને અમલ છે તે તવાફના સ્વરૂપમાં ફરે છે કેમકે દરેક નેકીના બે સવાબ છે એક થોડા–ઓછા સ્વરૂપે દુનિયાના માટે અને બીજો સંપૂર્ણ રીતે આખરતના માટે (૩/૧૪૮) આમ જો તમોએ ઈલ્મ અને હિકમતની એક અતીશય પાક–પવીત્ર વાત પ્રાપ્ત કરી લીધી અને તે મુજબ કોઈ બહુ સારૂં કામ પણ કર્યુ તો એ ઈલ્મ સારા અમલના વસીલાથી ઊચ્ચ થઈને ખુદાની હુઝુરમાં જશે (૩૫/૧૦) અને તુરતજ તેનો દુન્યવી સવાબ તમને મળી જશે. આ દાખલામાં હકીકત એટલે કે સચ્ચાઈના ફરતે તવાફનો ફકત એકજ ફેરો થયો, પણ તમો આવા બરકતવાળા તવાફથી કેમ પાછળ હઠી શકો છો. સારૂં એ છે કે તમો તેને ચાલુ રાખો કે જેથી દરેક વખતે તમોને રબ્બુલઈઝઝત ની બારગાહથી એક તાજી આસમાની દોલત મળતી રહે. સ્પષ્ટ છે કે આજ રીતે તમારો તવાફ વધુ ને વધુ પરિણામ લાવનારો, ફળદાયી અને ફાયદામંદ થતો જશે.

(૧૫) જન્નતની ન્યામતોનો આમ તો કોઈ હિસાબ નથી થઈ શકતો પણ તે ત્રણ મોટાં પ્રકારમાં છે. સુક્ષ્મ શારીરિક ન્યામતો, રૂહાની ન્યામતો અને અકલી ન્યામતો, જે રીતે આ ભૌતિક દુનિયામાં આકાશ, ધરતી, સૂર્ય, ચંદ્ર, તારા, રાત્રિ–દિવસ, મહિના અને વર્ષ વિગેરે ફરતા એટલે કે તવાફના સ્વરૂપમાં ખિદમત કરતા રહે છે એજ રીતે ગીલમાન (બહેશ્તના ખિદમતગારો) કે જેઓ છુપાયેલાં મોતીની માફક છે, અકલની ન્યામતો રજૂ કરતાં તરતજ તવાફ કરી જાય છે એટલે કે ઉદય પામીને તરતજ અસ્ત પામી જાય છે. (૫૨/૨૪, ૫૬/૧૭, ૭૬/૧૯, ૩૭/૪૫, ૪૩/૭૧, ૭૬/૧૫).

(૧૬) અત્રે એક ઘણોજ અજબ અને મહત્ત્વનો સવાલ એ ઉપસ્થિત થઈ જાય છે કે કાયનાત અને તેમાં મોજૂદ દરેક વસ્તુઓ હકીકી કાબાનો તવાફ શા માટે કરે છે? અને બહેશ્તના ખાદીમો (ગીલમાન) કઈ વસ્તુનો તવાફ કરે છે? વળી એ પુછવું બેહદ જરૂરી થઈ જાય છે કે અકલી ન્યામતોનો તવાફથી શું સંબંધ છે? અને એ પણ એક આશ્ચર્યજનક સવાલ છે કે શું ખુદાતઆલાનો અર્શ/તેનું સિંહાસન અલગ જગ્યાએ અને બૈતુલ મામુર તેનાથી જુદું છે?

જવાબ: હકીકી કાબાથી અર્થ છે ઈમામે મુબીન અલૈહીસ્સલામની

મહાન હસ્તી, જેના પવીત્ર નૂરની અસંખ્ય કીરણોની રસ્સીઓથી સઘળી વસ્તુઓ સંબંધ રાખે છે. એ અર્થમાં કે દરેક વસ્તુનો આણ જગત એટલે આલમે ઝર ઈમામે ઝમાનમાં છે, માટે દરેક વસ્તુ હોશમય (જાગૃત અવસ્થામાં) અથવા (બેહોશીમાં) લા-શઉરી રીતે આ હકીકી કાબાની આસપાસ ફરતી રહે છે. જન્નતના ખાદીમોના તવાફનું મોઢું જો કે જાહેરીમાં બહેશ્તની તરફ છે, છતાં તેમાં બીજાં પણ અસંખ્ય અર્થો છે. અકલી ન્યામતોનો સંબંધ તવાફથી એ માટે છે કે કાયનાતની દરેક વસ્તુ પોતાના વર્તુળ ઉપર હંમેશા ફરતી રહે છે પણ આ ભેદ લોકોની જાણમાંજ નથી કે કઈ શક્તિ તેને હલનચલનમાં લાવે છે? અને કઈ રીતે? અને તેમાં શું શું હિકમતો છે? માટે આ સઘળા ભેદો તરફ ઈશારો અને તેનો ખુલાસો ગીલમાનના તવાફથી કરવામાં આવશે કેમકે અઝલ અને અબદનો સિદ્ધાંત એજ છે કે ત્યાં સઘળા ભેદો ફક્ત નૂરના સૂર્યના ઉદય અને અસ્ત તથા કલીમાએ અમરના પ્રકાશમાં વાંચવામાં આવે છે જ્યાં હકીકી બાદશાહનો મહેલ (ઘર) છે, ત્યાં તેનું સિંહાસન પણ છે એટલે કે ઈમામ (અ.સ.)ની પવીત્ર રૂહ ખુદાનું ઘર (બૈતુલ મામુર) અને તેવણ નામદારની અકલ અલ્લાહનું સિંહાસન છે. અને આ હકીકતની વધુ સાબિતીઓના માટે ઈન્શાઅલ્લાહ સેંકડો સ્પષ્ટ દલીલો રજૂ કરી શકાય છે અલહમ્દોલિલ્લાહ અલા મન્નીહી વ અહેસાનીહી).

નોટઃ-દરેક ઊચ્ચ દરજજાના પુસ્તકનો વારંવાર અભ્યાસ કરવાથી મન અને મગજમાં રૂહાની મદદની કોઈ કરામત થઈ શકે છે અને એ સદ્‌ભાગ્યના માટે વિશ્વાસપૂર્વકનું જ્ઞાન-ઈલ્મ અને ઈમામેઝમાનની મોબ્બત જરૂરી છે. (૫૮-૨૨).

***નસીરૂદ્દીન નસીર હુંઝાઈ***

*કરાચી ૧૫ રબ્બીઉસ્સાની ૧૪૦૮ હિજરી*

*૭ ડીસેમ્બર ૧૯૮૭*

☆☆☆

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# નબીના નૂરની મારફત (ઓળખ)

(૧) અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસલ્લમને છેલ્લા નબીના મરતબાથી મોકલીને સામાન્ય રીતે ઈન્સાનીયતની દુનિયા ઉપર તથા ખાસ કરીને ઈસ્લામી જગત ઉપર જેટલાં ઉપકારો કર્યા છે તેનો હિસાબ અને ગણત્રી કોઈ માનવીથી કયારેય નથી થઈ શકતી જેમકે ખુદાએ અલીમો હકીમનો હિકમત ભર્યો ઈરશાદ છે "અને (અય રસૂલ) (સ.અ.સ.) અમોએ તને સઘળી દુનિયાવાળાઓ માટે રહેમત બનાવીને મોકલ્યો છે." (૨૧/૧૦૭). અત્રે દરેક એ શખ્સને ખૂબ જ ધ્યાન આપવું જોઈએ કે જે રસૂલ (સ.અ.સ.)ના ઈશ્કના કોઈ દરજજા ઉપર હોય, કે પયગમ્બર (સ.અ.સ.)ની ઊચ્ચ ગૂણોવાળી હસ્તી કેવી કેવી રહેમતો અને મહેરબાનીઓની એક કાયનાત છે. અને દરેક એવા માણસને પણ સારી રીતે વિચારવું જોઈએ કે જે હઝરત નબી સાહેબ (સ.અ.સ.)ને જે રીતે ઓળખવું જોઈએ તે રીતે નથી ઓળખતો કેમકે આ રહેમત એક એવો કુરાની શબ્દ છે કે જેના અર્થમાં સઘળા વ્યક્તિગત જગતોના માટે દરેક ગણી રૂહાની જરૂરીયાતોને પૂરી કરવાનો અને દરેક પ્રકારની મહેરબાનીનો ઉલ્લેખ છે અને કુલ્લ રહેમત જાનશીની અને ખીલાફતના સ્વરૂપમાં કાયમ અને હંમેશા રહેલાં છે.

(૨) સુરહ તૌબાના છેવટમાં (૯/૧૨૮) છે: "લોકો તમારામાંથી જ (મીન અનફુંસીકુમ) એક રસુલ (સ.અ.સ.) તમારી પાસે આવી ચુકયો છે (જેની મહેરબાનીઓની એ સ્થિતિ છે કે) તમારૂં કષ્ટ તેને ભારે (આઘાત પહોંચાડનારૂં) થઈ પડે છે. તમારા (કલ્યાણ) માટે ઘણો જ આતુર રહે છે, અને ઈમાનદારોના માટે ઘણો નરમ દીલ અને દયાળુ છે." (૯/૧૨૮). હવે અમો કુરાનની આ આયતની હિકમતને પ્રકાશમાં લાવતાં વ્યાજબીપણે એમ કહીશું કે હુઝુરે અનવર (સ.અ.સ.) ઈન્સાનીયતના જગતનીજાનથી જાન સુધી આવેલાં અને છવાયેલાં છે. આ કેમ શકય થઈ શકે છે? તે

એમ કે મીન અનફુસીકુમ (યાને તમારી જાનથી)નો અર્થ એ છે કે રસુલુલ્લાહ (સ.અ.સ.) ત્યાંથી આવેલા છે જ્યાં સઘળી રૂહો એક લશ્કર તરીકે એકઠા છે. (અલ અરવાહુ જુનૂદુન મુજન્નદતુ) (સહી બુખારી ખંડ બીજો પાનુ ૩૦૩) અને પછી તેવણ નામદાર કે જે સીરાજે મુનીર છે, તેઓ કઇ રીતે ફકત જાહેરમાં મર્યાદિત હોઇ શકે છે. (૩૩/૪૬) માટે તેવણ નામદાર (સ.અ.સ.) દીલોને મુનવ્વર (પ્રકાશિત) કરી દેવાના માટે જાનોમાં પણ દાખલ થઇ ગયા કેમકે જે ઊચ્ચત્તમ મરતબાવાળી હસ્તી ખુદાવદે આલમના તરફથી રહેમતે કુલ્લ બનાવીને મોકલાવાઇ છે, તેનું એજ તો કામ છે કે જાહેર અને બાતિનના દરેક મુકામ ઉપર રહેમતો અને મહેરબનીઓની વર્ષા કરતી રહે. મજકૂર મુબારક આયતની હિકમતે એ સાફ સાફ બતાવી દીધું કે હ: રસુલ (સ.અ.સ.)ની મારફત (ઓળખ)થી સઘળી મુશ્કેલ સમસ્યાઓની ગાંઠો ખુલી જાય છે, પણ તેની સાથે સાથે એ કાયદો પણ સારી રીતે યાદ રહે કે એ મારફતનો દરવાજો ઈમામે ઝમાન (અ.સ.) છે.

(૩) સુરહ જુમ્મા (૬૨)ની શરૂઆતની ચાર હિકમત ભરપૂર આયાતોને તરજૂમા સહીત ખૂબજ ધ્યાનથી તપાસો, અને સાફ દીલથી એ મોટી ઈચ્છા પેદા કરો કે "કદાચ! હું પણ નબુવ્વતના સમયના એ નેકબખ્ત (સદ્‌ભાગી) મોમીનોના સાથે હોત! કે જેમને હ: રસુલે કરીમ (સ.અ.સ.) પોતાના મુખ મુબારકથી ખુદાવંદી આયતોની તીલાવત કરીને સંભળાવતા હતા, તેઓને પાક કરતા અને કિતાબ તથા હિકમત શીખવતા હતા." તો ત્યાંથીજ તમોને હિકમતવાળો જવાબ મળશે કે "એમાં જરા પણ નિરાશા નથી, તમો ઇચ્છો તો પોતાના જમાનામાંજ રહેતાં તે લોકોની સાથે જોડાઇ શકો છો, કેમકે ખુદા ગાલીબ - સર્વશક્તિમાન હિકમત વાળો છે. (૬૨/૩)" અર્થાત ઈમામ કે જે ઊચ્ચતમ સ્થાન ધરાવે છે, તે ન ફકત સીરાતે મુસ્તકીમ અને માર્ગદર્શકજ છે બલ્કે હ: રસુલ (સ.અ.સ.)ની હિકમતનો દરવાજો પણ છે. તે ખુદાના હુકમથી તમોને રૂહાની રસ્તા ઉપર આગળ વધારતાં હ: રસુલુલ્લાહ (સ.અ.સ.)થી મેળાપ કરાવી શકે છે કે જેથી તમો પણ પયગમ્બર અકરમ (સ.અ.સ.)ની રૂહાનીયત અને તેવણના જ્ઞાન અને હિકમતથી પાક અને પવીત્ર થઇ શકો.

(૪) સુરહ બકરહમાં એક ઠેકાણે (૨/૧૪૬) ફરમાવેલું છે કે "જે લોકોને અમોએ પુસ્તક (તૌરાત અને ઈન્જીલ) દીધેલ છે તેઓ તે પયગમ્બર (સ.અ.સ.)ને એ રીતે ઓળખે છે કે જે રીતે તેઓ પોતાના ફરજંદોને ઓળખે છે." આ તે વખતની વાત છે જ્યારે કે અહેલે કિતાબ પોત પોતાના સમયમાં હક ઉપર કાયમ હતા જે વખતે નબીનું નૂર હઃ ઈબ્રાહીમની આલના અંબીયાઓ અને ઈમામોના સીલસીલામાં ચાલતું આવતું હતું અને તેવણ નામદારોએ રસુલુલ્લાહ (સ.અ.સ.)ને નૂરાનીયતમાં પોતાના વંશધર તરીકે ઓળખી લીધા અને આમપણ નૂરના ઘણા સંબંધો હોય છે કેમકે નૂર મોતીઓની લળીઓના ધાગાની જેમ કામ કરે છે.

(૫) રૂહાનીયત લા મકાન અને લા ઝમાન છે એટલે કે તે સ્થળ અને સમયથી ઊપર છે કેમકે તેમાં સ્થળનું સુક્ષ્મ સ્વરૂપ છે અને સમય, સઘળું વર્તમાનજ છે, એવી સ્થિતિમાં અસાસ (અલી અ.સ.) નૂરે નાતિકને જૂએ છે માટે નબૂવ્વતના અને રીસાલતના સઘળા રહસ્યો અસાસને ખબર છે. ઈમામે ઝમાન નૂરે અસાસ (અ.સ.)ને જૂએ છે માટે અસાસના સઘળા ખજાનાઓ ઈમામે ઝમાન (અ.સ.)માં મૌજૂદ છે અને મોમીનો જુદા જુદા દરજજાઓમાં ઈમામે ઝમાન (અ.સ.)ના નૂરને જોઈ રહ્યા છે માટે તેઓ ઈલ્મ અને મારફતના જુદા જુદા દરજજાઓ ઉપર બિરાજેલાં છે જેમકે ઈરશાદે નબવી છે કે (તૂબાના વૃક્ષની) ખુશહાલી છે તેના માટે જેણે મને જોયો, અને ખુશહાલી છે તેના માટે જેણે મને જોનારાઓને જોયો અને ખુશહાલી છે તેના માટે જેણે મને જોનારાના જોનારાને જોયો (હદીસ અઝ અલ મજાલીસ અલ મુઅય્યદીયા અલમાઈતલ ઉલા મજલીસ ૩૩ પાના ૧૬૨) નબીના નૂરની મારફત (ઓળખ)નો બસ આ જ વસીલો છે.

(૬) મૌલા અલી (અ.સ.)ના આ મુબારક ફરમાનને જુઓ "નહનુન્નૂરૂન મીન નૂરીલ્લાહી વ શીઅતના મીન્ના." અમો (ઈમામો) ખુદાના નૂરથી એક નૂર છીએ અને અમારા દોસ્તદારો અમારાથી છે. અહીં પવીત્ર ઈમામો (અ.સ.)ને ચાહનારાઓ માટે ઘણી મોટી ખુશખબરી છે કેમકે (મીન્ના) "અમારાથી છે."નો અર્થ છે કે "અમારા દોસ્તદારો અમારા નૂરથી છે." અને તેમાં કોઈ શંકા નથી. કે ઈમાનવાળાઓ પાસે ઈમામતનું

નૂર ન ફક્ત જાહેરીમાં છે પરંતુ તેમની અકલ અને જાન (રૂહ)થી મળીને બાતિનમાં પણ છે અને એ પણ ખબર છે કે હીદાયતનું નૂર સીરાતે મુસ્તકીમ અને સલામતીના રસ્તાઓ ઉપર ચાલવા માટે નીયુકત થયેલું છે. (૫/૧૫-૧૬, ૫૭/૨૮) કે જેથી મારફતના હંમેશા રહેવાવાળા ખજાનાઓનું જ્ઞાન થાય, જેમાં દરેક મોમન બંદાની પોતાની ઓળખ, ઈમામની ઓળખ, પયગમ્બરની ઓળખ અને ખુદાની ઓળખના હીરા મોતીઓના તથા ચાંદી અને સોનાના મહાન ઢગલા રહેલા છે.

(૭) અત્રે વધુ સંતોષના ખાતર સવાલ જવાબના મારફત અમુક મહત્ત્વના મુદ્દાઓ તરફ તમારૂં ધ્યાન દોરવવામાં આવે છે:

સ: ૧. શું અસલમાં એકજ નૂર છે કે જુદા જુદા નૂરો છે?

જવાબ: હકીકતમાં નૂર એકજ છે જે તેના અલગ અલગ જાહેરી સ્વરૂપોમાં ઘણા બધા નૂરોનું કામ પણ કરી શકે છે જેમ "નૂરન અલા નૂર" (૨૪/૩૫)માં તેનું રહસ્ય છુપાયેલું છે.

સ: ૨. નૂરની પહોંચ કયાં કયાં સુધી છે? અથવા એમ પૂછવું જોઈએ કે નૂર કઇ કઇ વસ્તુઓ ઉપર પ્રકાશ નાખે છે? દુનિયા? આખરત? જાહેર? બાતિન? અઝલ? અબદ? શરીર? રૂહ? અકલ?

જવાબ: નૂરના માટે પહોંચ જેવો અદના શબ્દ વ્યાજબી નથી, જ્યારે કે નૂર બ્રહ્માંડ ઉપર ન ફક્ત છવાઇ ચૂકેલ છે બલ્કે નૂરના સમુદ્રે સઘળા બ્રહ્માંડને પોતાના ઊંડાણમાં હંમેશાના માટે ડૂબાવી રાખ્યા છે.

સ: ૩. શું તમો ખુશ અને તૃપ્ત (સંતોષ પામેલાં) છો કે તમોએ નૂરે નબી (સ.અ.સ.)ની મારફત (ઓળખ)ના વિષે કંઇક કલમી (લખાણ રૂપે) પ્રયત્ન કર્યા છે?

જવાબ: નહીં, હરગીઝ નહીં. હું મુહમ્મદ મુસ્તુફા (સ.અ.સ.)ના સેવકોના પગની ધૂળ છું હું કોણ થાઉં છું કે જે આ વિષયનો હક અદા કરી શકું. (પવીત્ર જગતની સાથે ખાકનો શું સંબંધ હોય) "ચી નીસ્બત ખાક રા બા આલમે પાક." આ તો હબીબે ખુદા સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસલ્લમના સુંદર ઝીકરથી બહેશ્તની સુગંધો સુંઘી લેવાને માટે ફક્ત એક બહાનું છે માટે હું જો કે, હાલ ઇશ્કે રસૂલ (સ.અ.સ.)ની રૂહની લીઝઝતની લાગણી અનૂભવી રહ્યો છું અને અત્યંત આનંદિત અને ખુશ

છું પરંતુ આ નાચીઝ અને અતીશય નાચીઝ સેવાથી હું તૃપ્ત કેમ થઈ શકું છું?

(૮) એક વાત મને ખૂબ થોડાં પ્રમાણમાં સાથ આપી રહી છે, જે આ છે કે "નૂરે નબીની મારફત"નો વિષય બીજી મારફતોથી અલગ નથી માટે મને અતીશય આજીઝી સહીત એ વિનંતી કરતાં, વાંચન કરનારાઓને એ વાતથી જાણકાર કરી દેવા જોઈએ કે આ વિષય અમુક હદે મારાં કેટલાંક લખાણોમાં ફેલાયેલો છે, જ્યારે કે ઘણા વિષયો એકબીજામાં મળેલાં અને એકબીજા ઉપર નિર્ભર હોય છે કેમકે મારફત જે રીતે સૌથી ઊચ્ચ અને આખરમાં છે એજ રીતે સૌથી મહાન અને સૌથી વધુ બહોળા અર્થવાળો વિષય પણ છે, કેમ ન હોય, કેમકે મારફતનું નૂર અઝલના મુકામ ઉપર ઊદય પામીને સઘળી વસ્તુઓને પોતાની અતીશય ચમકદાર કીરણોમાં ઘેરી લ્યે છે.

(૯) અલ્લાહ, રસુલ (સ.અ.સ.) અને સાહેબે અમ્રના ન ફકત અલગ અલગ નામો છે બલ્કે અમુક નામ એવા પણ છે કે જે કુરાને હકીમમાં ખુદાતઆલા અને પયગમ્બર અકરમ (સ.અ.સ.)ના પછી ઈમામ (અ.સ.)ના માટે વપરાણા છે. દાખલા તરીકે: નૂર, હાદી, શહીદ વિગેરે. આવા મહાન નામોમાં ઘણી હિકમતો સમાયેલી હોઈ શકે છે અને એક હિકમત એ કે તેનાથી ખુદાએ બુઝુર્ગ અને મહાનના જીવંત નામોની સાબીતી મળી જાય છે. કેમકે પરવરદીગારે આલમના ઉપર જણાવેલ જીવંત નામો, રસુલે બરહક (સ.અ.સ.) અને પાક ઈમામ (અ.સ.) છે. એ વાત સઘળા જાણે છે કે મખ્લુકાત (રચના)ના નામ અકલ અને જાન (રૂહ)ના વગર હોય છે પણ અલ્લાહ તબારક વ તઆલાના મહાન નામો (અસ્માઉલ હુસના-૭/૧૮૦) એ માટે સારાં અને સુંદર કહેવાય છે કે તે જીવંત છે અને તેમાં પવીત્ર રૂહ, અખંડ અકલ અને સંપૂર્ણ નૂર છે.

(૧૦) "કીતાબ અલ ઝીના" પાના-૧૩૦ ઉપર અલ્લાહ તઆલાના મુબારક નામોના વિષે આ હદીસે નબવીનો ઉલ્લેખ છે "લિલ્લાહી તીસઅતૂન વ તીસઉન ઈસ્મન, મન અહસાહા દાખલલ જન્નહ" આનો તરજુમો હદીસના પુસ્તકોમાં આ મુજબ છે: "અલ્લાહ તઆલાના નવ્વાણું (૯૯) નામ છે, જે તેમને યાદ કરશે તે જન્નતમાં જશે" એ વિષે (સમજદાર

લોકો) એહલે દાનીશનો એક ઘણોજ અક્કલવાળો સવાલ છે કે શું કોઈ બિન મુસ્લીમ માણસ આ મુબારક નામોને યાદ કરી લ્યે તો તે જન્નતમાં દાખલ થશે? જો નહીં તો તેનું શું કારણ છે? બસ એજ કારણ છે કે રસુલ (સ.અ.સ.) (ની ઓળખ) વગર એવું કોઈ સદ્‌ભાગ્ય શકયજ નથી. આ ારથી એ સચ્ચાઇ જાહેર થઇ કે (ખુદાના) નામોના ખજાનાની ચાવીઓ હઝરત પયગમ્બર (સ.અ.સ.) અને તેમના પછી તેમના વારસદારોની પાસે સચવાયેલી છે અને "મન અહસાહા"નો સાર એ છે કે જે કોઇ ખુદાના આ સઘળા નામોને ઇરફાની રીતે એટલે કે ઓળખીને તેના જીવંત નામ એટલે કે ઇમામે મુબીન (અ.સ.)ની અંદર સમાવી લેશે-ઘેરી લેશે તે જન્નતમાં જશે. આ હદીસમાં આજ મારફતનું રહસ્ય છુપાયેલું છે. તમોને પાક કુરાનની એ શીખામણની તો જાણ છે કે અલ્લાહ તઆલાએ સઘળી વસ્તુઓને ઇમામે મુબીનમાં સમાવી દીધેલી છે. (૩૬/૧૨) તો પછી ઇલાહી નામો તે ખજાનાથી જુદા કઇ રીતે હોઇ શકે છે (૧૫/૨૧). તમો એ પણ જુઓછો કે જે શબ્દ (અહસૈનાહુ) ઇમામતના સિદ્ધાંતમાં છે (૩૬/૧૨) તેજ (અહસાહા) આ હદીસમાં પણ છે.

(૧૧) પાક અને મહાન ખુદાએ પોતાના વહાલા પયગમ્બર (સ.અ.સ.)ના માટે બે મહાન મોઅજીઝાઓ કર્યા, જે દાયમી (હંમેશના), અકલી અને ઇલ્મી છે. એક છે નૂરે મુનઝઝલ (નાઝીલ થયેલ નૂર) જેને ધરનાર શરૂ શરૂમાં પોતે હુઝુરે અકરમ (સ.અ.સ.)ની ઊચ્ચ ગુણમયી હસ્તીજ હતી અને બીજો મોઅજીઝો કોઇ શંકા વગર કુરાને મજીદ છે (૫/૧૫). હિદાયતના આ બેઉ સાધનો અંતરનું જ્ઞાન ધરાવનારાઓના માટે બે મર્યાદિત મોઅજીઝા નથી પણ હકીકતમાં તે બેઉ (બ્રહ્માંડ) છે કેમકે નૂર અને કુરાન બહેશ્ત છે અને બહેશ્તનો વિસ્તાર બ્રહ્માંડની બરાબર છે (૫૭/૨૧, ૩/૧૩૩). તમોએ કલામુલ્લાહમાં વાંચ્યું હશે (૫૦/૩૧, ૨૬/૯૦) કે રૂહાનીયતમાં અથવા કયામતમાં જન્નત નજીક લાવવામાં આવે છે અને દેહધારી નૂર તથા ખુદાનું પુસ્તક એ મહાન અમલની એક પ્રકાશિત સાબિતી છે.

(૧૨) જ્યારે કુરાને કરીમ એ ફરમાવે છે કે ખુદાનું નૂર ન તો બુઝાય છે અને ન તો બુઝાવી શકાય છે. (૬૧/૮, ૯/૩૨) તો એ સ્થિતિમાં

ચોક્કસપણે કુરાનનો હેતુ એજ છે કે અમે હઝરત આદમ (અ.સ.)ના વખતથી કયામત સુધી એક શખ્સીયત (માણસ)થી બીજા માણસમાં નૂરના બદલી થવાનો સિદ્ધાંતને કબૂલ કરીએ, એ સિવાય જીવંત અને બોલનાર, નાઝીલ થયેલ નૂરની કોઈ કલ્પનાજ નથી અને તે નૂર કે જે હઝરત ખાતેમુન અંબીયા (સ.અ.સ.)માં હતું (૫/૧૫) તે એમના વારસ (મૌલા અલી અ.સ.)માં બદલી થઇ ગયું કે જેથી કુરાનના જ્ઞાનનો દરવાજો બંધ ન થાય અને ઈસ્લામની આવનારી હિદાયતનો વસીલો સદાય પ્રાપ્ત રહે.

(૧૩) હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ના કુરાની નામો (૧૦૦) એક સો છે અને દરેક નામની સમજૂતી કરવા જતાં એક ખૂબ વિશાળ કદનું પુસ્તક બની શકે છે, જો જ્ઞાન અને સાહીત્યના ટોચના વિદ્વાનો અને જ્ઞાનીઓ હઝરત પયગમ્બર (સ.અ.સ.)ના સો (૧૦૦) મુબારક નામોના ખુલાસા ઉપર રહેલ ૧૦૦ અલગ અલગ પુસ્તકો લખવાનો મનસુબો બનાવે અને તેમાં સફળ થઇ જાય તો એ સ્વરૂપે કુરાને પાકની કોઈ આયત અને હદીસે નબવીનું કોઈ ફરમાન એની શ્રેષ્ઠતા અને પ્રસંશાથી અલગ નહીં રહે. એની સાથે સાથે હ: પયગમ્બરની સીરતે તૈયબા (પવીત્ર જીવન) ઉપર જે કંઇ પણ લખવામાં આવેલ છે તે ફરી વાર વપરાશમાં આવશે. ઈતિહાસ એકી વખતે નિચોડાઇ જશે અને સાહીત્યનો એ ભંડાર જાણે કે ખાલી થઇ જશે, જે ઉમદા શબ્દોના જવાહીરોથી ભરાયેલો છે પણ પછી પણ હ: રસુલુલ્લાહ (અ.સ.)ની કમાલીયત સભર અને અનુપમ વ્યક્તિત્વનું નૂરાની પાસુ છુપાયેલુંજ રહેશે.

(૧૪) પુસ્તક "અલ મુન્તખબાત"માં હઝરત સલ્લલ્લાહુ અલૈહી વ આલેહી વસલ્લમના આ નામો પણ ઉલ્લેખાયેલાં છે, "સુહુફે આદમ (અ.સ.)માં "મુકની" એટલે કે સર બૂલંદ (ઉન્નત મસ્તક), સુહુફે શીશમાં "સામસામ" એટલે કે પ્રકાશિત દલીલો વડે ઘણું કાપી નાખનાર, સહુફે ઈબ્રાહીમમાં "ઉખરા યકાદમા" એટલે કે સૌથી છેલ્લા, સૌથી પહેલાં, તૌરાતમાં "મારમાદ" એટલે કે મૌજૂદ અશીયા (અ.સ.) અને અમ્બીયા (અ.સ.)ના સુહુફમાં "કાની" એટલે કે સંતોષ–સમાધાન કરનાર ઝબૂરમાં "બારકલીત" એટલે કે હક અને બાતિલની વચ્ચે તફાવત કરનાર. ઇન્જીલમાં

"તાબતાબ" એટલે કે પાક અને પવીત્ર. પક્ષીઓમાં "અબ્દુલ જબ્બાર" પશુઓમાં "અબ્દુલ ગફુર" જીન્નાતોના નજીક "નબીય્યુર રહેમત" અને શૈતાનોની પાસે "નબીય્યુલ મુલહમા" એટલે કે ખાવા પીવાવાળો પયગમ્બર.

(૧૫) જ્યારે સરવરે અંબીયા (સ.અ.સ.)ને મએરાજ થઈ તો તે સ્થિતિમાં તેવણ નામદારે અઝલ અને અબદના રહસ્યને એક ઠેકાણે જોયા. ત્યાં ખજાનાઓનો ખજાનો અથવા છૂપો ખજાનો મૌજૂદ હતો, તેમાં સઘળી કાયનાત અને તેમાં મૌજૂદ વસ્તુઓના સઘળા ભેદ અને બેઉ જગતના સઘળા જવાહીરો સચવાયેલાં હતા. ખુદાની ખુદાઈનો કોઈ ભેદ તે ખજાનાથી બહાર નહીં હતો. અને ખજાનો કે જે અકલ અને જાનની દૌલતથી આબાદ અને ભરેલો હતો તે હિકમતની ભાષા અને અકલની હરકતથી એક એક કરીને પોતાના રહસ્યોનું વર્ણન કરી રહ્યો હતો. આ અતીશય મહાન બનાવ અથવા મોઅજીઝો એવો નહોતો કે જે વિસરાઈ જાય માટે રૂહાની મએરાજના પછી પણ એક રીતે અઝલના ઈશારા હઝરત પયગમ્બર (સ.અ.સ.)ના નુરાની દીલમાં ચાલુ રહ્યા અને વહી ના બીજાં સાધનો તે ઉપરાંત હતા.

(૧૬) રહેમતે આલમ (સ.અ.સ.)ના એક ફરમાનનો તરજુમો છે કે "મારા અને મારા પરવરદીગારની વચ્ચે પાંચ મધ્યસ્થી છે. કલમ, લોહ, અસરાફીલ, મેકાઇલ અને જીબ્રાઈલ." પણ જ્યારે મએરાજ થઈ તો તેમાં રસુલુલ્લાહ (સ.અ.સ.)એ સીધેસીધો એ મહાન અનુભવ કર્યો કે કલમ કુરાને કરીમને લોહે મહેફૂઝ ઉપર એક્તાના અક્ષરો લખી રહી હતી અને એ ફક્ત સાત અક્ષરો છે, જેમકે હદીસમાં છે કે કુરાન સાત અક્ષરો ઉપર નાઝીલ થયું અને એનો હેતૂ છે કુરાનનું એ મુજબ નાઝીલ થવું જેમકે કલમથી લોહે મહેફૂઝ ઉપર થયું હતું. આ અક્ષરો સાત નૂર હતા જે હઝરત આદમ, હઝરત નૂહ, હઝરત ઈબ્રાહીમ, હઝરત મૂસા, હઝરત ઈસા, હઝરત મુહમ્મદ મુસ્તફા અને હઝરત કાયમ સલ્વાતુલ્લાહ અલૈહીથી સંબંધિત છે.

(૧૭) સઘળા અંબીયાઓ અને ઈમામો અલૈહીસ્સલામનો રસ્તો અને મંઝીલ એકજ છે અને તે છે મએરાજ. સુરહ ફાતેહામાં મુસલમાનોને

એ કેળવણી આપવામાં આવી છે કે તેઓ એજ માનવંતોની પાછળ પાછળ ચાલવાની અને મંઝીલે મકસુદ સુધી પહોચી જવાની દુઆ કરતા રહે. અને તમો જાણો છો કે કુરાને હકીમ અશકય કામના માટે આજ્ઞા નથી કરતું. એનો અર્થ એમ થયો કે કયામતુલ કયામાત સુધી ઉમ્મતના જેટલા લોકો હઝરત રસુલ (સ.અ.સ.)માં ફના થઈ જશે, તેઓ પોતાના વ્યક્તિગત જગતમાં હઝરત પયગમ્બર (સ.અ.સ.)ના મએરાજના મોઅજીઝાનો અનુભવ કરીને નૂરે નબીની મારફત પ્રાપ્ત કરી લેશે કેમકે હુઝુરે અકરમ (સ.અ.સ.)ની મારફત રૂહાનીયતની મંઝીલોમાં છે અને મારફતની કમાલ મએરાજ ઉપર છે. વસ્સલામ.

*નસીરૂદ્દીન નસીર હુંઝાઈ*
*કરાચી*
*૨૪ રબ્બીઉસ્સાની ૧૪૦૮*
*૧૬ ડીસેમ્બર ૧૯૮૭*

તરજુમો : ૧૯-૧૨-૧૯૯૪

☆☆☆☆☆



**`Allāmah**
**Naṣīr al-Dīn Naṣīr Hunzai**

He is the author of over a hundred books related to the esoteric interpretation of the holy Qur'ān. He writes both prose as well as poetry. He is the first person to have a Dīwān of poetry in Burushaski, his mother tongue, and is known as "Bābā-i Burushaskī" (Father of Burushaski) for his service to that language. He also composes poetry in three other languages: Urdu, Persian and Turkish. His contribution to spiritual science has been widely recognised. His works include "Qur'ānic Healing", "Balance of Realities", "Du`ā' - Essence of `Ibādat", "What is Soul?", "Recognition of Imam, Parts I, II & III", as well as being co-author of a German-Burushaski dictionary published by Heidelberg University and "Hunza Proverbs" published by Calgary University.